અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
પ્રિયંકા ચોપરા સિદ્ધિવિનાયક મંદિરે પહોંચી



પેજ-09
હાર્દિક પંડ્યાની ગુજરાત ટાઈટન્સમાં વાપસી શા માટે અટકી?, કેપ્ટનશીપ...

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 27.00 |
| વડોદરા | 30.00 | 27.00 |
| સુરત | 29.00 | 26.00 |


પેજ 5



ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનનું રાજીનામું

13 AUGUST-2026 THURSDAY

કૃત્રિમ બુદ્ધિમત્તાની સ્પર્ધામાં ચીન અમેરિકાથી આગળ નીકળશે



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77966.35 | ▼ | 187.90 |
| નિફ્ટી | 24435.95 | ▼ | 35.75 |
| સોનું | 155376.0 | ▲ | 1611.00 |
| ચાંદી | 238634.0 | ▲ | 2975.0 |


વર્ષ-15 । અંક-270 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# તેલંગાણામાં ટ્રક અને ઓટોની ટક્કર

## 6નાં મોત 6 ઘાયલ

## કર્ણાટકની 11 મહિલાઓ કામ પરથી પરત ફરી રહી હતી

(એજન્સી) નવી દિલ્હી | તા. 12

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં મંગળવારે રાત્રે ઓટો-રિક્ષા અને ટ્રક વચ્ચે થયેલી ટક્કરમાં છ લોકોના મોત થયા છે. છ લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે લગભગ 8 વાગ્યે સતવાર એક્સ રોડ પર બની હતી. ઓટોમાં ડ્રાઈવર ઉપરાંત 11 મહિલાઓ સવાર હતી. તમામ કર્ણાટકના બીદરના રહેવાસી કૃષિ મજૂરો હતા અને કામ પતાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. મૃતકોમાં એક ઓટો ડ્રાઈવર અને 5 મહિલાઓ હતી.





### ઘાયલોની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર ચાલુ

પોલીસે જણાવ્યું કે અકસ્માત બાદ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને જહીરાબાદ અને સંગારેડ્ડીની અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે, અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી દીધી છે અને અકસ્માતનું કારણ શોધી કાઢવામાં આવી રહ્યું છે.

### XUVની ટક્કરથી નિવૃત્ત આર્મી જવાનનું મોત

આ પહેલા 10 ઓગસ્ટે તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં અન્ય એક માર્ગ અકસ્માતમાં 47 વર્ષીય નિવૃત્ત આર્મી જવાન રવિન્દરનું મોત થયું હતું જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સોમવારે સવારે લગભગ 5:30 વાગ્યે હૈદરશાકોટ વિસ્તારમાં રવિન્દર મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા, ત્યારે XUVએ તેમની બાઇક સહિત ત્રણ દ્વિચક્રી વાહનોને ટક્કર મારી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ટક્કર બાદ XUV ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો. પોલીસે મામલાની તપાસ શરૂ કરી દીધી છે અને ફરાર XUV ચાલકની શોધખોળ ચાલી રહી છે.

### બીજો ડ્રગ ટેસ્ટ પણ પોઝિટિવ; ફુકેટ-દિલ્હી ફ્લાઇટ આંચકા સાથે 300 ફૂટ નીચે આવી ગઈ હતી

# એર ઈન્ડિયા ફ્લાઈટ ટર્બ્યુલન્સ તપાસ, દાવો-પાયલટે ગાંજો પીધો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા. 12

થાઈલેન્ડના ફુકેટથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટના ટર્બ્યુલન્સ કેસમાં આરોપી પાયલટનો બીજો ડ્રગ ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પાયલટે ગાંજાનું સેવન કર્યું હતું.

DGCAએ હાલ પ્લેન ઉડાવી રહેલા બંને પાયલટને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ડ્યુટી પરથી હટાવી દીધા છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)એ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. AAIBએ કહ્યું કે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી કોઈ નિષ્કર્ષ કાઢવો જોઈએ નહીં.

આ ઘટના 4 ઓગસ્ટના રોજ બની હતી. ભુવનેશ્વર પાસેથી પસાર થતી વખતે પ્લેનમાં અચાનક ટર્બ્યુલન્સ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને તે લગભગ 300 ફૂટ નીચે આવી ગયું હતું. જેના કારણે મુસાફરો અને ક્રૂ સભ્યોને ઈજાઓ થઈ હતી. પ્લેનમાં 137 મુસાફરો અને 8 ક્રૂ મેમ્બર સવાર હતા.





### ઘટના સાથે જોડાયેલા 2 કારણો, પરંતુ પુષ્ટિ નથી

**પહેલો દાવો-** ટર્બ્યુલન્સ થયું, ફ્લાઇટ 3 મિનિટ સુધી પલટી ખાતી રહી: ફ્લાઇટ ટર્બ્યુલન્સ, એટલે કે તેજ હવાના ઝાટકાઓમાં ફસાઈ ગઈ. અચાનક 300 ફૂટ સુધી નીચે આવી ગઈ. પાયલટે સ્થિતિ સંભાળી અને ફ્લાઇટને દિલ્હી એરપોર્ટ પર 4 ઓગસ્ટની સવારે 11:07 વાગ્યે સુરક્ષિત રીતે ઉતારી લીધી. એક યાત્રીએ દાવો કર્યો કે ઉડાન ભર્યાના લગભગ દોઢ કલાક પછી તેજ ઝાટકા લાગવા માંડ્યા. સવારનો સમય હતો અને મોટાભાગના યાત્રીઓ સૂઈ રહ્યા હતા. અચાનક વિમાન જોરથી હલવા લાગ્યું અને 2-3 મિનિટ સુધી પલટી ખાતું રહ્યું.

**બીજો દાવો-** ઓટો પાયલટ ડિસ્કનેક્ટ થયું, 3 વાર હાઇડ્રોલિક સિસ્ટમ ફેલ: ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોના જણાવ્યા અનુસાર કહ્યું કે, ફ્લાઇટમાં ઘણી તકનીકી ખામીઓ આવી હતી. વિમાનની હાઇડ્રોલિક સિસ્ટમ ત્રણ વાર ફેલ થઈ. ઓટો પાયલટ પણ ડિસ્કનેક્ટ થઈ ગયું હતું. આના તરત જ પછી કો-પાયલટે મેન્યુઅલ રીતે વિમાનનો કંટ્રોલ સંભાળ્યો. વિમાનની ઘણી ઈન્ડિકેટર સ્વીચીઝ થોડા સમય માટે બંધ થઈ ગઈ હતી. આ દરમિયાન વિમાનને હવામાં આંચકા પણ લાગ્યા.

### એર ઈન્ડિયા બોલી- તપાસ ચાલુ, નિવેદન આપી શકાતું નથી

એર ઈન્ડિયાએ સોમવારે કહ્યું કે તે ફુકેટ-દિલ્હી ફ્લાઇટની ઘટના સાથે જોડાયેલા તપાસના તારણો કે ટિપ્પણીઓ પર નિવેદન આપી શકતી નથી. એરલાઈને કહ્યું કે AAIB જોગવાઈઓ હેઠળ તપાસ કરી રહ્યું છે. એરલાઇનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "ઘટનાની તપાસ ચાલુ છે, તેથી એર ઈન્ડિયા તપાસ સાથે જોડાયેલા કોઈપણ મુદ્દા પર નિવેદન આપી શકે નહીં. અમે જરૂરિયાત મુજબ સંબંધિત અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપતા રહીશું."

### દાવા- ફ્લાઇટમાં ઘણી તકનીકી ખામીઓ આવી હતી

ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોના હવાલેથી જણાવ્યું હતું કે પ્લેનનું હાઇડ્રોલિક સિસ્ટમ ત્રણ વખત ફેઈલ થયું હતું. ઓટો પાયલટ પણ ડિસ્કનેક્ટ થઈ ગયું હતું. તેના તરત જ બાદ કો-પાયલટે મેન્યુઅલ રીતે વિમાનનું નિયંત્રણ સંભાળ્યું. વિમાનના ઘણા ઈન્ડિકેટર સ્વીચ થોડા સમય માટે બંધ થઈ ગયા હતા. દુર્ઘટનાના કારણોની તપાસ માટે ફ્રાન્સની એજન્સી BEA અને એરબસની ટીમો મંગળવારે ભારત આવી રહી છે. જે વિમાન A320માં ખરાબી આવી, તે ફ્રાન્સમાં બને છે તેથી BEA પણ તપાસમાં સામેલ થઈ રહી છે.

# મુંબઈ-આગથી 2.5 વર્ષના બાળક સહિત બેના મોત

### 4 ઘાયલ હોસ્પિટલમાં દાખલ; ઘટનાસ્થળે ફાયર બ્રિગેડ પહોંચી; કારણ જાણી શકાયું નથી

(એજન્સી) મુંબઈ | તા. 12

મુંબઈના વિલે પાર્લેમાં આગથી અઢી વર્ષના બાળક સહિત બે લોકોના મોત થયા. મંગળવારે રાત્રે એક રહેણાંક ઈમારતના 11મા માળે આગ લાગી હતી. ફાયર બ્રિગેડે બે મહિલાઓ, એક પુરુષ અને એક બાળક સહિત ચાર લોકોને બચાવીને હોસ્પિટલ મોકલ્યા. ઘટના શાંતા ભવન નામની બિલ્ડિંગમાં રાત્રે લગભગ 10 વાગ્યે બની હતી. નગરપાલિકાના અધિકારીઓ અનુસાર, આગ પર કાબૂ મેળવી લેવાયો છે. નાનાવટી હોસ્પિટલના CMO ડો. મુગ્ધાના જણાવ્યા અનુસાર, છ લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી હતી. તેમાંથી બેને હોસ્પિટલ લાવવામાં આવતા મૃત જાહેર કરવામાં આવ્યા. મૃતકોની ઓળખ અઢી વર્ષના અબીર અને 23 વર્ષની અંકિતા તરીકે થઈ છે. મુંબઈ ફાયર બ્રિગેડે રાત્રે 10:08 વાગ્યે આગને લેવલ-1 એટલે કે સામાન્ય આગ ગણાવી. રાત્રે 10:16 વાગ્યે તેને લેવલ-2 એટલે કે મધ્યમ સ્તરની આગ જાહેર કરવામાં આવી. અધિકારીઓએ જણાવ્યું કે આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આગ બુઝાવવા માટે ફાયર બ્રિગેડ, પોલીસ, વિસ્તારમાં વીજળી સપ્લાય કરતી કંપની, એમ્બ્યુલન્સ સેવા અને બીએમસી વોર્ડનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો.

## બે પરીક્ષાના પેપર 20 અને 35 લાખમાં વેચાયા હતા

ઝારખંડ : ઝારખંડમાં બે પેપર લીક અંગે મોટો ખુલાસો થયો છે. આ મામલે ધરપકડ કરાયેલા આરોપીએ જણાવ્યું કે, FRO અને ACFના પેપર 20 લાખ અને 35 લાખમાં વેચાયા હતા. CID દ્વારા ધરપકડ કરવામાં આવેલા અભય તિવારીએ ખુલાસો કર્યો છે કે, ફોરેસ્ટ રેન્જ ઓફિસર (FRO) અને અસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ ઓફિસર (ACF) માટે તેણે 20 પરીક્ષાર્થીઓ પાસેથી આશરે 5 કરોડ 80 લાખની વસૂલી કરી હતી. FROની એક સીટ માટે 20 થી 25 લાખની બોલી લગાવવામાં આવી હતી, જ્યારે ACF માટે 30 થી 35 લાખની બોલી લાગી હતી.

# ઈન્ડિગો ફ્લાઇટના એન્જિનમાં ખરાબી, ચેન્નઈમાં ઇમરજન્સી લેન્ડિંગ

### 224 મુસાફરો સવાર હતા; પાયલટને એન્જિન ફેલ થવાની આશંકા જણાઈ

(એજન્સી) ચેન્નઈ | તા. 12

ચેન્નઈ એરપોર્ટ પર મંગળવારે મોડી રાત્રે એક ઈન્ડિગો ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, ફ્લાઈટ કોલકાતાથી ચેન્નઈ આવી રહી હતી. ફ્લાઈટ ચેન્નઈમાં લેન્ડ થવાની હતી, ત્યારે જ પાયલટે અનુભવ્યું કે ડાબું એન્જિન ફેઈલ થઈ ગયું છે. તેણે તરત જ એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ને તેની જાણ કરી, ત્યારબાદ ચેન્નઈ એરપોર્ટ પર રાત્રે 11:29 વાગ્યે સંપૂર્ણ ઈમરજન્સી જાહેર કરવામાં આવી. આ પછી ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ થયું. વિમાનમાં 224 લોકો સવાર હતા.

એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈન્ડિગોની ફ્લાઈટ 6E-723 રાત્રે 9:15 વાગ્યે કોલકાતાથી ઉપડવાની હતી, પરંતુ તે લગભગ 25 મિનિટના વિલંબથી રાત્રે 9:39 વાગ્યે ઉપડી.

વિમાન રાત્રે 11:30 વાગ્યે ચેન્નાઈ પહોંચવાનું હતું. રનવે પર ઉતરતા પહેલા જ પાયલટને ખબર પડી કે ડાબા એન્જિનમાં ખામી સર્જાઈ છે. આ પછી પાયલટે ATCને એલર્ટ કર્યા. ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ સક્રિય કર્યા પછી, ફ્લાઈટે રાત્રે 11:37 વાગ્યે રનવે-25 પર સુરક્ષિત લેન્ડિંગ કર્યું. વિમાનમાં સવાર તમામ 224 લોકો સુરક્ષિત રહ્યા અને કોઈને ઈજા થઈ હોવાની માહિતી નથી.

વિમાનના સુરક્ષિત ઉતરાણના લગભગ 10 મિનિટ પછી 11:47 વાગ્યે સંપૂર્ણ ઈમરજન્સી પાછી ખેંચી લેવામાં આવી. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઘટના પછી ચેન્નાઈ એરપોર્ટનું સામાન્ય સંચાલન પ્રભાવિત થયું ન હતું અને તમામ ફ્લાઈટ ઓપરેશન સામાન્ય રીતે ચાલુ રહ્યા. અધિકારીઓએ એન્જિનમાં આવેલી ખામીના કારણોની તપાસ પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

## નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટમાં થોડાક જ વરસાદમાં પાણી ભરાયું, 5 મહિના અગાઉ ઉદઘાટન થયું હતું

નોઈડા : નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારે વરસાદથી ટર્મિનલ-પાર્કિંગ માર્ગ પર પાણી ભરાયું હતું. જોકે, એરપોર્ટ પ્રશાસને 30 મિનિટમાં પાણીનો નિકાલ કરી સ્થિતિ થાળે પાડી. વાહનો વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરાયા, છતાં ફ્લાઈટ ઓપરેશન ચાલુ રહ્યું. આશરે 11,200 કરોડના ખર્ચે બનેલા એરપોર્ટ પર પાણી ભરાતા AAPએ સરકાર પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો. અચાનક થયેલા ભારે વરસાદને કારણે નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ અને પાર્કિંગ વિસ્તારને જોડતા માર્ગ પર પાણી ભરાઈ ગયું હતું. જોકે, પાણી ભરાવાની આ ઘટના સામે આવતા જ એરપોર્ટ પ્રશાસને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી અને માત્ર 30 મિનિટની અંદર જ પાણીનો નિકાલ કરીને પરિસ્થિતિ પર સંપૂર્ણ



કાબૂ મેળવી લીધો હતો.એરપોર્ટ ઓથોરિટીએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે, જળબંબાકારની સ્થિતિ દરમિયાન વાહનોને વૈકલ્પિક રસ્તેથી ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. જેના કારણે વિમાની સેવાઓ કે મુસાફરોની અવરજવર પર કોઈ વિપરીત અસર પડી નથી અને હાલ એરપોર્ટ પર સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે.

## અરૂણાચલમાં 27 સ્થળોના નામ ભારતે તેના નકશામાં દર્શાવ્યા : આથી ચીનને મરચાં લાગ્યાં

નવી દિલ્હી/ બૈજિંગ : ભારતે અરુણાચલ પ્રદેશમાં 27 સ્થળોને સત્તાવાર રીતે પોતાના નકશામાં સામેલ કર્યા છે, જે ચીનના વિદેશ મંત્રાલયે ગેરકાયદેસર ગણાવ્યા છે. નવી દિલ્હીએ ચીનની ધમકીને અવગણી, સર્વે-ઓફ-ઈન્ડિયાના નકશામાં ઘાટો અને ઊંચાઈવાળા વિસ્તારોને ભારતના ભાગ તરીકે દર્શાવ્યા. આ પગલાથી ભારત-ચીનના સંબંધોમાં અવરોધ આવવાની ચીને ભીતિ વ્યક્ત કરી છે. ભારતે અરૂણાચલ પ્રદેશમાં ૨૭ સ્થળોનાં નામ સત્તાવાર રીતે પોતાના નકશામાં સામેલ કરતાં ચીનનાં વિદેશ મંત્રાલયના પ્રવકતાએ તીખી પ્રતિક્રિયા આપી છે અને ભારતના આ કાર્યનો વિરોધ કરતાં ચીનનાં વિદેશ મંત્રાલયના પ્રવકતા ગુઓ જિયાકુને કહ્યું : ચીન ભારત દ્વારા હાથ ધરેલા કહેવાતા અરૂણાચલ પ્રદેશને માન્યતા નથી આપતું. તેથી હકીકત નહીં બદલાય. વાસ્તવમાં જગતને (અરૂણાચલને ચીને આપેલું નામ) ચીનનું જ છે. (ચીન તિબેટને શિજિંગ કહે છે.)ચીની સરકારી મીડીયા ગ્લોબલ ટાઈમ્સ આ પ્રમાણે જણાવતાં લખ્યું કે, આથી સીમા પર હાલત ખરાબ બની શકે છે. ભારતે ચીનની આ આડકતરી ધમકીને જરા પણ ગણકારી નથી.ભારતના સર્વે ઓફ ઈંડીયાના નકશામાં જ ઘાટો અને ઉંચાઈ પર આવેલા તમામને ભારતના ભાગ તરીકે દર્શાવ્યા છે તે સાથે કુલ મળી ૨૭ સ્થળોને ભારતે પોતાના નકશામાં દર્શાવ્યા છે. જે વાસ્તાવમાં ભારતનાં જ છે. ચીનની સીન-હુયા યુનિવર્સિટીની નેશનલ સ્ટ્રેટેજી ઈન્સ્ટીટયુટના રીસર્ચ ડિપાર્ટમેન્ટના ડાયેરકટર કિયાન હેગે કહ્યું હતું કે, આથી ભારત-ચીનના સુધરી રહેલા સંબંધોમાં અવરોધ આવશે.

## 'દેશભરમાં બુલડોઝર એક્શનની તૈયારી...', સુપ્રીમ કોર્ટે કર્યો આદેશ, જાણો કઈ ઇમારતો તૂટશે?

(એજન્સી) નવી દિલ્હી | તા.12

સુપ્રીમ કોર્ટે દેશભરમાં ગેરકાયદે બાંધકામો અને રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ પર કડક વલણ અપનાવ્યું છે. દિલ્હી, પટણા, લખનઉ સહિતના શહેરોમાં બુલડોઝર અને સીલિંગની કાર્યવાહીનો આદેશ અપાયો છે. દિલ્હીમાં સર્વેમાં વિલંબ બદલ MCD-NDMCને ફટકાર લગાવાઈ. પટણામાં 26,746 ગેરકાયદે કેસ મળ્યા, પૂર્વ કમિશનરને શો-કોઝ નોટિસ અપાઈ. લખનઉમાં પણ 3 અઠવાડિયામાં કાર્યવાહી પૂર્ણ કરવા આદેશ કરાયો છે. દેશભરમાં વર્ષોથી મોટા પાયે થઈ રહેલા અનધિકૃત બાંધકામ અને નિયમોનું ઉલ્લંઘન કરીને રહેણાંક (રેસિડેન્શિયલ) વિસ્તારોમાં ચાલી રહેલી વ્યાપારી (કોમર્શિયલ) પ્રવૃત્તિઓ પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી, પટણા, લખનઉ અને અન્ય શહેરોમાં આવા મામલાઓ પર યુદ્ધના ધોરણે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ આ તમામ શહેરોમાં મોટા પાયે બુલડોઝર ચલાવવાની અને સીલિંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. જસ્ટિસ અહસાનોદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે સુનાવણી દરમિયાન ગંભીર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, દિલ્હીની હોટેલ અને લખનઉના કોચિંગ સેન્ટરમાં લાગેલી ભયાનક આગને કારણે મોટા પાયે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. નિયમોના ભંગ અને ગેરકાયદે બાંધકામોના કારણે આવી મોટી દુર્ઘટનાઓ સર્જાય છે. દિલ્હીના જાણીતા લાજપતનગર અને સરોજિની નગર માર્કેટમાં ગેરકાયદે બાંધકામો અને ઈમારતોની મજબૂતી તપાસવા અંગે સુપ્રીમ કોર્ટે અગાઉ સ્પષ્ટ આદેશ આપ્યા હતા. તેમ છતાં, દિલ્હી નગર નિગમ (MCD) અને નવી દિલ્હી નગર પાલિકા પરિષદ (NDMC) દ્વારા હજુ સુધી સરવેનું કામ શરૂ કરવામાં આવ્યું નથી.

**રેસ્ક્યૂ ઓપરેશન** | કાટમાળમાં દટાઈ જતાં 6ના મોત, અનેક લોકો હજુ પણ ફસાયા હોવાની આશંકા

# મુંબઈમાં ચાલી ઉપર પહાડનો હિસ્સો ધસી પડ્યો

(એજન્સી) મુંબઈ | તા.12

મુંબઈના કુર્લા (પશ્ચિમ) વિસ્તારમાં આવેલા ચિરાગ નગરની ગૌસિયા ચાલ પર બુધવારે વહેલી સવારે પહાડનો મોટો હિસ્સો ધરાશાયી થયો. ભારે વરસાદને કારણે થયેલા આ ભૂસ્ખલનમાં 6 લોકોના મોત થયા છે, જ્યારે અનેક કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. NDRF અને ફાયર બ્રિગેડ દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના કુર્લા (પશ્ચિમ) વિસ્તારમાં આવેલા



ચિરાગ નગર સ્થિત ગૌસિયા ચાલ પર બુધવારે વહેલી સવારે પહાડનો એક મોટો હિસ્સો ધરાશાયી થયો હતો. ભારે વરસાદને કારણે થયેલા આ ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં 6 લોકોના મોત નીપજ્યા હોવાના અહેવાલ છે, જ્યારે અનેક લોકો કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા છે. ઘટના બનતાં જ રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુંબઈ મહાનગરપાલિકા (BMC) અનુસાર, આ ઘટનાની જાણ વહેલી સવારે આશરે 3:48 વાગ્યે થઈ હતી.

# ૫૦૦થી વધુ નિર્દોષ બાળકોના જીવન સાથે રમત, રાજકોટના ભાજપના ધારાસભ્યો અને સાંસદો મૌન: દિનેશ જોશી AAP...

અમદાવાદ | રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં એન્ફેલેમિયા જેવા ગંભીર રોગથી પીડાતા અને નિયમિત સારવાર તેમજ દવાઓ પર નિર્ભર એવા ૫૦૦થી વધુ બાળકો સારવાર હેઠળ છે, જેમાંના ઘણા બાળકોની હાલત ગંભીર હોવા છતાં જરૂરી દવાઓ ઉપલબ્ધ ન હોવાની ગંભીર બાબત સામે આવી છે. આ અંગે આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશી દ્વારા રાજકોટ કલેક્ટરશ્રી મારફતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

એક તરફ સરકાર ગરીબ અને મધ્યમ વર્ગને મફત સારવાર આપવાના મોટા મોટા દાવા કરે છે, ત્યારે બીજી તરફ સિવિલ તંત્ર દ્વારા દવાઓ ઉપલબ્ધ હોવાનો દાવો કરાતો હોવા છતાં દર્દીના પરિજનોને બહારથી દવાઓ ખરીદવી પડી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે રાજકોટના ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યો અને સાંસદો માત્ર એકબીજાના વખાણ કરવામાં વ્યસ્ત રહી મૌન સેવી રહ્યા છે, જેનાથી જનતા સવાલ ઉઠાવી રહી છે કે આ જનપ્રતિનિધિઓ કોના માટે ચૂંટાયા છે.

તંત્ર સમક્ષ એવા આકરા સવાલો મૂકવામાં આવ્યા છે કે હોસ્પિટલમાં દવાઓ કેમ ઉપલબ્ધ નથી, ઉપલબ્ધ દવાઓની ગુણવત્તાનું ટેસ્ટિંગ કેમ



થતું નથી અને ખરીદી-સપ્લાયમાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી?

આમ આદમી પાર્ટીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે એન્ફેલેમિયા પીડિત બાળકોની સારવાર એ કોઈ રાજકીય મુદ્દો નથી પરંતુ માનવજીવનનો સંવેદનશીલ પ્રશ્ન છે. પાર્ટી દ્વારા માંગ કરવામાં આવી છે કે સિવિલ હોસ્પિટલમાં દવાઓનો પૂરતો જથ્થો તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે, વર્તમાન દવાઓની ગુણવત્તા, ખરીદી અને સપ્લાયની સ્વતંત્ર તપાસ થાય, બેદરકાર અધિકારીઓની જવાબદારી નક્કી કરી કાર્યવાહી થાય અને હોસ્પિટલમાં ફરિયાદ નિવારણ વ્યવસ્થા ઊભી કરીને જિલ્લા કક્ષાએ ત્વરિત રિપોર્ટ રજૂ કરવામાં આવે. રાજકોટની જનતા માંગ કરે છે કે નિર્દોષ બાળકોના સ્વાસ્થ્ય સાથે કોઈ રમત ચલાવી લેવાશે નહીં અને સરકાર કે આરોગ્ય વિભાગ પોતાની જવાબદારીમાંથી છટકી શકશે નહીં. જો તાત્કાલિક ધોરણે યોગ્ય દવાઓ સુનિશ્ચિત કરવામાં નહીં આવે અને સમયમર્યાદામાં પારદર્શક તપાસ નહીં થાય, તો આમ આદમી પાર્ટી દ્વારા રાજકોટના પીડિત બાળકો અને તેમના પરિવારોના હિતમાં ઉગ્ર આંદોલન કરવાની ગંભીર ચેતવણી આપવામાં આવી છે.

# કુડાસણમાં રસ્તા પર ખાડાથી બાઈક ચાલક પટકાયો

ગાંધીનગર | પાટનગર ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાના દાવાઓ વચ્ચે મહાનગરપાલિકા અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોની મિલીભગતે શહેરના માર્ગોને મોતના કૂવા સમાન બનાવી દીધા છે. કુડાસણ વિસ્તારમાં ગુરૂદ્વારા સર્કલ નજીક મુખ્ય માર્ગ પર બે દિવસ પૂર્વે અચાનક વિશાળ ભૂવો પડી જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. આ જોખમી ભૂવામાંથી પસાર થતી વેળાએ બેદરકાર તંત્રના પાપે નિર્દોષ વાહનચાલકો સીધા ખાબક્યા હોવાના રૂંવાડા ઊભા કરી દેતા CCTV ફૂટેજ સામે આવતા નગરજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે.

ચોમાસું હોવા છતા તંત્રની દેખરેખ હેઠળ કોન્ટ્રાક્ટરોએ પાઈપલાઈનનું નેટવર્ક બિછાવવા આડેધડ આખા રસ્તા ખોદી કાઢ્યા હતા. ખોદકામ બાદ તેનું વૈજ્ઞાનિક ઢબે યોગ્ય પુરાણ કરવાની તસદી પણ લેવામાં આવી નહોતી. એટલું જ નહીં રોડ બનાવતી વખતે તદ્દન હલકી અને નબળી ગુણવત્તાવાળા મટિરિયલનો ઉપયોગ કરી સ્માર્ટ રોડ બનાવી દેવાયા હતા. જો કે ચોમાસાના સામાન્ય વરસાદે જ આ ભ્રષ્ટાચારની પોલ સંપૂર્ણપણે ખોલી નાખી છે, જેના કારણે હાલમાં ગાંધીનગર સ્માર્ટ સિટીના બદલે 'ખાડા-ભૂવા નગરી' તરફ આગળ વધતું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીએ કરોડો રૂપિયાના આંધણ પછી પણ દર વર્ષે માફક રસ્તાઓ ખખડધજ બની જવાના મુદ્દે અત્યંત ગંભીર વલણ અપનાવ્યું હતું. તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને તાકીદ કરીને ટકાઉ RCC રોડ બનાવવા તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા અને સુરક્ષા જાળવવા કડક આદેશ આપ્યા હતા

## ચૈતર વસાવાની સજા વિરુદ્ધ ગુજરાતના તમામ સમાજમાં આક્રોશ: રાજુભાઈ વળવાઈ AAP

# આમ આદમી પાર્ટીએ તાપી કલેક્ટર કચેરીએ આવેદનપત્ર સોંપીને રાષ્ટ્રપતિ સમક્ષ ધારાસભ્ય ચૈતર વસાવાની મુક્તિની માંગ કરી

અમદાવાદ | આજે આમ આદમી પાર્ટી દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં કલેક્ટરના માધ્યમથી રાષ્ટ્રપતિને આવેદનપત્ર સોંપવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ રામ ધડુક, પ્રદેશ ઉપાધ્યક્ષ રાજુભાઈ વળવાઈ, બારડોલી લોકસભા ઇન્ચાર્જ રુસ્તમ ગામીત અને તાપી જિલ્લા પ્રમુખ મહેન્દ્ર ગામીત સહિત સ્થાનિક 'આપ' અગ્રણીઓ, આદિવાસી સમાજના નેતાઓ અને મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ વ્યારા સ્થિત તાપી જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન કલેક્ટર અને અધિક કલેક્ટર હાજર ન હોવાથી મામલતદારને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું અને રાષ્ટ્રપતિ સમક્ષ માંગ કરવામાં આવી હતી કે ધારાસભ્ય ચૈતર વસાવાને તાત્કાલિક ધોરણે મુક્ત કરવામાં આવે.

આ મુદ્દે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રાજુભાઈ વળવાઈએ જણાવ્યું હતું કે, ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતરભાઈ વસાવા પોતાના પ્રજાજનોના પ્રશ્નો સાંભળતા હતા અને તેમના માટે અવાજ ઉઠાવતા હતા, આ દરમિયાન ફોરેસ્ટ કર્મચારી સાથે બોલાચાલી થઈ એ મુદ્દે તેમના પર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો, ખોટા પુરાવા ઉભા કરવામાં આવ્યા અને સેશન્સ કોર્ટ દ્વારા તેમને સજા આપવામાં આવી.

તેના વિરોધમાં આખા ગુજરાતના આદિવાસી સમાજના લોકો, દલિત સમાજના લોકો, વંચિત શોષિત સમાજના લોકો સહિત તમામ સમાજના લોકો આક્રોશિત થયા. લોકો



- **AAP આગેવાન રામ ધડુક, રાજુભાઈ વળવાઈ, રુસ્તમ ગામીત અને મહેન્દ્ર ગામીત સહિત આદિવાસી સમાજના નેતાઓ હાજર રહ્યા**
- **ધારાસભ્ય ચૈતર વસાવા પર ખોટો કેસ દાખલ કરવામાં આવ્યો, ખોટા પુરાવા ઉભા કરવામાં આવ્યા: રાજુભાઈ વળવાઈ AAP**
- **રાષ્ટ્રપતિને વિનંતી કે ભાજપ સરકારે ધારાસભ્ય ચૈતર વસાવા પર ખોટા કેસ કરીને જે સજા અપાવવાનું કામ કર્યું છે, એમાંથી તેમને તાત્કાલિક ધોરણે મુક્ત કરવામાં આવે: રાજુભાઈ વળવાઈ AAP**

સરકારને કહેવા માંગે છે કે લોકોના અવાજને ઉઠાવનાર ધારાસભ્યને તમે ક્યાં સુધી દબાવી શકશો?

વધુમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રાજુભાઈ વળવાઈએ જણાવ્યું હતું કે, વ્યારા જિલ્લામાં એક હસ્તાક્ષર અભિયાન ચલાવ્યું અને તે હસ્તાક્ષરોની સાથે પોસ્ટરો લઈને અમે કલેકટરના માધ્યમથી રાષ્ટ્રપતિને આવેદનપત્ર સોંપવા માટે આવ્યા હતા. અમે કલેકટરને આવેદનપત્ર સોંપવા માંગતા હતા પરંતુ કલેક્ટર પોતાની ઓફિસમાં હાજર નથી અને અધિક કલેકટર પણ હાજર નથી. હાલ વરસાદનો સમય ચાલી રહ્યો છે અને આવા સમયમાં પણ જિલ્લાના અધિકારીઓ પોતાની ઓફિસમાં હાજર નથી રહેતા તો એના કારણે પ્રજાની શું હાલત થશે એ પણ આપ સમજી શકો છો. તો આજે અમે મામલતદારને આવેદનપત્ર આપ્યું છે અને એમના દ્વારા અમે રાષ્ટ્રપતિને વિનંતી કરીએ છીએ કે ભાજપ સરકારે ધારાસભ્ય ચૈતર વસાવા પર ખોટા કેસ કરીને જે સજા અપાવવાનું કામ કર્યું છે, એમાંથી તેમને તાત્કાલિક ધોરણે મુક્ત કરવામાં આવે.

## મુખ્યમંત્રીને મળવા CM હાઉસ જતા AAP નેતાઓ અને કાર્યકર્તાઓની અટકાયત



અમદાવાદ | આમ આદમી પાર્ટી મહિલા મોરચાના અધ્યક્ષ પાયલ સાકરીયા અને પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવેએ ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે મહિલા સુરક્ષા મુદ્દે પત્રકાર પરિષદ યોજી હતી. આ તકે 'આપ' નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, અમે અગાઉ પણ આંદોલનો અને રજૂઆતો દ્વારા ગુજરાતની વાસ્તવિકતા સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ત્રીસ વર્ષથી ભાજપનું શાસન અને છેલ્લા દસ વર્ષથી 'ટ્રિપલ એન્જિન' સરકાર હોવા છતાં રાજ્યમાં મહિલા સુરક્ષાની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. મંત્રીઓ મોટી સભાઓમાં ગુજરાતમાં મહિલાઓ સંપૂર્ણ સુરક્ષિત હોવાના દાવા કરે છે, પરંતુ રિયાલિટી સાવ અલગ છે. સત્તાવાર આંકડા મુજબ ૨૦૧૫ થી ૨૦૨૪ સુધીમાં ૬,૧૦૦થી વધુ મહિલાઓ સાથે દુષ્કર્મ, ૫૦,૦૦૦થી વધુ મહિલાઓના અપહરણ અને ૩ લાખથી વધુ ઘરેલું હિંસાના કેસ નોંધાયા છે. ખુદ મુખ્યમંત્રી અને ભાજપના નેતાઓ જે ક્ષેત્રમાંથી આવે છે તે ઉત્તર ગુજરાતમાં ૧૮ વર્ષથી નાની વયની દીકરીઓ ગર્ભવતી થવાના આંકડા આંચકાજનક છે. 'સૌ સલામત' અને 'બેટી બચાવો, બેટી પઢાવો'ના નારાઓ વચ્ચે પાટનગર ગાંધીનગર અને અમદાવાદમાં દીકરીઓ પર બળાત્કારની ઘટનાઓ બની છે, જેમાં એક નિર્દોષે જીવ પણ ગુમાવ્યો છે. મહિલા સુરક્ષા માટે છેલ્લા પાંચ વર્ષમાં સરકારે ફાળવેલું ૨૫,૯૬૮ કરોડનું બજેટ ક્યાં વપરાય છે અને મહિલાઓ અસુરક્ષિત કેમ છે તે મોટો પ્રશ્ન છે.પાયલ સાકરીયાએ જણાવ્યું કે, ઘટનાઓ બને ત્યારે ગૃહમંત્રી માત્ર 'કોઈને છોડવામાં નહીં આવે, કાયદો કાયદાનું કામ કરશે' તેવા નિવેદનો અને વિડીયો આપે છે, પરંતુ હવસખોરો કે માફિયાઓને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. સરકાર પાસે રહેલી ઈડી, સીબીઆઈ અને સમગ્ર તંત્રનો ઉપયોગ માત્ર વિપક્ષી નેતાઓ અને હકની વાત કરતા સામાન્ય લોકોનો અવાજ દબાવવા માટે થાય છે. ગૃહમંત્રી હર્ષ સંઘવી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, 'તમે ગૃહમંત્રી છો, રીલ મંત્રી નથી. આ કોઈ મુવીનું શૂટિંગ નથી ચાલતું કે તમે રીલો બનાવી લાઈક્સ, શેર અને પબ્લિસિટી મેળવો.' રાજ્યમાં ચોરી, લૂંટફાટ, હત્યા, દારૂ અને ડ્રગ્સનું વેચાણ સામાન્ય બની ગયું છે અને હવે દુષ્કર્મ જેવા ગંભીર ગુના પણ નોર્મલ ગણાવા લાગ્યા છે. ખુદ ગૃહમંત્રીનું હોમટાઉન સુરત આજે સમગ્ર દેશમાં 'ક્રાઈમ કેપિટલ' તરીકે બીજા ક્રમે આવી ગયું છે. ભાજપના જ સંગઠન કે મોરચાના કાર્યકર્તાઓ જ્યારે આવી ઘટનાઓમાં સંકળાયેલા હોય છે ત્યારે વોટબેંકના કારણે તેમની સામે કોઈ પગલાં લેવાતા નથી અને તંત્ર આંખ આડા કાન કરે છે.પાયલ સાકરીયાએ ભારપૂર્વક કહ્યું કે, જ્યારે સત્તાધારી નેતાઓ મૌન સેવે ત્યારે જનતાએ પોતે જાગૃત થઈને જવાબ માંગવો પડશે. આટલી મોટી ભાજપ સરકાર પાસે 'રાજ્ય મહિલા આયોગ' ના અધ્યક્ષ બનાવવા માટે એક પણ સક્ષમ મહિલા નથી અને વર્ષોથી મહિલા આયોગના પ્રમુખનું પદ ખાલી પડ્યું છે. સતત બનતી ઘટનાઓ અંગે જ્યારે 'આપ' મહિલા મોરચો સુરત ખાતે ગૃહમંત્રીના કાર્યાલયે તેમનો 'એક્શન પ્લાન' પૂછવા ગયો, ત્યારે પોલીસે અમારી અટકાયત કરી હતી.

# News Brief

## ઉજ્જવલા યોજના મુદ્દે ડૉ.કાયનાત અન્સારી આથાનો સરકાર પર પ્રહાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડૉ. કાયનાત અન્સારી આથાએ એક વીડિયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આપણા ટેક્સના પૈસાથી મોટા મોટા પોસ્ટરો લગાવીને આપણને બતાવવામાં આવે છે કે ઉજ્વલા યોજના ચાલી રહી છે અને એમાં લોકોને સિલિન્ડર આપવામાં આવી રહ્યા છે. કારણ કે "આપણા પ્રધાનમંત્રી પોતાની બહેનોની આંખોમાં આંસુ નથી જોઈ શકતા, જે આંસુ ચૂલા ફૂંકતા આવી રહ્યા છે" પરંતુ હકીકત એ છે કે ધીરે ધીરે સબસીડી ચાલી ગઈ અને સિલિન્ડરની સંખ્યા પણ ઓછી થઈ ગઈ.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કાયનાત અન્સારી આથાએ જણાવ્યું હતું કે, આંકડાઓ પ્રમાણે 14 લાખ ઘરોએ છેલ્લા પાંચ વર્ષમાં પોતાના ઘરે સિલિન્ડર જ નથી રિફિલ કરાવ્યા કારણ કે એમના પર મોંઘવારીનો માર ખૂબ જ પડી રહ્યો છે, અઢી લાખ ઘરોમાં ખાલી સિલિન્ડર પડ્યા છે. મોંઘવારી એ હદે વધી છે કે હવે બહેનો ફરીથી ચૂલો ફૂંકવા માટે મજબૂર છે. હવે સરકારને સવાલ કોણ પૂછશે કે તમારા વાયદાનું શું થયું? હું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કહેવા માંગુ છું કે અમે તમામ બહેનો તમને પોસ્ટકાર્ડ લખીશું તો મહેરબાની કરીને તમે આ વિષય પર થોડું ધ્યાન આપજો.

## નર્મદાના ખોપી ગામે જંગલ જમીન પર ખેતીના હક માટે ૩૦૦થી વધુ ધરણાં કરી રહેલા આદિવાસી ખેડૂતોના સમર્થનમાં AAP

અમદાવાદ | નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામે જંગલ જમીન પર ખેતીના હકને લઈને ૩૦૦થી વધુ આદિવાસી ખેડૂતો દ્વારા ચલાવવામાં આવી રહેલા ધરણાં વધુ તેજ બન્યા છે. આ ખેડૂતોના સમર્થનમાં આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની શકુંતલાબેન વસાવા તથા વર્ષાબેન વસાવા, નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ અંજનાબેન અનિરુદ્ધભાઈ, ડેડિયાપાડા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રેમિલાબેન વસાવા, ચિકદા તાલુકા પંચાયતના રમેશભાઈ, મોરજડી જિલ્લા પંચાયત સદસ્ય સ્નેહલતાબેન, નર્મદા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પકજભાઈ, નર્મદા જિલ્લા પંચાયત આરોગ્ય સિમિત ના ચેરમેન દયારામભાઈ. ખોપી જિલ્લા



પંચાયતના સદસ્ય ગિરધન વસાવા તેમજ અનિરુદ્ધભાઈ, જશવંતભાઈ, કનુભાઈ, સતિષભાઈ, માજી સૈનિક વિજયભાઈ તડવી, મગબૂલભાઈ દાયમા, રઘુભાઈ, કંચનભાઈ, ગોપાળભાઈ સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આ તકે ધરણા પર બેઠેલા નર્મદા જિલ્લા આપ પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં આંદોલન કરી રહેલા લોકો મુખ્યત્વે ઉકાઈ ડેમના વિસ્થાપિતો છે, જેમના રોટી-બેટીના વ્યવહારો ઉમરપાડા તાલુકાના ગામો સાથે જોડાયેલા છે. આ ખેડૂતો વર્ષ ૨૦૦૨થી જમીનો ખેડીને પોતાનું ગુજરાન ચલાવતા આવ્યા છે. સાગબારા અને ઉમરપાડા તાલુકાના ઘણા દાવાઓનો નિકાલ થયો છે, પરંતુ હજુ પણ અનેક દાવાઓ પેન્ડિંગ છે. તેમણે પ્રશાસન સમક્ષ માંગ કરી છે કે આ તમામ પેન્ડિંગ દાવાઓનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે. જે આદિવાસી ખેડૂતો વર્ષોથી ખેતી કરી રહ્યા હતા, તેમને છેલ્લા એક-દોઢ વર્ષથી ખેતી કરવા દેવામાં આવતી નથી. એટલું જ નહીં, વનવિભાગ દ્વારા સ્થાનિક આજુબાજુના ગામના લોકોને રોજમદાર તરીકે બોલાવીને તે જમીન પર બળજબરીથી વૃક્ષારોપણ કરાવવામાં આવી રહ્યું છે, અને જ્યારે આદિવાસી ખેડૂતો પોતાની જમીન ખેડવા જાય છે ત્યારે ફોરેસ્ટ અને પોલીસ તંત્ર દ્વારા તેમની સાથે ઘર્ષણ કરવામાં આવે છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-લાલકુઆં વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ |પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી અને લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન સંખ્યા 05343/05344 સાબરમતી-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ (કુલ 26 ટ્રીપ), ટ્રેન સંખ્યા 05343 સાબરમતી-લાલકુઆં સ્પેશિયલ 03 સપ્ટેમ્બરથી 26 નવેમ્બર 2026 સુધી દર ગુરુવારે સાબરમતીથી 16:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 14:20 કલાકે લાલકુઆં પહોંચશે. તે જ રીતે, ટ્રેન સંખ્યા 05344 લાલકુઆં-સાબરમતી સ્પેશિયલ 02 સપ્ટેમ્બરથી 25 નવેમ્બર 2026 સુધી દર બુધવારે લાલકુઆંથી 13:35 કલાકે ઉપડશે અને બીજા દિવસે 11:05 કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, જાવાઈ બંધ, ફાલના, મારવાડ જંક્શન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર-જયપુર, દૌસા, બાંદીકુઈ, ભરતપુર, મથુરા, મથુરા કેન્ટ, હાથરસ, કાસગંજ, બદાયૂં, બરેલી, બરેલી સિટી, ઈજ્જતનગર, ભોજીપુરા, બહેડી અને કિચ્છા સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર તથા જનરલ કેટેગરીના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન સંખ્યા 05343 સાબરમતી-લાલકુઆં સ્પેશિયલનું બુકિંગ 13 ઓગસ્ટ 2026થી તમામ પીઆર એસ કાઉન્ટરો તેમજ આઈ આર સી ટી સી ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સ્ટોપેજ, સમયપત્રક અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે.

# કતલખાનાઓને છૂટો દોર આપતી ભાજપ સરકારનો ધાર્મિક દંભ છતો થયો : સંજય બાપટ AAP

અમદાવાદ | પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ચૂકી છે અને સમગ્ર રાજ્ય શિવભક્તિ તથા સાત્વિકતામાં લીન છે, ત્યારે જ ગુજરાતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓને કારણે માંસના વેપાર અને કતલખાનાઓને મળી રહેલા પ્રોત્સાહન સામે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા સંજય બાપટ દ્વારા ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. તેમણે કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સત્તાવાર આંકડાઓને ટાંકીને જણાવ્યું હતું કે, જે ગુજરાતને 'શાકાહારી અને અહિંસક રાજ્ય' તરીકે ઓળખવામાં આવે છે, તે જ ગુજરાતમાં કેન્દ્ર સરકારે ૧૦,૭૩૫ રજિસ્ટર્ડ કતલખાનાઓને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત રાજ્યમાં ૨,૧૭૬ જેટલા ગેરકાયદેસર કતલખાનાઓ પણ ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે, જેના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં માંસનું ઉત્પાદન વધીને ૩૪,૦૦૦ મેટ્રિક ટનથી પણ વધુ થઈ ગયું છે.



વધુમાં અત્યંત શરમ અને ખેદ વ્યક્ત કરતાં 'આપ' નેતા સંજય બાપટે જણાવ્યું કે, જે ધર્મ અને સમાજ 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવો અને જીવવા દો' ના સિદ્ધાંતને સર્વોપરી માને છે, તે જ સમાજમાંથી આવતા બે-બે ગૃહમંત્રીઓ એક કેન્દ્રમાં અને બીજા ગુજરાતમાં હર્ષ સંઘવી સત્તા પર બેઠા છે. આમ છતાં, રાજ્યમાં હજારો મૂંગા પશુઓને કતલખાને ધકેલવામાં આવી રહ્યા છે. આનાથી વધુ દુઃખદ અને શરમજનક બાબત બીજી કોઈ હોઈ ન શકે. ગૌરક્ષા અને હિન્દુત્વના નામે માત્ર મતો મેળવનારી ભાજપ સરકારમાં પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરતા વાહનો પર 'કમળ' (ભાજપ) ના સ્ટીકરો લગાવીને અને મોટા હપ્તાઓ આપીને પશુઓને કતલખાને પહોંચાડવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં ભાજપ કાર્યાલયની બહાર પણ ગેરકાયદે નોન-વેજ વેચાણ ધમધમી રહ્યું છે. સંજય બાપટે જણાવ્યું હતું કે, ભાજપ સરકારના ચાવવાના અને બતાવવાના દાંત અલગ છે. એક તરફ શ્રાવણ માસમાં જનતા સાત્વિકતા પાળે છે અને બીજી તરફ સરકારના આશીર્વાદથી કસાઈઓને ખુલ્લો દોર આપવામાં આવી રહ્યો છે.


## અમદાવાદના આનંદનગરમાં દુષ્કર્મ ગુજારનાર આરોપી ગાર્ડ અને સિક્યોરિટી કંપની લાયસન્સ વિહોણા!

અમદાવાદ | અમદાવાદના જોધપુર વિસ્તારમાં કચ્છની યુવતી ઉપર દુષ્કર્મ ગુજરાતના સિક્યુરિટી ગાર્ડ ધર્મસિંહની પોલીસમાં નોંધણી કરાવાઈ નહોતી. હવે, આ સિક્યુરિટીને નોકરી આપનાર એ-વન સિક્યુરિટી એજન્સીનું લાયસન્સ પણ પૂર્ણ થયા પછી રિન્યૂ નહીં કરાવાયું હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ અંગે આનંદનગર પોલીસે ગુનો નોંધી માલિક રામપ્રકાશ તિવારીની ધરપકડ કરી છે. સોસાયટીઓ, એપાર્ટમેન્ટોમાં નાગરિકોની સુરક્ષાની જવાબદારી ખાનગી સિક્યુરિટી એજન્સીઓ સંભાળે છે તેની પોલીસમાં નોંધણી વ્યવસ્થા અધ્ધરતાલ હોવાનું જણાઈ રહ્યું છે. રાજ્યભરમાં અભ્યાસ કે વ્યવસાય અર્થે જુદા જુદા શહેરોમાં રહેતી યુવતીઓની સુરક્ષા અંગે સવાલો સર્જનાર અમદાવાદના દુષ્કર્મ કેસમાં આરોપી સિક્યુરિટી ગાર્ડ ધર્મસિંહ રાઠોડને કલાકોમાં જ શોધી કઢાયો હતો. આ પછી પણ આરોપીએ ભાગી છૂટવા પોલીસ ઉપર હુમલો કરતાં થયેલા ગોળીબારમાં એક પોલીસમેન ઉપરાંત આરોપી ધર્મસિંહને પગમાં ગોળી વાગી હતી. પોલીસકર્મી અને આરોપી ધર્મસિંહ સારવાર હેઠળ છે.

# સેટેલાઈટમાં BRTS સ્ટેશન પર મહિલાઓની હાજરીમાં ટિકિટિંગ સ્ટાફે ગાળો બોલી : હાલમાં નોકરીમાંથી દૂર કર્યો

અમદાવાદ | અમદાવાદમાં મહિલાઓ સાથે જાહેરમાં ગેરવર્તન અને ગાળો બોલવામાં આવતી હોવાના કિસ્સાઓ બની રહ્યા છે. શહેરના 132 ફૂટ રીંગ રોડ પર હિંમતલાલ પાર્ક BRTS બસ સ્ટેન્ડમાં ટિકિટિંગ સ્ટાફમાં ફરજ બજાવનાર કર્મચારીએ મહિલાઓની સામે ગાળો બોલી અને લોકો સાથે ગેરવર્તન કરતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મહિલાઓ હોવા છતાં પણ ટિકિટ સ્ટાફે ગાળો બોલી અને દાદાગીરી કરવામાં આવતી હોવાનું વીડિયોમાં જણાવવામાં આવ્યું છે.

BRTS વિભાગનો હવાલો સંભાળતા અધિકારી રાહુલ શર્માએ ભાસ્કર સાથે વાત કરતાં કહ્યું, પશ્ચિમ વિસ્તારમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડમાં AGS નામની કંપનીને ટિકિટિંગ અંગેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોના આધારે જે વ્યક્તિ પર આક્ષેપ કરવામાં આવ્યો છે, તેને હાલમાં નોકરીમાંથી દૂર કરી દેવામાં આવ્યો છે. કંપની સામે જે પણ નિયમ મુજબ કાર્યવાહી થશે તે કરવામાં આવશે.




132 ફૂટ રીંગ રોડ પર સેટેલાઈટના હિંમતલાલ પાર્ક BRTS બસ સ્ટેન્ડ પર એક જાગૃત નાગરિક દ્વારા ઉતારવામાં આવેલા વીડિયોમાં ટિકિટ સ્ટાફના કર્મચારી દ્વારા મહિલાઓની હાજરીમાં ગાળો બોલવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. સિક્યુરિટીના કર્મચારી હાજર હોવા છતાં પણ ટિકિટ આપનાર કર્મચારી દ્વારા મહિલાની હાજરીમાં ગાળો બોલવામાં આવી હતી. જેને લઈને સિક્યુરિટી ગાર્ડે પણ સ્વીકાર્યું હતું કે આ કર્મચારીએ ગાળ બોલી છે. 'ઘણી વખત તો એટલું ગેરવર્તન હોય છે કે મારવા ઉપર ઉતરી આવે' દરરોજ બીઆરટીએસ બસમાં અવર-જવર કરનારા યુવાઓએ જણાવ્યું હતું કે, બે અઠવાડિયા પહેલા પણ ફરિયાદ કરવામાં આવી હતી. છુટ્ટા પૈસા હોય તોય પણ આપવામાં આવતા નથી અને બહાર બોર્ડ મારવામાં આવ્યું છે. ઘણી વખત તો એટલું ગેરવર્તન હોય છે કે મારવા ઉપર ઉતરી આવે છે. જો મોબાઈલથી વીડિયો ઉતારવા વાગ્યે તો મોબાઈલ પણ ખેંચી લે છે. લોકોની સાથે ગેરવર્તન અને ગાળો બોલવામાં આવે છે.

## ગાંધીનગરમાં પરિણીત સગીરાનો આપઘાત : 'મારો પતિ માણસ નહીં જાનવર છે'

ગાંધીનગર | ગાંધીનગરના વાવોલ ગોકુળપુરા ખાતે રહેતી અને ધોરણ-12માં અભ્યાસ કરતી 17 વર્ષીય પરિણીતા કવિતા ગુર્જરે ગત 23 માર્ચ 2026ના રોજ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાના મહિનાઓ બાદ ઘરની સાફ-સફાઈ દરમિયાન તિજોરી નીચેથી સગીરાએ લખેલી સુસાઈડ નોટ હાથ લાગતાં, સેક્ટર-7 પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે તેના પતિ સોનુ ઉર્ફે નાનાલાલ ગુર્જર સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના અને હાલ વાવોલમાં ભંગારનો વ્યવસાય કરતા કનૈયાલાલ ગુર્જરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી કવિતાના લગ્ન માર્ચ 2023માં રાજસ્થાનના તિલોલી ગામના સોનુ ઉર્ફે નાનાલાલ ગુર્જર સાથે થયા હતા. 23 માર્ચે કવિતા ઘરે એકલી હતી ત્યારે તેણે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. હોસ્પિટલ લઈ જતાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી, ત્યારબાદ પરિવારજનો અંતિમવિધિ માટે વતન ગયા હતા.

અંતિમક્રિયા પૂર્ણ કરી મે મહિનામાં પરત ફરેલા પરિવારે જ્યારે ઘરની સાફ-સફાઈ હાથ ધરી ત્યારે તિજોરી નીચેથી કવિતાની હસ્તાક્ષરવાળી ચિઠ્ઠી મળી આવી હતી. હિન્દીમાં લખાયેલી આ સુસાઈડ નોટમાં કવિતાએ લખ્યું હતું કે, મેરે પતિ સે મે પરસાન હો ગઈ, મે અબ મર રહી હું, વો મુજે રોજ ટોકતા હૈ, પરિવાર વાલે સે ભી બાત નહીં કરને દેતા હૈ, વો આદમી નહીં જાનવર હૈ, મેરે ઘર વાલોને મુજે કુછ ભી નહીં બોલા, મે મેરે પતિ સે બહુત પરેશાન હું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વડોદરા મંડલના મંડલ વાણિજ્ય પ્રબંધક સહિત 05 કર્મચારીઓને (PCCM) એવોર્ડથી સન્માનિત



(એજન્સી) વડોદરા । તા. 12

પશ્ચિમ રેલવેના મુખ્ય વાણિજ્ય પ્રબંધક (PCCM) શ્રી તરુણ જૈન દ્વારા 08 ઓગસ્ટ 2026ના રોજ અમદાવાદ ખાતે આયોજિત વિશેષ સંવાદ સમારોહ દરમિયાન વડોદરા મંડલના મંડલ વાણિજ્ય પ્રબંધક સહિત પાંચ કર્મચારીઓને નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન વાણિજ્ય વિભાગમાં ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ PCCM એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી તરુણ જૈને સમારોહમાં ઉપસ્થિત અધિકારીઓ તથા કર્મચારીઓને સંબોધિત કરતાં સૌને સતત ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે જણાવ્યું કે પશ્ચિમ રેલવે વાણિજ્યિક ક્ષેત્રમાં દેશના અગ્રણી રેલવે સંગઠનોમાંનું એક છે અને આ સિદ્ધિ અધિકારીઓ તથા કર્મચારીઓના સામૂહિક પ્રયાસો અને સતત ઉત્કૃષ્ટ કામગીરીથી જ શક્ય બની છે. સંવાદ સમારોહમાં મુસાફર સુવિધાઓ અને કાર્યપ્રણાલી અંગે ચર્ચા : સમારોહ દરમિયાન અધિકારીઓ તથા કર્મચારીઓએ પોતાના કાર્યના અનુભવો રજૂ કર્યા તેમજ વાણિજ્ય વિભાગની કાર્યપ્રણાલીને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવા, મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં ગુણાત્મક સુધારો લાવવા માટેના વિવિધ ઉપાયો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી.વાણિજ્ય વિભાગના વિવિધ પદો પર કાર્યરત કર્મચારીઓએ તેમની દૈનિક કામગીરી દરમિયાન આવતી મુશ્કેલીઓ તથા મુસાફરોને લગતી સમસ્યાઓ પણ મુખ્ય મુખ્ય વાણિજ્ય પ્રબંધક શ્રી તરુણ જૈન સમક્ષ રજૂ કરી. આ મુદ્દાઓ અંગે ચર્ચા કરતાં કાર્યપ્રણાલીમાં જરૂરી સુધારા કરવા તેમજ મુસાફરોને વધુ સારી સેવા અને સુવિધા પૂરી પાડવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી આપવામાં આવી. ઉત્કૃષ્ટ કામગીરી માટે 'મેરિટ સર્ટિફિકેટ'થી સન્માન : સન્માનિત અધિકારીઓમાં શ્રી ગૌરવ જૈન, મંડલ વાણિજ્ય પ્રબંધક - વડોદરા તથા કર્મચારીઓમાં શ્રી નવીન કુમાર સિન્હા, શ્રી હુસૈની જે. લોટિયા, શ્રીમતી આભા ત્રિપાઠી, શ્રી અરિત્રા પાત્રા તથા શ્રી તેજકરણ ગેહલોતને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ મેરિટ સર્ટિફિકેટ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા.વડોદરા મંડલના વાણિજ્ય વિભાગના આ કર્મચારીઓની આ સિદ્ધિ મંડલની કાર્યક્ષમતા તથા ઉત્કૃષ્ટ વાણિજ્યિક સેવાઓને દર્શાવે છે.આ પ્રસંગે વડોદરા મંડલના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે PCCM એવોર્ડથી સન્માનિત તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા તથા તેમની ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી. તેમણે વાણિજ્ય વિભાગના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને આ જ સમર્પણ, કાર્યક્ષમતા અને ઉત્કૃષ્ટતા સાથે કામગીરી કરતાં રહીને મુસાફરોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે પ્રેરિત કર્યા.

# બરોડા મેડિકલ કોલેજે મેળવ્યું ભારતના ટોપ ૨૦માં સ્થાન: ગુજરાતમાં પ્રથમ ક્રમે

(એજન્સી) વડોદરા । તા. 12

સરકારી મેડિકલ કૉલેજ, વડોદરાએ IIRF ૨૦૨૬ મેડિકલ રેન્કિંગમાં સમગ્ર ભારતમાં મેડિકલ કૉલેજોમાં ૧૭મો ક્રમ અને ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવીને એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ સંસ્થાએ ૧,૦૦૦માંથી ૯૩૧.૨૭નો પ્રભાવશાળી વેટેજ સ્કોર નોંધાવ્યો છે. જે તેને દેશની અગ્રણી તબીબી સંસ્થાઓમાં સ્થાન આપે છે. IIRF મૂલ્યાંકન મુખ્ય પરિમાણોને ધ્યાનમાં લે છે, જેમાં ટીચિંગ-લર્નિંગ રિસોર્સિસ એન્ડ પેડાગોજી (157.77), રિસર્ચ આઉટકમ્સ (158.25), ઈનોવેટિવ મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (150.33), સોશિયલ ઈન્ક્લુઝન (155.33), ફ્યુચર ઓરિએન્ટેશન (155.07) અને એક્સટર્નલ પર્સેપ્શન (150.33) નો સમાવેશ થાય છે. જીએમસી વડોદરાએ આ તમામ પરિમાણોમાં મજબૂત સ્કોર મેળવ્યો છે, જે તેના સર્વાંગી સંસ્થાકીય વિકાસને દર્શાવે છે. આ સિદ્ધિ સંસ્થાના શૈક્ષણિક શ્રેષ્ઠતા, સંશોધન, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નવીનતા અને વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ પરના સતત ધ્યાનનું પરિણામ છે. કૉલેજે પૂર્વ ડીન અને હાલના સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.રંજન અય્યરના વિઝન તેમજ વર્તમાન ડીન ડૉ.પ્રિતિ પરમાર, એડિશનલ ડીન ડૉ.જીવરાજ ડામોર અને ફેકલ્ટી ડીન ડૉ.હેમંત માથુરના નેતૃત્વને આ સફળતાનો શ્રેય આપ્યો હતો.કોલેજની વિદ્યાર્થી-કેન્દ્રિત પહેલો, જેમાં સેન્ટ્રલાઈઝ્ડ એર-કંડિશન્ડ લાઈબ્રેરી, ડિજિટલ ઈન્ટરેક્ટિવ બોર્ડથી સજ્જ એર-કંડિશન્ડ લેક્ચર થિયેટર અને ડિજિટાઈઝ્ડ સ્ટુડન્ટ-સેક્શન પેમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે, તેણે તેના શૈક્ષણિક પરિસંગઠનને વધુ મજબૂત બનાવ્યું છે. મેડિકલ એજ્યુકેશન યુનિટની ટીમ, જેમાં કોઓર્ડિનેટર્સ અને સભ્યો ડૉ. સેજલ ઠક્કર, ડૉ. રમણ ડામોર, ડૉ. ભાવેશ બારિયા, ડૉ. ભાવિન બારાઈ અને ડૉ. ચિરાગ મિસ્ત્રીનો સમાવેશ થાય છે, તેમણે પણ IQAC અને MEU પ્રવૃત્તિઓ, શૈક્ષણિક જાગરૂકતા કાર્યક્રમો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના જોડાણને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# સુરત સાયબર ક્રાઈમની મોટી કાર્યવાહી, 125 કરોડનું દેશવ્યાપી ફ્રોડ પક ડ્યું




સુરત | સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે દેશભરમાં હાહાકાર મચાવતી સાયબર ફ્રોડ આચરતી એક અત્યંત કુખ્યાત અને શાતીર ગેંગનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસ ટીમ દ્વારા ઝારખંડના જામતારા અને દેવઘરથી લઈને બિહારના પટના સુધી બે હજાર ચારસો છપ્પન કિલોમીટરનો લાંબો પ્રવાસ ખેડીને પટનાની એક હોટલમાંથી આ સમગ્ર કૌભાંડના માસ્ટરમાઈન્ડ ચાંદ સહિત કુલ ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ડેવલપર પાસેથી માત્ર આઠ હજાર રૂપિયામાં ખરીદેલી એક ખતરનાક એપીકે ફાઈલ જામતારાની ઠગ ગેંગોને દસ હજારથી લઈને સિત્તેર હજાર રૂપિયા સુધીમાં વેચવામાં આવતી હતી. મુખ્ય આરોપી ચાંદ દ્વારા અત્યાર સુધીમાં આવી એક હજાર બે સો અડતાલીસથી વધુ એપીકે ફાઈલો ખરીદીને અલગ-અલગ ગેંગોને સપ્લાય કરવામાં આવી હતી. બેંક, આરટીઓ ચલણ, સરકારી યોજના અથવા હોસ્પિટલના નામે બનેલી ત્રણ સો છત્રીસ જેટલી બોગસ ફાઈલો વોટ્સએપના માધ્યમથી વાઈરલ કરવામાં આવતી હતી.

# સાબરમતી લોકો શેડની ટેકનોલોજીકલ સફળતા: WDG5 લોકોમોટિવ્સમાં ઈલેક્ટ્રિક સ્ટાર્ટ ટેકનોલોજી અને સ્વદેશી ઘટકોનો સફળ ઉપયોગ

રેલ કામગીરીમાં ગતિશીલતા, વિશ્વસનીયતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપતા, પશ્ચિમ રેલ્વેના સાબરમતી લોકો શેડે WDG5 ક્લાસ લોકોમોટિવ્સ (5500 HP) માં બે મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ નવીનતાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. આ નવીન ઉકેલોએ લોકોમોટિવનો શરૂઆતનો સમય લગભગ એક કલાકથી ઘટાડીને માત્ર થોડી સેકન્ડ કરી દીધો છે. વધુમાં, મોંઘા આયાતી સ્પેરપાર્ટ્સ પરની નિર્ભરતાને દૂર કરવાથી ભારતીય રેલ્વે માટે 57.8 લાખથી વધુની સીધી બચત થઈ છે. 1. ન્યુમેટિકથી ઈલેક્ટ્રિક સ્ટાર્ટ સિસ્ટમમાં રૂપાંતર : ભારતીય રેલ્વે પાસે કુલ સાત WDG5 લોકોમોટિવ્સ છે, જે બધા સાબરમતી શેડને ફાળવવામાં આવ્યા છે. આ લોકોમોટિવ્સને શરૂ થવામાં અગાઉ 45 થી 60 મિનિટનો સમય લાગતો હતો, અને તેમની ન્યુમેટિક સ્ટાર્ટ સિસ્ટમને ન્યુમેટિક સ્ટાર્ટ મોટર, AC ઈન્વર્ટર અને સહાયક કોમ્પ્રેસર જેવા મોંઘા આયાતી ઘટકોની જરૂર પડતી હતી.સાબરમતી



શેડના એન્જિનિયરોએ સિસ્ટમને ઈલેક્ટ્રિક સ્ટાર્ટમાં રૂપાંતરિત કરીને આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધી કાઢ્યો: તાત્કાલિક શરૂઆત: લોકોમોટિવ શરૂ થવાનો સમય 45-60 મિનિટથી ઘટાડીને માત્ર 3 થી 4 સેકન્ડ કરવામાં આવ્યો છે. વિનિમયક્ષમ સ્પેરપાર્ટ્સ: WDG4/WDP4 લોકોમોટિવમાં ઉપયોગમાં લેવાતા સામાન્ય એક્સેસરીઝ (ઈલેક્ટ્રિક સ્ટાર્ટિંગ મોટર, ST/STA કોન્ટેક્ટર, REST પ્રતિકાર અને બેટરી) સાથે આયાતી ઘટકોને બદલવામાં આવ્યા હતા. લોકોમોટિવ





પુનઃસ્થાપન: સ્પેરપાર્ટ્સની ઉપલબ્ધતાને કારણે નિષ્ક્રિય રહેલા ચાર લોકોમોટિવમાંથી બેને સફળતાપૂર્વક ઈલેક્ટ્રિક સ્ટાર્ટમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે અને પાટા પર પાછા મૂકવામાં આવ્યા છે. નાણાકીય અસર: આ ફેરફારને પરિણામે



20,61,515 ની બચત થઈ છે અને લોકોમોટિવની વિશ્વસનીયતા અને ઉપલબ્ધતામાં સુધારો થયો છે. 2. ટર્બો-સુપરચાર્જર અને વોટર પંપમાં સ્વદેશી તકનીકી ફેરફાર : WDG5 લોકોમોટિવના ટર્બો-સુપરચાર્જર અને ડાબા કાંઠાના પાણીના પંપ માટે ઓવરહોલ સમયગાળો 3 વર્ષ છે. જોકે, વિદેશી સ્પેરપાર્ટ્સ માટે 2 થી 3 વર્ષના લીડ ટાઈમને કારણે, લોકો નંબર 50003 લાંબા સમયથી સેવાની બહાર હતો. સાબરમતી શેડે ઈન-હાઉસ એન્જિનિયરિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ સમસ્યાનું નિરાકરણ કર્યું: સફળ રિપ્લેસમેન્ટ: WDG5 ટર્બો-સુપરચાર્જરને જરૂરી ફેરફારો સાથે WDG4 ટર્બો-સુપરચાર્જર અને ક્લચ એસેમ્બલીથી બદલવામાં આવ્યું, અને WDG5 લેફ્ટ-બેંક વોટર પંપને WDG4 વોટર પંપથી બદલવામાં આવ્યો. સફળ પરીક્ષણ: ફેરફાર પછી, લોકો 50003 નું લોડ પરીક્ષણ કરવામાં આવ્યું, અને બધા મુખ્ય ઓપરેટિંગ પરિમાણો નિર્ધારિત ધોરણોમાં હોવાનું જાણવા મળ્યું. સસ્તું રિપેર કીટ: WDG4 ભાગો બનારસ લોકોમોટિવ વર્ક્સ (BLW/BSB) માંથી સરળતાથી ઉપલબ્ધ છે અને વોટર પંપ રિપેર કીટની કિંમત ફક્ત 21,275 છે. નાણાકીય અસર: આ નવીનતાને કારણે પ્રતિ લોકો આશરે 37,19,061 ની બચત થઈ છે.કામગીરી અને બચતનું સંક્ષિપ્ત વર્ણન : શરૂઆતનો સમય: (પહેલાની સ્થિતિ) ૪૫ - ૬૦ મિનિટ ૩ - ૪ સેકન્ડ (ઈલેક્ટ્રિક સ્ટાર્ટ), સ્પેરપાર્ટ્સની ઉપલબ્ધતા: (પહેલાની સ્થિતિ) ૨ - ૩ વર્ષ આયાત કરેલ લીડ ટાઈમ (વર્તમાન સ્થિતિ) તાત્કાલિક/ BLW સ્વદેશી સ્ટોક, ઈલેક્ટ્રિક સ્ટાર્ટ ફેરફારથી બચત: ૨૦,૬૧,૫૧૫, ટર્બો/પંપ ફેરફારથી બચત: ૩૭,૧૯,૦૬૧ (પ્રતિ લોકો), કુલ અંદાજિત બચત: ૫૭,૮૦,૫૭૬. 'સાબરમતી શેડ દ્વારા કરવામાં આવેલા આ ટેકનિકલ ફેરફારો ભારતીય રેલ્વેની કાર્યક્ષમતા અને 'આત્મનિર્ભર ભારત' પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે માત્ર લોકોમોટિવની કાર્યક્ષમતામાં વધારો કર્યો નથી પરંતુ મૂલ્યવાન આવકમાં પણ નોંધપાત્ર બચત કરી છે.'

# સુરત મનપા કમિશનરની બદલી, કલેક્ટર તેજસ પરમારને સોંપાયો વધારાનો ચાર્જ



સુરત | સુરતના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશન વિવાદે હવે એક મોટો વળાંક લીધો છે. હાઈકોર્ટની લાલ આંખ અને કડક વલણ બાદ મંગળવારે મોડી રાત્રે સુરત મનપા કમિશનર એસ. નાગરાજનની બદલી કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ આદેશ જારી કરવામાં આવ્યા છે, જેમાં કલેક્ટર તેજસ પરમારને સુરત મનપા કમિશનરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. સુરતના બહુચર્ચિત નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં પાલિકાની ભૂમિકા સામે ઊભા થયેલા ગંભીર સવાલો અને રજૂઆતોમાં આવેલા વિરોધાભાસને કારણે રાજ્ય સરકારે આ મોટો વહીવટી નિર્ણય લીધો છે. હાઈકોર્ટના નિર્દેશો બાદ સુરત પાલિકા કમિશનર એસ. નાગરાજનની બદલી કરીને તેમને ગાંધીનગર ખાતે સમગ્ર શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ રણજીતકુમાર જે.ના સ્થાને આ જવાબદારી સંભાળશે. જ્યારે સુરતના કલેક્ટર તેજસ પરમારને પાલિકા કમિશનરનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

### મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ

# 870 કિલો સળિયાનો બારોબાર અન્ય સ્થળે સોદો કરી દીધો

વડોદરા: વડોદરા શહેરમાં વિશ્વાસઘાત અને માલની હેરાફેરીની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર ડિલિવરી માટે મોકલવામાં આવેલા લોખંડના સળિયાના જથ્થામાંથી ડ્રાઈવર અને તેના સાથીદારોએ મળીને બારોબાર સળિયા અન્ય શખસને વેચી દીધા હોવાની વિગતો બહાર આવી છે. આ મામલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં કુલ બાર જેટલા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી સોસાયટીમાં રહેતા રોહન રમેશભાઈ બંસલ વડોદરા નજીક આવેલા જરોદ ખાતે 'RRR સ્ટીલ રોલિંગ મિલ્સ પ્રા.લિ.' નામે કંપની ચલાવે છે. તેમની કંપનીમાંથી વડોદરાની બે અલગ-અલગ કન્સ્ટ્રક્શન સાઈટ પર લોખંડના સળિયાના ઓર્ડરની ડિલિવરી કરવાની હતી. આ માટે કંપનીના ડિસ્પેચ મેનેજર અનુપસિંગ પુનીયાએ 'ટ્રુલેક્સ લોજિસ્ટિક્સ પ્રા.લિ.' ના રતન પંચાલ ઉર્ફે રતન મારવાડીનો સંપર્ક કર્યો હતો. રતન પંચાલે ટ્રક લઈને ડ્રાઈવર રતન લોહારને જરોદ ખાતે મોકલ્યો હતો, જ્યાંથી કુલ ૨૭,૯૪૦ કિલો વજનના લોખંડના સળિયા ભરીને ટ્રક રવાના કરવામાં આવ્યો હતો.નિયત કરેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર માલ પહોંચાડવાના બદલે ડ્રાઈવર રતન લોહાર અને અન્ય આરોપીઓએ મિલીભગત કરીને મોટો ખેલ પાડ્યો હતો. આ આરોપીઓએ તરસાલી વિસ્તારમાં આવેલા રિધમ બંગ્લોઝ ખાતે ટેમ્પો મંગાવીને તેમાંથી ૮૭૦ કિલો જેટલા સળિયા, જેની બજાર કિંમત આશરે રૂપિયા ૪૫,૦૦૦ થાય છે, તે નીચે ઉતારી લીધા હતા અને મનોજ કીરી નામના શખસને બારોબાર વેચી દીધા હતા.

### રેલવેની નીતિથી પ્રવાસીઓમાં ભારે અસંતોષ પ્રસરી ગયો

# સ્પે. ટ્રેનોનાં નામે ટિકિટમાં 27 ટકા સુધી ઉઘાડી લૂંટ

(એજન્સી) રાજકોટ । તા. 12

કોવિડ મહામારીના સમયમાં રેલવે દ્વારા કટોકટીના પગલારૂપે 'સ્પેશિયલ' ટ્રેનોના નામે શરૂ કરાયેલી વધારાના ભાડાની વ્યવસ્થા આજે પણ અનેક રૂટ પર મુસાફરોના ખિસ્સા પર ૨૭ ટકા સુધીનું ભારે આર્થિક ભારણ બની રહી છે. મહામારી પૂરી થયાને અને ટ્રેન વ્યવસ્થા રાબેતા મુજબ પૂર્વવત થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં રેલવે દ્વારા ભાડાનો આ 'સ્પેશિયલ બોજ' સંપૂર્ણપણે હટાવવામાં આવ્યો નથી. પરિસ્થિતિ એવી છે કે આજે પણ નિયમિત ટ્રેનો જેવી જ સામાન્ય સુવિધાઓ હોવા છતાં માત્ર નામ પૂરતી 'સ્પેશિયલ' ટેગ લગાવીને મુસાફરો પાસેથી મનસ્વી રીતે વધુ નાણાં ખંખેરવામાં આવી રહ્યા છે, જેને લઈને જાગૃત મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ભાડા વધારાની આ સમસ્યાની સાથેસાથે લાંબા અંતરના પ્રવાસીઓ માટે અગાઉ ઉપલબ્ધ એવા 'ટેલિસ્કોપિક ડિસ્ટન્સ બેનિફિટ' ને પણ કોરોનાકાળથી જ અચાનક બંધ કરી દેવામાં આવ્યો છે. રેલવેના નિયમો અનુસાર લાંબા અંતરની મુસાફરીમાં કિલોમીટર વધવાની સાથે પ્રતિ કિલોમીટર અસરકારક ભાડું ક્રમશઃ ઘટતું જતું હોય છે, જે લાંબા રૂટના પ્રવાસીઓ માટે મોટો આશીર્વાદ સમાન હતું. આ સુવિધા બંધ થવાથી મુસાફરોએ હવે પોઈન્ટ-ટુ-પોઈન્ટ અથવા અલગ-અલગ ટિકિટ કઢાવવી પડે છે, જેના કારણે સીધો ૩૩ ટકા સુધીનો મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે. ઉદાહરણ તરીકે, રાજકોટથી હરિદ્વાર સીધી જતી સાપ્તાહિક ટ્રેનમાં 3-ACનું ભાડું ૧૬૪૦ રૂપિયા છે, પરંતુ જો અન્ય દિવસોમાં સમાન અંતર કાપવું પડે તો રાજકોટથી દિલ્હી અને દિલ્હીથી હરિદ્વારની અલગ ટિકિટ લેવા પર કુલ ૨૦૦૫ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે, જે સીધા ભાડા કરતા આશરે ૩૩ ટકા મોંઘો પડે છે.

### દેશભક્તિના અદમ્ય જુસ્સા સાથે ગુંજી ઊઠ્યું શહેર, હજારોની સંખ્યામાં નાગરિકો અને વિદ્યાર્થીઓ જોડાયા

# રાજપીપળામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન

(એજન્સી) રાજપીપળા । તા. 12

દેશના રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લામાં દેશભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે રાજપીપળા શહેરમાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તિરંગાની આન-બાન-શાનને હૃદયમાં વસાવી હજારોની સંખ્યામાં જોડાયેલા નાગરિકોના ઉત્સાહથી સમગ્ર રાજપીપળા શહેર જાણે રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

## યાત્રાનો પ્રારંભ અને મહાનુભાવોની ઉપસ્થિતિ

તિરંગા યાત્રાનો પ્રારંભ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ધાબાગ્રાઉન્ડ ખાતેથી કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘ, નાંદોદના માનનીય ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ સહિતના પ્રમુખ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં સૌપ્રથમ સામૂહિક વંદે માતરમ્ ગાન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભક્તિના ગુંજતા નાદ અને ઉત્સાહ વચ્ચે આ ભવ્ય તિરંગા યાત્રાને સત્તાવાર રીતે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

## સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને આકર્ષક માહોલ

યાત્રાના પ્રારંભથી જ સમગ્ર વાતાવરણમાં અદભૂત દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ વિભાગના જવાનો દ્વારા તિરંગા સાથે બાઈક પર યાત્રામાં જોડાઈને અનોખો જોશ ભરવામાં આવ્યો હતો. જ્યારે મેવાસી આદિવાસી સાંસ્કૃતિક ગ્રુપ દ્વારા યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન સંગીતમય અને પરંપરાગત સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી, જેને નગરજનોએ ખુલ્લા મનથી બિરદાવી હતી.

'ભારત માતા કી જય', 'વંદે માતરમ્' અને અસંખ્ય રાષ્ટ્રભક્તિના જયઘોષથી રાજપીપળાના મુખ્ય માર્ગો ગુંજી ઊઠ્યા હતા.

તિરંગા સાથે નીકળેલી આ વિશાળ યાત્રાએ નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી. યાત્રાના માર્ગમાં આવતા નંદરાજાની પ્રતિમાને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ અને અગ્રણીઓ દ્વારા પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક ખાતે પહોંચતા મહાનુભાવોએ બંધારણના ઘડૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પણ આદરપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અંતમાં આ યાત્રા સર વિનાયક ગાર્ડન ખાતે પહોંચી હતી, જ્યાં તેનું ભવ્ય સમાપન કરવામાં આવ્યું હતું.

## વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ

તિરંગા યાત્રાના સમાપન બાદ સરકારના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સર વિનાયક ગાર્ડન ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. દેશપ્રેમની સાથે સાથે પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારીનો અહેસાસ કરાવતા આ કાર્યક્રમમાં 'રાષ્ટ્રધ્વજનું સન્માન અને પ્રકૃતિનું સંરક્ષણ' બંને મહાન સંકલ્પોને એકસાથે ઉજાગર કરવામાં આવ્યા હતા.

આ ભવ્ય તિરંગા યાત્રામાં સ્થાનિક અગ્રણીઓ, ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ, પોલીસ વિભાગના અધિકારીઓ, નગરપાલિકાના હોદ્દેદારો, વિવિધ શાળાઓના ઉત્સાહી વિદ્યાર્થીઓ, સ્ટુડન્ટ સ્કાઉટ-ગાઈડ, ડીએલએસએસ (DLSS) ના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં રાજપીપળાના નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા અને કાર્યક્રમને અપાર સફળતા અપાવી હતી.











## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

**વૃષભ : બ. વ. ઉ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે કેન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**કર્ક : ડ. હ.**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**સિંહ : મ. ટ.**

જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**તુલા : ર. ત.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો! એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**મકર : ખ. જ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદ્ભુત બની જશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધોને બગાડી શકે તેવા મુદ્દાને ઉખેડવાથી દૂર રહેવું જ તમારી માટે શ્રેષ્ઠ છે.

### તિરંગા યાત્રાના સમાપન બાદ 'એક પેડ માં કે નામ'

# રાજપીપલા માં 'હર ઘર તિરંગા 'અભિયાન નો પ્રારંભ

**(એજન્સી) રાજપીપલા | તા.12**

નર્મદા જીલ્લા મથક રાજપીપલા ખાતે આજે હર ઘર તિરંગા અભિયાન ના ભાગ રૂપે ભવ્ય તિરંગા યાત્રા નીકળી હતી જે નગર ના મુખ્યમાર્ગો પર ભારે ઉત્સાહ સાથે અને દેશભક્તિના સૂત્રોચ્ચાર , અને વંદે માતરમના ગાન અને આદિવાસી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શહેર માં નીકળતા લોકો યાત્રા નિહાળવા ટોળે વળ્યાં હતા . દેશના રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લામાં પણ દેશભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે રાજપીપળા શહેરમાં જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તિરંગાની આન-બાન-શાનને હૃદયમાં વસાવી હજારોની સંખ્યામાં જોડાયેલા નાગરિકોના ઉત્સાહથી સમગ્ર રાજપીપળા શહેર જાણે રાષ્ટ્રભક્તિના રંગે રંગાઈ ગયું હતું.તિરંગા યાત્રાનો પ્રારંભ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ , ધાબાગ્રાઉન્ડ ખાતેથી થયો હતો. જિલ્લા કલેક્ટર ગંગા સિંઘ, નાંદોદના. ધારાસભ્ય ડૉ. દર્શના દેશમુખ



સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૌપ્રથમ સામૂહિક વંદે માતરમ્ ગાન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભક્તિના ગુંજતા નાદ વચ્ચે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. યાત્રાના પ્રારંભથી જ વાતાવરણમાં અદભૂત દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસ વિભાગના જવાનો તિરંગા સાથે બાઈક પર યાત્રામાં જોડાયા હતા. જ્યારે મેવાસી આદિવાસી સાંસ્કૃતિક ગ્રુપ દ્વારા યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન સંગીતમય અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. 'ભારત માતા કી જય', 'વંદે માતરમ્' અને રાષ્ટ્રભક્તિના જયઘોષથી ગુંજી ઊઠેલા રાજપીપળાના મુખ્ય માર્ગ ઉપર તિરંગા સાથે નીકળેલી આ યાત્રા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવતી રહી હતી. યાત્રાના માર્ગમાં આવતા નંદરાજાની પ્રતિમાને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને અગ્રણીઓ દ્વારા પુષ્પહાર અર્પણ કર્યા હતા.તિરંગા યાત્રા ડૉ. બાબાસાહેબ આંબેડકર ચોક ખાતે પહોંચતા મહાનુભાવોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ યાત્રા સર વિનાયક ગાર્ડન ખાતે પહોંચી હતી, જ્યાં ભવ્ય તિરંગા યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.તિરંગા યાત્રાના સમાપન બાદ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત સર વિનાયક ગાર્ડન ખાતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. દેશપ્રેમની સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં 'રાષ્ટ્રધ્વજનું સન્માન અને પ્રકૃતિનું સંરક્ષણ' બંને સંકલ્પોને એકસાથે ઉજાગર કરવામાં આવ્યા હતા.આ ભવ્ય તિરંગા યાત્રામાં સ્થાનિક અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ, પોલીસ વિભાગના અધિકારી-કર્મચારીઓ, નગરપાલિકાના હોદ્દેદારો, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, સ્ટુડન્ટ સ્કાઉટ-ગાઈડ, DLSSના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

## આદર્શ સાયન્સ કોલેજ, રાધનપુર ખાતે રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી



**| નિતીન ઠાકર | ચાણસ્મા**

રાધનપુર ખાતે આવેલ શ્રી રામજીભાઈ ખેતાભાઈ ચૌધરી આદર્શ સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતના મહાન ગ્રંથપાલ અને પુસ્તકાલય વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા ડૉ. એસ. આર. રંગનાથનની જન્મજયંતિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તકાલયનું મહત્વ, વાંચન સંસ્કૃતિ, પુસ્તકોના જ્ઞાનપ્રાપ્તિમાં યોગદાન તથા ડિજિટલ યુગમાં પુસ્તકાલયની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને નિયમિત વાંચન કરવાની અને પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી.આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી, ગ્રંથપાલશ્રી, પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સૌએ જ્ઞાન અને વાંચનની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

### ગંભીર ઈજા

## લાલપુર નજીક કાનાલુસ રોડ પર રસ્તે રઝળતા ખૂંટિયાએ ઢીક મારતા ગંભીર ઈજા

જામનગ : જામનગરના લાલપુર તાલુકાના કાનાલુસ રોડ પર 3 ઓગસ્ટના રોજ રાત્રિના સમયે ઓડિશાના 35 વર્ષીય શ્રમિક બીજ્યા બેહરા સોલાબેહરાને ખૂંટિયાએ ઢીક મારી હતી. ગંભીર ઈજાઓ થતાં તેમને હોસ્પિટલે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મૃત્યુ થયું. આ અંગે મેઘપર પોલીસ મથકમાં અપમૃત્યુની નોંધ કરવામાં આવી છે.

લાલપુર તાલુકાના કાનાલુસ રોડ પર ખૂંટિયાએ ઢીક મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા ઓડિશાના 35 વર્ષીય શ્રમિક યુવાનનું સારવાર દરમિયાન કરુણ મૃત્યુ નીપજતાં મેઘપર પોલીસ મથકમાં અપમૃત્યુની નોંધ કરવામાં આવી છે.આ બનાવ અંગે મળતી વિગતો મુજબ, કાનાલુસ સીમમાં આવેલી એલ.સી.8 કોલોનીમાં રહેતા અને મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના રહેવાસી બીજ્યા બેહરા સોલાબેહરા તા. 3 ઓગસ્ટના રોજ રાત્રિના સમયે આરબલુસ માર્કેટ સામે આવેલા કાનાલુસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન એક ખૂંટિયાએ તેમને ઢીક મારતા તેઓ રસ્તા પર પટકાયા હતા અને શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઈજાગ્રસ્ત બીજ્યા બેહરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે તેમના સાથી શ્રમિક રતન બેહરા સોલાબેહરાએ પોલીસને જાણ કરતાં મેઘપર (પડાણા) પોલીસ મથકમાં બી.એન.એસ.એસ.ની કલમ-194 મુજબ અપમૃત્યુની નોંધ કરવામાં આવી છે.

### ફરિયાદ

## જામનગરમાં જોડિયા ભૂંગા વિસ્તારમાં ઉછીના રૂપિયા માંગતા યુવક પર હુમલો : બે શખ્સ સામે ફરિયાદ

જામનગર : જામનગરમાં જોડિયા ભુગા વિસ્તારના નવાઝ છરેચાને આઝાદ ખત્રી પાસેથી લેણાં હતા. 10 ઓગસ્ટે, ઢીચડા રોડ પર નવાઝે રૂપિયા માંગતા આઝાદ અને સાહીલ સિદ્દીએ તેને ઝાડની ડાળી અને લાતો વડે માર માર્યો. ગંભીર ઈજાઓ થતાં નવાઝને જી.જી. હોસ્પિટલના ICUમાં દાખલ કરાયો. અજીજભાઈની ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જામનગરના જોડીયા ભુગા વિસ્તારમાં રહેતા અજીજભાઈ હારુનભાઈ છરેચાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પુત્ર નવાઝ (ઉ.વ.30)ને આઝાદ અસગર ખત્રી પાસેથી રૂપિયા લેવાના હતા. તા.10 ઓગસ્ટે નવાઝ મહમદશા પીરની દરગાહ, ઢીચડા રોડ ખાતે ગયો હતો ત્યારે આઝાદ ખત્રી તથા સાહીલ સબીર સીદી ત્યાં આવ્યા હતા. નવાઝે પોતાના રૂપિયા માંગતા આઝાદે તેને ગાળો આપી જમીન પર પડેલી ઝાડની જાડી ડાળથી માથામાં માર માર્યો હતો. નવાઝ નીચે પડી જતાં તેના માથા તથા મોઢા પર પણ ડાળના ઘા માર્યા હતા, જ્યારે સાહીલે તેના પેટમાં લાત મારી હતી. મારામારી દરમિયાન લોકો એકત્ર થતાં નવાઝને છોડાવ્યો હતો અને કોઈએ 108ને જાણ કરી હતી. બનાવની જાણ થતાં તેના પિતા અજીજભાઈ 108 એમ્બ્યુલન્સ મારફતે નવાઝને જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ ગયા હતા.

### 6ને વધારાનો ચાર્જ સોંપાયો

## જામનગર જિલ્લામાં 4 નાયબ મામલતદારોની અરસ-પરસ બદલી

**(એજન્સી) જામનગર | તા.12**

જામનગર કલેક્ટર પી. બી.પંડયાએ વહીવટી કાર્યક્ષમતા વધારવા 4 નાયબ મામલતદારોની આંતરિક બદલી કરી છે. ડી. જી.ત્રિવેદીને જામજોધપુર, વી.આર.લગારીયાને જામનગર કલેક્ટર કચેરી, રવિરાજસિંહ ડી. ઝાલાને સહકારી બેંક અને વી. ટી.નંદાસણાને લાલપુર (પુરવઠા) માં મુકાયા છે. ઉપરાંત, 6 નાયબ મામલતદારોને વિવિધ સ્થળોએ વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે, જેમાં સિક્કા નગરપાલિકાના ચીફ ઓફિસરનો ચાર્જ વી.એચ.ગોહીલને અપાયો છે.જામનગર જિલ્લા વહીવટી તંત્રમાં કલેક્ટર પી.બી.પંડ્યા દ્વારા વહીવટી કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવા માટે 4 નાયબ મામલતદારોની અરસપરસ આંતરિક બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત 6 નાયબ મામલતદારોને વિવિધ સ્થળોએ વધારાનો ચાર્જ સોંપવાના હુકમો કરવામાં આવ્યા છે.બદલી કરાયેલા અધિકારીઓમાં કલેક્ટર કચેરીના અછત નાયબ મામલતદાર ડી.જી. ત્રિવેદીને જામજોધપુર ખાતે મૂકવામાં આવ્યા છે. જ્યારે લાલપુર મામલતદાર કચેરીના પુરવઠા નાયબ મામલતદાર વી. આર.લગારીયાની જામનગર કલેક્ટર કચેરી ખાતે બદલી કરવામાં આવી છે. જામજોધપુર મામલતદાર કચેરીના રવિરાજસિંહ ડી.ઝાલાને જામનગર સ્થિત ગુજરાત રાજ્ય



સહકારી અને ગ્રામીણ વિકાસ બેંકના ખાસ વસૂલાત અધિકારી તરીકે મૂકવામાં આવ્યા છે. જ્યારે લાલપુર મામલતદાર કચેરીના મહેકમ નાયબ મામલતદાર વી. ટી.નંદાસણાને લાલપુર કચેરી ખાતે નાયબ મામલતદાર (પુરવઠા) તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.આ ઉપરાંત વહીવટી કામગીરીને વેગ આપવા માટે જામનગર ગ્રામ્યના નાયબ મામલતદાર વી. એચ.ગોહીલને સિક્કા નગરપાલિકાના ચીફ ઓફિસરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.જોડિયાના નાયબ મામલતદાર આર.બી.બાવરવાને ઠેબા ઘાસ ડેપો (જોડિયા અને ધ્રોલ તાલુકા માટે), લાલપુરના નાયબ મામલતદાર એચ.બી.સોલંકીને ખડખંભાળિયા ઘાસ ડેપો જામનગર ગ્રામ્યના નાયબ મામલતદાર ડી.જે.સ્વામીને ઠેબા ઘાસ ડેપો (જામનગર તાલુકા માટે) તથા જામજોધપુરના નાયબ મામલતદાર એમ.સી.ટમાલીયાને જામજોધપુર ઘાસ ડેપોનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. કલેક્ટરના આ આંતરિક ફેરફારથી વિવિધ કચેરીઓમાં વહીવટી કામગીરીને વધુ સુગમ બનાવવા તથા જરૂરી કામગીરીમાં ઝડપ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### પતિએ અન્ય યુવતી સાથે બીજા નિકાહ કર્યાનો આક્ષેપ

## જામનગરમાં પરિણીતાને 7 વર્ષથી પતિ સહિત સાસરિયાઓનો ત્રાસ

**(એજન્સી) જામનગર | તા.12**

જામનગરના ગુલાબનગરની પરિણીતા અનિશાબેને પતિ અફઝલ સહિત સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. લગ્નના 7 વર્ષ બાદ પતિ નાની બાબતોમાં ઝઘડો કરી મારકૂટ કરતા. સાસુ-સસરા અને દિયર-દેરાણી પણ ત્રાસ આપતા. પતિએ યાસ્મીન નામની યુવતી સાથે બીજા નિકાહ કર્યાનો આક્ષેપ છે. સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતાં પરિણીતાએ ફરિયાદ કરી. પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જામનગરના ગુલાબનગર વિસ્તારમાં રહેતી પરિણીતાએ પતિ સહિત સાસરિયાઓ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ પતિ સહિત સાસરિયાઓ નાની-નાની બાબતોમાં ઝઘડો કરી ગાળો બોલતા અને મારકૂટ કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઉપરાંત પતિએ યાસ્મીન નામની યુવતી સાથે બીજા નિકાહ કર્યા હોવાનો પણ મહિલાએ આક્ષેપ કર્યો છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ, અનિશાબેનના નિકાહ અફઝલભાઈ હુસેનભાઈ વધેરા સાથે તા.13 એપ્રિલ, 2014ના રોજ મુસ્લિમ શરીયત મુજબ થયા હતા. લગ્ન બાદ તેઓ જામનગરમાં સંયુક્ત પરિવારમાં રહેતા હતા અને સંતાનમાં બે પુત્રી તથા એક પુત્ર છે.ફરિયાદ મુજબ લગ્નના આશરે સાત વર્ષ બાદ પતિ અફઝલભાઈ નાની-નાની બાબતોમાં ઝઘડો કરી ગાળો બોલતા તેમજ ગાલ અને વાંસાના ભાગે ઝાપટો મારતા હતા. સાસુ રૂકશાનાબેન અને સસરા હુસેનભાઈ પણ નાની બાબતોમાં ઝઘડો કરી ત્રાસ આપતા હોવાનો આક્ષેપ છે. સસરા પતિને પત્ની વિરુદ્ધ ચઢામણી કરતા હોવાના કારણે પતિ હાથ મરોડી તથા ગાલમાં ઝાપટો મારતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. દિયર સાજીદભાઈ પણ પતિનો સાથ આપી ઝઘડો કરતા અને દેરાણી દિલશાદ નાની બાબતોમાં ઝઘડો કરતી હોવાનો આક્ષેપ કરાયો છે.

આ દરમિયાન આશરે ત્રણ વર્ષ પહેલાં પતિને યાસ્મીન નામની યુવતી સાથે મિત્રતાના સંબંધો હોવાની જાણ થતાં મહિલાએ પતિને પૂછપરછ કરી હતી. આ બાબતે પતિએ ઝઘડો કરી મહિલાના વાળ પકડી ગાલમાં ઝાપટો મારી હતી, અને યાસ્મીન સાથેના સંબંધો ચાલુ રાખવાની વાત કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. મહિલાએ આ અંગે સાસુ-સસરાને જાણ કરતાં તેમણે પણ પતિનો પક્ષ લીધો હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ મહિલાની માતા નસીમબેન તેને તથા તેની બે પુત્રીઓને માવતરના ઘરે લઈ ગયા હતા. ફરિયાદ મુજબ ત્યારથી મહિલા માવતરના ઘરે રહે છે. માતા-પિતાએ સમાધાનના અનેક પ્રયાસો કર્યા છતાં સમાધાન થયું ન હતું. આશરે એક મહિના પહેલાં મહિલાને જાણ થઈ કે તેના પતિએ યાસ્મીન નામની યુવતી સાથે બીજા નિકાહ કર્યા છે અને હવે તેને તેડી જવા માંગતા નથી. આ અંગે મહિલાએ અગાઉ મહિલા પોલીસ મથકે અરજી કરી હતી, પરંતુ સમાધાનનો કોઈ રસ્તો ન નીકળતાં આખરે માતા નસીમબેન તથા પિતા સલીમભાઈ સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## જામજોધપુરના શેઠવડાળાની મેઈન બજારમાં મોડી રાત્રે દુકાનોના તાળા તપાસતા દેવભૂમિ દ્વારકાના બે શખ્સો ઝડપાયા

**(એજન્સી) જામનગર | તા.12**

જામજોધપુરના શેઠવડાળા ટાઉનની મેઈન બજાર વિસ્તારમાં મોડી રાત્રે દુકાનોના તાળા તપાસી મિલકત વિરુદ્ધનો ગુનો આચરવાની તૈયારીમાં ફરતા બે શખ્સોને શેઠવડાળા પોલીસે ઝડપી લીધા હતા.આ અંગે મળતી વિગતો મુજબ, શેઠવડાળા પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ રાત્રિ પેટ્રોલિંગમાં હતા ત્યારે શેઠવડાળા ટાઉન વિસ્તારમાં આવેલા મેઈન બજારમાં બે શખ્સો મોડી રાત્રે અંધારામાં લપાતા-છુપાતા દુકાનોના તાળા તપાસતા હોવાની હિલચાલ ધ્યાને આવી હતી.પોલીસે બંને શખ્સોને ઝડપી લઈ પૂછપરછ કરતાં તેઓ (1) આમીન સુલેમાન ખફી સુમરા (ઉ.વ. 45, રહે. પીરલાખાશર સીમ વિસ્તાર, તા. ખંભાળિયા) અને (2) વસીમ ઈસ્માઈલભાઈ ખીરા સુમરા (ઉ.વ. 23, રહે. કોટા ગામ, તા. ખંભાળિયા) હોવાનું બહાર આવ્યું હતું.

## હડાદ તાલુકામાં તિરંગા યાત્રાથી ગુંજી ઉઠ્યો દેશભક્તિનો માહોલ

બનાસકાંઠા : આઝાદીના પર્વની ઉજવણીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં ચાલી રહેલા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત હડાદ તાલુકામાં આજે ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. હાથમાં રાષ્ટ્રધ્વજ અને હૃદયમાં દેશપ્રેમની ભાવના સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાનો, સરકારી કર્મચારીઓ, પોલીસ જવાનો તેમજ વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ અને નાગરિકો યાત્રામાં જોડાયા હતા. હડાદ તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી તિરંગા યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો અને ભારત માતાની જયના નારાઓથી વાતાવરણ રાષ્ટ્રપ્રેમથી ભરાઈ ગયું હતું. 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નાદ સાથે સહભાગીઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપી




આઝાદીના અમર શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને શ્રદ્ધાપૂર્વક યાદ કર્યા હતા. યાત્રાના પગલે સમગ્ર વિસ્તારમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ પ્રસરી ગયો હતો.

### 22મીએ મૂર્તિવિસર્જન

## છોટીકાશીમાં આજથી દશામાના વ્રતનો પ્રારંભ : 21મીએ પૂર્ણાહુતિ ભક્તોમાં ઉત્સાહ

જામનગરમાં આજે અષાઢ વદ અમાસથી દશામાના 10 દિવસીય વ્રતનો પ્રારંભ થયો છે. "છોટી કાશી" તરીકે ઓળખાતા જામનગરમાં શ્રદ્ધાળુઓ દ્વારા માતાજીની સ્થાપના કરી પૂજા-અર્ચના કરાશે. શહેર અને આસપાસના વિસ્તારોમાં ધાર્મિક માહોલ છવાયો છે. 21 ઑગસ્ટે વ્રતની પૂર્ણાહુતિ બાદ 22 ઑગસ્ટે મૂર્તિ વિસર્જન થશે. ભક્તો સુખ-શાંતિ માટે પ્રાર્થના કરશે. છોટી કાશીના ઉપનામથી પ્રચલિત એવા જામનગરમાં દશામાના વ્રતને લઈને શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજે



બુધવારે અષાઢ વદ અમાસથી દશામાના વ્રતનો પ્રારંભ થયો છે. દસ દિવસ સુધી ચાલનારા આ વ્રત દરમિયાન શ્રદ્ધાળુઓ દ્વારા માતાજીની મૂર્તિની સ્થાપના કરી પૂજા-અર્ચના, જાપ, પાઠ સહિતની ધાર્મિક વિધિઓ કરવામાં આવશે. વ્રતને લઈને જામનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં ધાર્મિક માહોલ જોવા મળશે.દશામાને લોકદેવી તરીકે પૂજવામાં આવે છે. અનેક લોકો દશામાને મોમાઈ માતાનું સ્વરૂપ માને છે, જ્યારે કેટલાક ભક્તો તેમને પાર્વતી માતા તથા મહામાયાના સ્વરૂપ સાથે જોડે છે. દશામાના સ્વરૂપ અને નામ અંગે વિવિધ લોકમાન્યતાઓ પ્રચલિત છે. કેટલાક લોકો દશામાને દશ મહાવિદ્યાના સ્વરૂપ સાથે જોડે છે, જ્યારે અન્ય માન્યતા મુજબ જીવનમાં ચાલી રહેલી ખરાબ દશામાંથી મુક્તિ અપાવનાર દેવી તરીકે તેમનું નામ દશામા પડ્યું હોવાનું માનવામાં આવે છે.દશામાના વ્રતની તા. 21 ઑગસ્ટે પૂર્ણાહુતિ કરવામાં આવશે. દસ દિવસ દરમિયાન ભક્તો દ્વારા માતાજીની આરાધના સાથે પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવશે. ત્યારબાદ તા. 22 ઑગસ્ટે માતાજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

### જામનગર શહેરમાં જુગારના બે સ્થળે પોલીસના દરોડા

# 9 મહિલાઓ સહિત 12 શખ્સો ઝડપાયા, રૂ.23,190નો મુદ્દામાલ કબજે

**(એજન્સી) જામનગર | તા.12**

જામનગરમાં પોલીસે જુગાર સામે સઘન કાર્યવાહી કરી બે સ્થળે દરોડા પાડ્યા. સીટી-સી ડિવિઝને 3 પુરુષોને રૂ. 7,500 સાથે ઝડપ્યા. જ્યારે સિટી-એ ડિવિઝને મંગલધામ સોસાયટીમાંથી 9 મહિલાઓને રૂ. 15,690 રોકડા સાથે પકડ્યા. કુલ 12 શખ્સો પાસેથી રૂ. 23,190 રોકડા અને ગંજીપત્તા કબજે કરાયા. મહિલાઓને નોટિસ આપી મુક્ત કરાઈ.

જામનગર શહેરમાં જુગારની પ્રવૃત્તિ સામે પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી જુગારના બે અલગ-અલગ સ્થળે દરોડા પાડી 9 મહિલાઓ સહિત કુલ 12 શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસની બંને કાર્યવાહીમાં કુલ રૂ.23,190 રોકડ રકમ તથા ગંજીપત્તાના પાના સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જામનગરની સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે તા. 11 ઓગસ્ટના રોજ સાંજના સમયે કાર્યવાહી કરી જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા.પોલીસના જણાવ્યા મુજબ, જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની લેતી-દેતી કરી હારજીતનો તીનપત્તીનો જુગાર રમાતો હોવાની માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં (1) હિતેષભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ. 35, રહે. શંકરટેકરી વલ્લભનગર), (2) પૃથ્વીરાજસિંહ પ્રવીણસિંહ જાડેજા (ઉ.વ.19, રહે. દી.પ્લોટ, કેળાની વખાર પાસે) અને (3) કિશનભાઈ તુલસીભાઈ પરમાર (ઉ.વ. 28, રહે. દી.પ્લોટ, ગણેશવાસ, જામનગર) ઝડપાયા હતા.પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.7,500 તથા ગંજીપત્તાના પર પાના કબજે કર્યા હતા. આ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-12 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.મંગલધામ સોસાયટીમાં 9 મહિલાઓ જુગાર રમતાં ઝડપાઈ

જામનગરના સિટી-એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે મંગલધામ સોસાયટીમાં મોબાઈલ ટાવર પાસે આવેલા જાહેર શેડમાં દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતી 9 મહિલાઓને ઝડપી લીધી હતી.પોલીસના દરોડા દરમિયાન જનકબા સોઢા, ચંદનબેન ચાન્દ્રા, ગીતાબેન ચાન્દ્રા, રાની કુમારી ઉર્ફે રિદ્ધીબેન ચોવટીયા, મંજુબેન હરવરા, રમાબેન ગુજરાતી, ભાવનાબેન વશીયર, મનીષાબેન ચાન્દ્રા અને રવિનાબેન પ્રસાદ ઝડપાઈ હતી.

આ મહિલાઓ પાસેથી તથા જુગારના સ્થળેથી કુલ રૂ.15,690 રોકડા અને ગંજીપત્તાના પાના પોલીસે કબજે કર્યા હતા. આ અંગે જુગારધારા કલમ-12 હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી હતી. તમામ મહિલાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 35(3) મુજબ નોટિસ આપી સ્થળ પર જ મુક્ત કરવામાં આવી હતી.

## જીંજાયમાં ગુંજ્યો દેશભક્તિનો જયઘોષ, 'હર ઘર તિરંગા' રેલીમાં ગ્રામજનો ઉમટ્યા

**જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)**

નખત્રાણા તાલુકાના જીંજાય ગામમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં પ્રાથમિક શાળાના આચાર્ય નિકિતાબેન જોબનપુત્રા સહિત સમગ્ર શિક્ષણ સ્ટાફ, શાળાના વિદ્યાર્થીઓ, ગામના સરપંચ કસ્તુરબેન પટેલ, હરેશભાઈ પટેલ, તલાટી દિપ્તીબેન તેમજ મુસ્લિમ સમાજના અગ્રણી સીધીક હીગોરજા સહિત ગામના અગ્રણીઓ અને સમસ્ત ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.



તિરંગા સાથે યોજાયેલી રેલી દરમિયાન સમગ્ર જીંજાય ગામમાં દેશભક્તિનું અનેરું વાતાવરણ સર્જાયું હતું. ભારત માતા કી જય અને વંદે માતરમના જયઘોષથી સમગ્ર ગામ ગુંજી ઉઠ્યું હતું. વિવિધ સમાજના લોકોની એકતા અને સહભાગિતાએ રાષ્ટ્રીય એકતાનો સુંદર સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે સામાજિક કાર્યકર અજીતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, "હર ઘર તિરંગા અભિયાન દેશપ્રેમ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવતું અભિયાન છે. જીંજાય ગામના તમામ સમાજના લોકો, આગેવાનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને દેશ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી છે." રેલીના પગલે સમગ્ર ગામ દેશભક્તિના રંગે રંગાયું હતું.

### ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચેનો વિવાદ | AGM પહેલાં જ અચાનક લીધો નિર્ણય

# ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનનું રાજીનામું

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને 40 વર્ષની કારકિર્દી બાદ રાજીનામું આપ્યું છે. આગામી AGM પહેલાં જ આ ચોંકાવનારો નિર્ણય લેવાયો. તેમની વર્તમાન ટર્મ ફેબ્રુઆરી 2027માં પૂર્ણ થતી હતી, પરંતુ બોર્ડમાં સર્વસંમતિના અભાવે તેમણે પદ છોડ્યું. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા સાથેના મતભેદો પણ કારણભૂત મનાય છે. આ સમાચારથી ટાટા ગ્રૂપના શેરોમાં ઘટાડો જોવા મળ્યો. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. કંપનીની 18 ઓગસ્ટે યોજાનારી એન્યુઅલ જનરલ મીટિંગ (AGM) પહેલાં જ તેમણે આ ચોંકાવનારો નિર્ણય લીધો છે. ટાટા જૂથ સાથે 40 વર્ષની કારકિર્દી પૂર્ણ કરનારા એન. ચંદ્રશેખરને ટાટા સન્સના ચેરમેન પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. તેમની વર્તમાન ટર્મ ફેબ્રુઆરી 2027માં પૂર્ણ થઈ રહી છે અને



તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ ટર્મ પૂરી થયા બાદ ફરી આ હોદ્દા માટે દાવેદારી નહીં નોંધાવે.

પોતાના નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, "મેં ટાટા ગ્રૂપમાં વ્યાવસાયિક જીવનના 40 વર્ષ પૂર્ણ કર્યા છે. આ મહાન સંસ્થામાં યોગદાન આપવાની તક મળી તે મારા માટે અત્યંત સંતોષજનક રહ્યું. છેલ્લા એક દાયકાથી ટાટા સન્સનું નેતૃત્વ કરવું એ મારા માટે બહુ મોટું સન્માન અને મોટી જવાબદારી હતી. સુચારુ કામગીરી(Transition) સુનિશ્ચિત કરવા માટે મેં બોર્ડને ટૂંક સમયમાં જ નવો ઉત્તરાધિકારી નક્કી કરવા વિનંતી કરી છે." તેમના રાજીનામાના સમાચાર બહાર આવતા જ ટાટા ગ્રૂપની શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓ જેવી કે TCS, ટાટા સ્ટીલ અને ટાટા પાવરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. ચંદ્રશેખરનના રાજીનામા પાછળ શેરધારકો સાથેની ખેંચતાણ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા સાથેના મતભેદો જવાબદાર હોવાનું માનવામાં આવે છે. પોતાના સત્તાવાર નિવેદનમાં ચંદ્રશેખરને ખુલાસો કર્યો હતો કે, ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સની નોમિનેશન કમિટીએ ફેબ્રુઆરી 2027 પછી પણ તેમને વધુ 5 વર્ષની ટર્મ આપવા માટે સર્વસંમતિથી ભલામણ કરી હતી. પરંતુ, 24 ફેબ્રુઆરી 2026ના રોજ બોર્ડ મીટિંગ દરમિયાન બોર્ડના એક સભ્યે આ પ્રસ્તાવને ટેકો આપ્યો ન હતો. સર્વસંમતિના અભાવને કારણે તેમણે પોતે જ આ પદ પરથી હટી જવાનો નિર્ણય લીધો હતો.

ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે બોર્ડમાં પ્રતિનિધિત્વ, ગ્રૂપની ભવિષ્યની રણનીતિ અને લઘુમતી શેરધારક શાપૂરજી પાલનજી (Shapoorji Pallonji) ના પ્રસ્તાવિત એક્ઝિટને લઈને લાંબા સમયથી મતભેદો ચાલી રહ્યા હતા. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ ચંદ્રશેખરનને ફરીથી ચેરમેન બનાવવાનો વિરોધ કર્યા બાદ આ વિવાદ વધુ ઉગ્ર બન્યો હતો.

ઉલ્લેખનીય છે કે, એન. ચંદ્રશેખરન 1987માં ટાટા ગ્રૂપમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓ 2009માં TCSના CEO બન્યા અને વર્ષ 2017માં તેમણે ટાટા સન્સના ચેરમેન તરીકેની સૂત્ર સંભાળ્યા હતા. પોતાના એક દાયકાના કાર્યકાળ દરમિયાન તેમણે એર ઈન્ડિયાના ટેકઓવર સહિત અનેક પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો.

## બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડે બે થીમેટિક ફંડના લોન્ચ દ્વારા રૂ. 1,200 કરોડ*થી વધુની રકમ એકત્ર કરી

મુંબઈ : બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડે વર્ષ 2026 દરમિયાન લોન્ચ કરાયેલા તેના બે થીમેટિક ફંડ દ્વારા રૂ. 1,200 કરોડથી વધુની રકમ એકત્ર કરી છે. આ બંને ફંડમાં બરોડા બીએનપી પારિબા ઈએસજી બેસ્ટ-ઈન-ક્લાસ સ્ટ્રેટેજી ફંડ અને બરોડા બીએનપી પારિબા સર્વિસીસ ફંડનો સમાવેશ થાય છે. તાજેતરમાં પૂર્ણ થયેલી સર્વિસીસ ફંડની ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) દ્વારા રૂ. 590 કરોડ*થી વધુની રકમ એકત્ર થઈ હતી, જ્યારે આ પહેલાં ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન બરોડા બીએનપી પારિબા ઈએસજી બેસ્ટ-ઈન-ક્લાસ સ્ટ્રેટેજી ફંડ દ્વારા સફળતાપૂર્વક રૂ. 640 કરોડ*ની રકમ એકત્ર કરવામાં આવી હતી.

આ બંને ફંડના લોન્ચ માટે દેશભરના 5,700થી વધુ પિન કોડમાંથી અરજીઓ મળી હતી, જે દર્શાવે છે કે ભારતના લાંબા ગાળાના વિકાસની તકોને ધ્યાનમાં રાખીને અલગ પ્રકારની ઈક્વિટી રોકાણ વ્યૂહરચનાઓમાં રોકાણ કરવા માટે રોકાણકારોનો વ્યાપક પ્રતિસાદ મળ્યો છે."અમારા ઈએસજી ફંડ અને સર્વિસીસ ફંડને મળેલો પ્રતિસાદ દર્શાવે છે કે ભારતીય રોકાણકારો હવે વધુ પરિપક્વ બની રહ્યા છે. તેઓ માત્ર વ્યાપક બજાર આધારિત રોકાણથી આગળ વધી લાંબા ગાળાના માળખાકીય વિકાસના વલણોથી પ્રેરિત રોકાણની તકો શોધી રહ્યા છે. બરોડા બીએનપી પારિબા મ્યુચ્યુઅલ ફંડમાં અમે સઘન સંશોધન અને એક્ટિવ ફંડ મેનેજમેન્ટના આધારે અલગ પ્રકારના ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ તૈયાર કરવા માટે સતત પ્રયત્નશીલ છીએ, જેથી રોકાણકારો ભારતની સતત વિકસતી વિકાસયાત્રામાં ભાગીદાર બની શકે. અમે વિચારપૂર્વક અમારી પ્રોડક્ટ શ્રેણીનો વિસ્તાર કરવા સાથે રોકાણકારોને લાંબા ગાળે મૂલ્ય સર્જન પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છીએ." - સંજય ગ્રોવર, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, બરોડા બીએનપી પારિબા એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ.આ બંને ફંડ લાંબા ગાળાના રોકાણ માટે અલગ હોવા છતાં એકબીજાના પૂરક એવા રોકાણ વિકલ્પો રજૂ કરે છે. બરોડા બીએનપી પારિબા ઈએસજી બેસ્ટ-ઈન-ક્લાસ સ્ટ્રેટેજી ફંડ એવા ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે પર્યાવરણ, સામાજિક જવાબદારી અને સારા કોર્પોરેટ ગવર્નન્સના મજબૂત ધોરણોનું પાલન કરે છે.

## News Brief

### શંકેશ જ્વેલર્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા.12

શંકેશ જ્વેલર્સ લિમિટેડે મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ તેનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરી છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ સોમવાર, 17 ઓગસ્ટ, 2026 રહેશે, જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, 20 ઓગસ્ટ, 2026 રહેશે. આ ઓફર માટે રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરની પ્રાઈઝ રેન્જ રૂ. 88થી રૂ. 93 નક્કી કરવામાં આવી છે. રોકાણકારો રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 160 ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ 160 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. આ ઓફરમાં રૂ. 2,742 મિલિયન સુધીની કુલ રકમના 2,94,82,000 સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. 930 મિલિયન સુધીની કુલ રકમના 1,00,00,000 સુધીના ઈક્વિટીની ઓફર ફોર સેલ (ઓએફએસ) નો સમાવેશ થાય છે. આ ઓએફએસમાં શેર વેચનાર શેરધારકોમાં શ્રી કાંતિલાલ ખીમરાજ જૈન દ્વારા 48,00,000 સુધીના ઈક્વિટી શેર અને શ્રી મનોજ કાંતિલાલ જૈન (collectively, the "Promoter Selling Shareholders") દ્વારા 52,00,000 સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. શંકેશ જ્વેલર્સ લિમિટેડનું મુખ્ય મથક મુંબઈમાં છે. આ બીટુબી જ્વેલરી કંપની સમગ્ર ભારતમાં ગ્રાહકો માટે હાથથી બનાવવામાં આવતી સોનાની જ્વેલરી અને તેમની જરૂરિયાત મુજબ જ્વેલરી તૈયાર કરવાની સેવાઓના વ્યવસાયમાં કાર્યરત છે.

## રિયલમી 16x 5Gનું લોન્ચ – સેગમેન્ટની સર્વશ્રેષ્ઠ 7000mAh ટાઈટન બેટરી અને સ્મૂથ પરફોર્મન્સ માત્ર રૂ. 23,999 થી શરૂ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ભારતીય યુવાનો વચ્ચે સૌથી લોકપ્રિય સ્માર્ટફોન બ્રાન્ડ રિયલમીએ આજે તેની નંબર સીરીઝમાં નવો સ્માર્ટફોન સામેલ કરતા રિયલમી 16x 5G ના લોન્ચિંગની જાહેરાત કરી છે. સેગમેન્ટમાં "બેસ્ટ ઓલ-રાઉન્ડર સ્માર્ટફોન" તરીકે સ્થાન ધરાવતો રિયલમી 16x 5G આજની ઓલવેઝ-ઓન લાઈફસ્ટાઈલ સાથે કદમ મિલાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ ડિવાઈસ સેગમેન્ટની સર્વશ્રેષ્ઠ 7000mAh ટાઈટન બેટરી, 45W સુપરવૂક ફાસ્ટ ચાર્જ, 144Hz અલ્ટ્રા બ્રાઈટ ડિસ્પ્લે અને 5-પિલર સ્મૂથ પરફોર્મન્સનું મિશ્રણ પૂરું પાડે છે, જે આજની ડાયનેમિક લાઈફસ્ટાઈલ માટે અસાધારણ પાવર, એન્ટરટેઈનમેન્ટ અને લાંબા સમયની વિશ્વસનીયતા આપે છે. રિયલમી 16x 5G વર્ષો સુધી સતત સ્મૂથ સ્માર્ટફોન એક્સપિરિયન્સ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે તેને રોજિંદા ઉપયોગ માટે સૌથી ઉત્તમ ફોનમાંથી એક બનાવે છે. આ સ્માર્ટફોન 6nm પ્રોસેસ પર બનેલા મીડિયાટેક ડાયમેન્સિટી 6300 5G ચિપસેટ દ્વારા સંચાલિત છે, જેમાં રેસ્પોન્સિવ મલ્ટીટાસ્કિંગ અને કાર્યક્ષમ પરફોર્મન્સ માટે 18GB ડાયનેમિક રેમ અને 256GB સુધીનું સ્ટોરેજ આપવામાં આવ્યું છે.એન્ડ્રોઈડ 16 પર આધારિત રિયલમી UI 7.0 પર ચાલતું આ ડિવાઈસ, સિસ્ટમ રિસ્પોન્સિવનેસ સુધારવા, એપ લોન્ચ ઝડપી બનાવવા અને સ્ક્રોલિંગ, ગેમિંગ તથા એપ્સ વચ્ચે સ્વિચ કરતી વખતે એનિમેશનને સ્મૂથ રાખવા માટે રિયલમીની ફ્લક્સ એન્જિન અને ફ્લક્સ એનિમેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.લાંબા સમયની નિશ્ચિંતતા માટે, રિયલમી 16x 5G એક્સટેન્ડેડ યુઝ કેર અને લાંબા ગાળાના સોફ્ટવેર સપોર્ટ સાથે 5-વર્ષ સ્મૂથ પરફોર્મન્સ આપે છે. ઉપયોગીતા અને વિશ્વસનીયતા માટે




બનાવવામાં આવેલ રિયલમી 16x 5G ફાસ્ટ, સ્ટેબલ અને ભરોસાપાત્ર રહે છે, જે તમને તેના સેગમેન્ટમાં સર્વશ્રેષ્ઠ પરફોર્મન્સ સ્માર્ટફોન એક્સપિરિયન્સ મેળવવામાં મદદ કરે છે. ગેમિંગના શોખીનો માટે, રિયલમી 16x 5G માં મોટું 5300mm એરફ્લો વેપર ચેમ્બર કૂલિંગ સિસ્ટમ આપવામાં આવ્યું છે, જે GT બૂસ્ટ અને હાઈપર કૂલિંગ ટેક્નોલોજી સાથે મળીને રિસોર્સિસનું યોગ્ય વિતરણ કરે છે, ફ્રેમ રેટ્સને સ્ટેબલ રાખે છે અને લાંબા ગેમિંગ સેશન્સ દરમિયાન ગરમીને અસરકારક રીતે નિયંત્રિત કરે છે. આ સિવાય, એક ખાસ વન-ટેપ કૂલિંગ ફીચર વધુ વપરાશ વખતે પણ ડિવાઈસનું તાપમાન ઘટાડવામાં મદદ કરે છે, જે તમને સતત, આરામદાયક અને સર્વશ્રેષ્ઠ ગેમિંગ એક્સપિરિયન્સ આપે છે. એન્ટરટેઈનમેન્ટ અને ગેમિંગ બંનેને વધુ બહેતર બનાવતા, રિયલમી 16x 5G માં મોટી 6.8 ઈંચની અલ્ટ્રા બ્રાઈટ ડિસ્પ્લે આપવામાં આવી છે, જે તેના સેગમેન્ટમાં શ્રેષ્ઠ વ્યૂઈંગ એક્સપિરિયન્સ આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. સેગમેન્ટની સર્વશ્રેષ્ઠ 144Hz રિફ્રેશ રેટ અને 1,200 nits હાઈ બ્રાઈટનેસ મોડ સાથે, આ ડિસ્પ્લે અલ્ટ્રા સ્મૂથ સ્ક્રોલિંગ, ઝડપી ટચ રિસ્પોન્સ અને રોજિંદા ઉપયોગમાં પછી ભલે તમે સ્ટ્રીમિંગ કરતા હોવ, ગેમિંગ કરતા હોવ કે બહાર તડકામાં બ્રાઉઝિંગ કરતા હોવ, સ્પષ્ટ અને આરામદાયક વ્યૂઈંગ અનુભવ પૂરો પાડે છે. રિયલમી 16x 5G માં આખો દિવસ ચાલતી પાવરફુલ બેટરી લાઈફ અને વધુ સ્મૂથ, ઓલવેઝ-ઓન અનુભવ માટે સેગમેન્ટની સર્વશ્રેષ્ઠ 7000mAh ટાઈટન બેટરી આપવામાં આવી છે. લાંબા સમયની વિશ્વસનીયતા ધ્યાનમાં રાખીને, આ બેટરી છ વર્ષ સુધીના ઉપયોગ પછી પણ 80% થી વધુ ક્ષમતા જાળવી રાખવા માટે ડિઝાઈન કરવામાં આવી છે અને તે 1,600 સુધીના ચાર્જિંગ સાયકલને સપોર્ટ કરે છે, જેથી તમારો રોજિંદો વપરાશ વધવાની સાથે તેનું પરફોર્મન્સ ભરોસાપાત્ર રહે છે.

### વારી ટ્રાન્સપાવર લિમિટેડે ₹160 કરોડના સિંગલ ઓર્ડર સાથે BESS સેગમેન્ટમાં મીડિયમ વોલ્ટેજ સ્કિડ્સ (કોમ્પેક્ટ સબ-સ્ટેશન)ની સપ્લાઈમાં આંતરરાષ્ટ્રીય પહોંચ વધારી

મુંબઈ : વારી એનર્જીસ લિમિટેડની પેટાકંપની વારી ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડે દુનિયાની અગ્રણી એનર્જી સ્ટોરેજ ટેક્નોલોજી એન્ડ સોલ્યુશન પ્રોવાઈડર પૈકીની એક પાસેથી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) એપ્લિકેશન માટે 8.3 MVA મીડિયમ વોલ્ટેજ (MV) સ્કિડ્સની સપ્લાય માટે અંદાજે 160 કરોડનો ઓર્ડર મેળવ્યો છે. આ ઓર્ડર વારી ટ્રાન્સપાવરના વધતા આંતરરાષ્ટ્રીય વ્યવસાય અને નિકાસ કામગીરી માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે ઝડપથી વૃદ્ધિ કરતા એનર્જી સ્ટોરેજ બજાર માટે જરૂરી ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સપ્લાયર તરીકે કંપનીની સ્થિતિને મજબૂત કરે છે. 8.3 MVA MV સ્કિડ IEC-સ્ટાન્ડર્ડ પૂરક, પ્લગ-એન્ડ-પ્લે, કન્ટેનરાઈઝ સોલ્યુશન છે, જેને BESSના ઉપયોગ માટે વારી ટ્રાન્સપાવરે વિકસાવ્યું છે. આ સંપૂર્ણ સોલ્યુશન 20-ફૂટનાં કન્ટેનરમાં ફિટ કરેલું છે, જેથી એને અલગ-અલગ પ્રોજેક્ટ સાઈટ અને આંતરરાષ્ટ્રીય બજારમાં સરળતાપૂર્વક ટ્રાન્સપોર્ટ, ઈન્સ્ટોલ અને સ્થાપિત કરી શકાય છે. એની સરળતાપૂર્વક શિપ અને સ્ટેક થતી ડિઝાઈન મોટા પાયે BESS સ્થાપના માટે વધારે ફ્લેક્સિબિલિટી આપે છે. આ ઓર્ડર અંતર્ગત શિપમેન્ટ જુલાઈ, 2026થી શરૂ થઈ ગઈ છે. જ્યારે પાવર ગ્રિડમાં રિન્યૂએબલ એનર્જીને સમાવવા, ગ્રિડની ફ્લેક્સિબિલિટી વધારવા અને સતત વિશ્વસનિય રીતે વીજપુરવઠો પ્રદાન કરવા બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ બહુ જરૂરી છે, ત્યારે આ ઓર્ડર મળ્યો છે. વારી એનર્જીસ લિમિટેડના ડિરેક્ટર શ્રી વિરેન દોશીએ કહ્યું હતું : "આંતરરાષ્ટ્રીય BESS ઈકોસિસ્ટમમાં પોતાની કામગીરી વધારવાની દિશામાં આ ઓર્ડર હાંસિલ કરવો વારી ટ્રાન્સપાવર માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. અમારા કન્ટેનરાઈઝ MV સ્કિડ સોલ્યુશનમાં એન્જિનીયરિંગ ક્ષમતા, સ્ટાન્ડર્ડાઈઝેશન અને સ્થાપનાની ફ્લેક્સિબિલિટીનો મેળ છે, જેથી અમે વિવિધ બજારોમા મોટા પાયે એનર્જી સ્ટોરેજ પ્રોજેક્ટની જરૂરિયાતો પૂર્ણ કરી શકીએ છીએ.

### મોબિક્વિક સતત ત્રીજા ક્વાર્ટરમાં નફાકારક; ₹7.6 કરોડનો PAT નોંધાવ્યો, વાર્ષિક ધોરણે (YoY) ₹49.5 કરોડનો સકારાત્મક ઉછાળો

અમદાવાદ : વન મોબિક્વિક સિસ્ટમ્સ લિમિટેડ (મોબિક્વિક) (NSE: MOBIKWIK / BSE:544305), ભારતનું સૌથી મોટું ડિજિટલ વોલેટ, આજે 30 જૂન, 2026 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર (Q1 FY27) ના કમાણીના પરિણામોની જાહેરાત કરી છે. કંપનીએ તેના સતત ત્રીજા નફાકારક ક્વાર્ટરની જાહેરાત કરી છે,જેમાં 7.6 કરોડનો PAT નોંધાયો છે, જે YoY 49.5 કરોડનો સકારાત્મક ઉછાળો દર્શાવે છે, જે ભારતના સૌથીઝડપથી સ્કેલિંગ અને નફાકારક ફિનટેક પ્લેટફોર્મ્સમાંથી એક તરીકે તેની સ્થિતિને મજબૂત કરે છે.

મુખ્ય નાણાકીય વિગતો: Q1 FY27 v/s Q1 FY26

| | Platform GMV | ZIP EMI GMV | Total Income | Contribution on Profit | EBITDA | PAT |
|---|---|---|---|---|---|---|
| Q1 FY27 | ₹58,700 Cr | ₹736.7 Cr | ₹289.2 Cr | ₹128.6 Cr | ₹15.8 Cr | ₹7.6 Cr |
| Q1 FY26 | ₹39,200 Cr | ₹693.1 Cr | ₹281.6 Cr | ₹77.4 Cr | ₹(31.2) Cr | ₹(41.9) Cr |
| Growth | 50% | 6% | 3% | 66% | ₹47 Cr Swing | ₹49.5 Cr Swing |

નફાકારક ગ્રોથની ગતિ ચાલુ

Q1 FY27 એ મોબિક્વિકની નફાકારકતાની યાત્રાનું સતત જોડાણ દર્શાવે છે. કોન્ટ્રિબ્યુશન પ્રોફિટ YoY 66% વધ્યો છે, જે પેમેન્ટ્સ અને Financial Servicesમાં શિસ્તબદ્ધ ખર્ચ સંચાલન અને મજબૂત મોનેટાઈઝેશન પ્રતિબિંબિત કરે છે. પ્લેટફોર્મ GMV નવા ત્રિમાસિક ઉચ્ચ સ્તરે પહોંચ્યો છે, જ્યારે ફાઈનાન્શિયલ સર્વિસીસે અનુકૂળ ગ્રોસ પ્રોફિટ માર્જિન સાથે મજબૂત આવક ગ્રોથ આપ્યો છે.

કામગીરી પર ટિપ્પણી કરતા, મોબિક્વિકના સહ-સ્થાપક, MD અને CEO બિપિન પ્રીત સિંહે જણાવ્યું હતું: 'અમારું Q1 FY27 નું પ્રદર્શન પુષ્ટિ કરે છે કે નફાકારકતા અમારા બિઝનેસ મોડેલમાં વણાયેલી છે, જેમાં ગ્રોથમાં સતત રોકાણની સાથે સતત ત્રણ નફાકારક ક્વાર્ટર મળ્યા છે. પેમેન્ટ્સમાં, અમે સુધારેલા યુનિટ ઈકોનોમિક્સ સાથે 50% YoY ગ્રોથ પ્રાપ્ત કરીને સતત 14 ક્વાર્ટરની રેકોર્ડ GMV શ્રેણી આપી છે. લેન્ડિંગમાં, અમે ગ્રોસ પ્રોફિટ YoY 5.6 ગણો વધાર્યો છે, જે મજબૂત ક્રેડિટ ક્વોલિટી અને મજબૂત પોર્ટફોલિયો રિકવરી દર્શાવે છે. અમે અમારી પેમેન્ટ્સ લીડરશિપને ઊંડી બનાવવા, અમારા ડિજિટલ ફાઈનાન્શિયલ સર્વિસિસઈકોસિસ્ટમનો વિસ્તાર કરવા અને અમારા ગ્રાહકો તથા શેરધારકો માટે સતત લાંબા ગાળાનું મૂલ્ય નિર્માણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

30 જૂન, 2026 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરના મુખ્ય પરિણામો

કન્સોલિડેટેડ નાણાકીય વિગતો

રેવેન્યુ ફ્રોમ ઓપરેશન્સ 281.5 કરોડ રહી, જે YoY 4% વધુ છે; ટોટલ ઈન્કમ 289.2 કરોડ રહી, જે YoY 3% વધુ છે.

ડાયરેક્ટ કોસ્ટ્સ YoY 21% ઘટ્યો, જે ખર્ચ કાર્યક્ષમતા પર સતત ધ્યાન કેન્દ્રિત કરતું દર્શાવે છે

કોન્ટ્રિબ્યુશન પ્રોફિટ 66% YoY વધીને 128.6 કરોડ થયો

કુલ આવકના % તરીકે ફિક્સ્ડ ખર્ચ 39% રહ્યો, જે ઉચ્ચ ગ્રોથ ક્ષમતા ધરાવતા વર્ગોમાં થઈ રહેલા રોકાણ સાથે બિલ્ડ ફેઝ પ્રતિબિંબિત કરે છે

Q1 FY27 માટે EBITDA 15.8 કરોડ રહ્યો, જે YoY 47 કરોડના સુધારા સાથે નફાકારક ક્વાર્ટર દર્શાવે છે

Q1 FY27 માં PAT 7.6 કરોડ રહ્યો, જે Q1 FY26 થી 49.5 કરોડનો સકારાત્મક ઉછાળો દર્શાવે છે.

## આંતરરાષ્ટ્રીય યુવા દિવસઃ નામદેવ ફિનવેસ્ટની જવાબદાર ધિરાણ મારફત ભારતની આગામી પેઢીના ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવાની પહેલ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ભારતની યુવા વસ્તી તેની સૌથી મોટી તાકાત છે. દેશભરમાં નવી પેઢીના યુવા સાહસિકો ઈનોવેશન, રોજગારી અને આર્થિક વિકાસને નવી દિશા આપી રહ્યા છે. ટીઅર-2 અને ટીઅર 3 શહેરોથી લઈને ગ્રામીણ ભારત સુધી પ્રથમ પેઢીના નવા ઉદ્યોગસાહિસકો ટેક્નોલોજી, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્થાનિક તકોનો ઉપયોગ કરીને એવા વ્યવસાયો ઊભા કરી રહ્યા છે જે સમગ્ર સમુદાયનું ચિત્ર બદલી રહ્યા છે. આ બિઝનેસ ઈકોસિસ્ટમ જેમ-જેમ વિસ્તરી રહી છે, તેમ-તેમ સમયસર અને જવાબદાર ધિરાણ (ફાઈનાન્સ) મેળવવું એ ટકાઉ વૃદ્ધિ માટે સૌથી મહત્વપૂર્ણ પરિબળ બન્યું છે. નામદેવ ફિનવેસ્ટ લિમિટેડ ખાતે ઉભરતા સાહસિકોને લોન આપવા કરતાં પણ અધિક સશક્ત બનાવવાનો પ્રયાસ થાય છે. કંપની પ્રથમ પેઢીના સાહસિકોને ઔપચારિક ધિરાણ સરળતાથી મળે અને તેઓ લાંબા ગાળાની નાણાકીય મજબૂતી મેળવી શકે તે માટે પ્રતિબદ્ધ છે. અનુભવ અને યુવા ઉર્જાના અનન્ય મિશ્રણ સાથે નામદેવ ફિનવેસ્ટ ટીઅર-2, ટીઅર-3, ગ્રામીણ અને અર્ધ-શહેરી ભારતમાં વંચિત સાહસિકો માટે ધિરાણનું અંતર દૂર કરવાનું કામ કરી રહી છે. પોતાની ટેક્નોલોજી-આધારિત લેન્ડિંગ સિસ્ટમ અને મજબૂત સ્થાનિક નેટવર્ક દ્વારા કંપની નવા અને યુવા સાહસિકો માટે એક વિશ્વાસપાત્ર ભાગીદાર બની છે. આ કાર્યક્રમ અંગે નામદેવ ફિનવેસ્ટ લિમિટેડના ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી જિતેન્દ્ર તંવરે જણાવ્યુ હતું કે:'ભારતનો યુવા વર્ગ માત્ર આપણા અર્થતંત્રનું ભવિષ્ય નક્કી નથી કરી રહ્યો, પરંતુ તેનું ઘડતર કરી રહ્યો છે. સમગ્ર દેશમાં, આપણે જોઈ રહ્યા છીએ કે યુવા સાહસિકો એવા વિસ્તારોમાંથી વ્યવસાયો ઊભા કરી રહ્યા છે, રોજગારીનું સર્જન અને આર્થિક પ્રગતિ લાવી રહ્યા છે જ્યાં અગાઉ બેન્કિંગ કે ફાઈનાન્સની સુવિધાઓ મર્યાદિત હતી. મારી પોતાની યાત્રા પણ યુવાનોનો જુસ્સો અને મહત્વાકાંક્ષાની આ શક્તિનું ઉદાહરણ છે. મેં મારી ઉદ્યોગસાહસિક તરીકેની કામગીરી માત્ર 17 વર્ષની ઉંમરે શરૂ કરી હતી. એક જનૂન અને અદમ્ય યુવા ઉર્જા સાથે અગણિત બેઠકો, સતત મહેનત અને 20 વર્ષના સમૃદ્ધ અનુભવ પછી આજે મને નામદેવ ફિનવેસ્ટને આ ઊંચાઈ પર પહોંચાડવાનો લ્હાવો મળ્યો છે. આજે 10 રાજ્યોમાં 137થી વધુ શાખાઓ અને 1,750થી વધુ ટીમ સભ્યો આ જ જુસ્સા સાથે આંત્રપ્રિન્યોરશીપ (ઉદ્યોગ સાહસિકતા)ને પ્રોત્સાહન આપી રહ્યા છે.



## હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ લિમિટેડનો પ્રારંભિક જાહેર ભરણા (IPO) સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઇ | તા.12

હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સ લિમિટેડ ("કંપની") તેના ઈક્વિટી શેરના પ્રારંભિક જાહેર ભરણા (IPO) માટેની બિડ/ઓફર સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફર માટેની પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર ૫૭ થી ૬૦ નક્કી કરવામાં આવી છે ("પ્રાઈસ બેન્ડ"). ન્યૂનતમ ૨૫૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૫૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે ("ન્યૂનતમ બિડ લોટ"). એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ શુક્રવાર, 14 ઓગસ્ટ, 2026 રહેશે. બિડ/ઓફર સોમવાર, 17 ઓગસ્ટ, 2026 ના રોજ ખુલશે.આ ઈશ્યૂમાં 26,000 મિલિયન સુધીના ઈક્વિટી શેરનો સંપૂર્ણ નવો ઈશ્યૂ શામેલ છે જે દરેક 10 ની ફેસ વેલ્યુ સાથે એકત્રિત




કરવામાં આવશે.બ્લેકસ્ટોનના રિયલ એસ્ટેટ ઈન્ડિયાના વડા આશીષ મોહતાએ જણાવ્યું હતું કે: "અમને ભારતનો પ્રથમ ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ-કેન્દ્રિત IPO લોન્ચ કરવાનો આનંદ છે, જે કાઉન્ટીમાં બ્લેકસ્ટોનનો પંદરમો IPO અને સાતમો રિયલ એસ્ટેટ લિસ્ટિંગ પણ છે. આ ભારતીય મૂડી બજારોમાં નવીનતા લાવવા અને અમારા રોકાણકારો માટે તકો વિસ્તૃત કરવાના અમારા પ્રયાસોનું ચાલુ છે. અમને ગર્વ છે કે અમે ઉચ્ચ ગુણવત્તાવાળી સંપત્તિઓ, માર્કી ભાડૂતો અને આર્થિક વિકાસના મહત્વપૂર્ણ સ્તંભને ટેકો આપતા હોરાઈઝન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક્સને ભારતના સૌથી મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ પ્લેટફોર્મમાં બનાવ્યા છે."

## અમેરિકામાં બીજા ત્રિમાસિક ગાળામાં ઘરેલુ દેવામાં ઘટાડો નોંધાયો

ન્યુયોર્ક : ફેડરલ રિઝર્વ બેંક ઓફ ન્યુયોર્કના અહેવાલ મુજબ, વર્ષ બે હજાર છવીસના બીજા ત્રિમાસિક ગાળામાં અમેરિકામાં ઘરગથ્થુ દેવાનું પ્રમાણ ઘટીને અઢાર ટ્રિલિયન ડલર આસપાસ પહોંચ્યું છે. ન્યુયોર્ક ફેડના સેન્ટર ફોર માઈક્રોઈકોનોમિક ડેટા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા ક્રેડિટ અહેવાલ પ્રમાણે કુલ ઘરેલુ દેવું તેર અબજ ડલર અથવા તો પોઈન્ટ એક ટકા ઘટીને અઢાર પોઈન્ટ સાત સાત એક ટ્રિલિયન ડલર નોંધાયું છે. ત્રિમાસિક ઘટાડો હોવા છતાં પાછલા વર્ષની સરખામણીમાં કુલ દેવામાં વધારો જોવા મળ્યો છે. મોર્ગેજ બેલેન્સમાં સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો જોવા મળ્યો છે, જે જૂન મહિનાના અંત સુધીમાં ઘટીને તેર ટ્રિલિયન ડલરથી વધુ થયો છે. જોકે વાર્ષિક ધોરણે મોર્ગેજ વૃદ્ધિ સકારાત્મક રહી છે. આ ઉપરાંત હોમ ઈક્વિટી લાઈન ઓફ ક્રેડિટ બેલેન્સમાં પણ તેર અબજ ડલરનો વધારો નોંધાયો છે. ક્રેડિટ કાર્ડ બેલેન્સમાં પણ ત્રિમાસિક ગાળા દરમિયાન એકવીસ અબજ ડલરનો વધારો થયો છે, જેના કારણે ક્રેડિટ કાર્ડનું કુલ બેલેન્સ નોંધપાત્ર સ્તરે પહોંચ્યું છે.મોટાભાગના ઉત્પાદનો પર દેવા ચુકવણીના ડિલિંક્વન્સી દરો છેલ્લા બે વર્ષથી સ્થિર રહ્યા છે, પરંતુ ઓટો લોન અને ક્રેડિટ કાર્ડ પર નવા ઓવરડ્યુ દરો હજુ પણ ઊંચા સ્તરે છે જેના પર સતત નજર રાખવામાં આવી રહી છે. એકંદર દેવા શ્રેણીઓમાં ગંભીર ઓવરડ્યુ તરફનો પ્રવાહ ઘટીને સુધારા તરફ આગળ વધી રહ્યો છે, જે અર્થતંત્ર માટે સકારાત્મક સંકેત પૂરો પાડે છે.

### KfinTechએ BFSIમાં સહીમાં ગોટાળાની સમસ્યા દૂર કરવા એન્ટરપ્રાઈઝ-ગ્રેડ AI સોલ્યુશન Klarity પ્રસ્તુત કર્યું

(એજન્સી) મુંબઇ | તા.12

ટેકનોલોજીથી સંચાલિત અગ્રણી ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્લેટફોર્મ KFin ટેકનોલોજીસ લિમિટેડ ("KFintech")એ આજે એજેન્ટિક AI સોલ્યુશન Klarity (ક્લેરિટી) લૉંચ કરવાની જાહેરાત કરી હતી, જેને નાણાકીય કામગીરીમાં બે પ્રકારની ખામીઓ દૂર કરવા માટે બનાવવામાં આવ્યું છે : પ્રથમ, કુશળતાપૂર્વક કરેલી બનાવટી સહીઓને સાચી માની લેવી અને બીજી, સાચી સહીઓમાં વ્યવહાર સાથે સંબંધિત પરિવર્તનો (જેમ કે ઉંમર કે બીમારીને કારણે) તેમને ખોટી રીતે રિજેક્ટ કરવી. જ્યાં પણ જૂની ઓળખ અને વેરિફિકેશન પ્રોસેસનો ઉપયોગ થાય છે, ત્યાં ધિરાણ સંસ્થાઓને બહુ જોખમનો સામનો કરવો પડે છે. જો કોઈ બનાવટી સહીને સાચી માની લેવામાં આવે, તો સંસ્થાને છેતરપિંડીથી નુકસાન, કાયદાકીય જવાબદારી અને સાખને ધક્કો પહોંચવાનું જોખમ ઊભું થાય છે. એનાથી વિપરીત, જ્યારે ઉંમર વધવાની સાથે બીમારી કે પેન ચલાવવાની રીત પરિવર્તન જેવા સ્વાભાવિક કારણોથી સાચી સહીઓને ખોટી રીતે રિજેક્ટ કરવામાં આવે છે, ત્યારે સંસ્થાઓને ગ્રાહકો ગુમાવવાનું, નાણાકીય વ્યવહારમાં વિલંબનું અને ફરી વહીવટી કામ કરવાથી વ્યવસાયને સીધું નુકસાન થાય છે. Klarity આ બંને જોખમોનું સમાધાન ફક્ત એક નાનાં-મોટાં ટૂલ તરીકે નહીં, પરંતુ સંપૂર્ણ AI માળખા તરીકે કરે છે. તેમાં બાયોમેટ્રિક્સ, ઓટોમેટેડ વર્કફ્લો મેનેજમેન્ટ અને માનવીય નજરનો તાલમેળ થાય છે.અંદરની વાત : ડીપ સ્ટ્રોક સ્ટ્રેસ અને માઈક્રો-બાયોમેટ્રિક વિશ્લેષણ : ટૂ-ડાયમેન્શનલ વિઝ્યુઅલ શેપથી મૂલ્યાંકન કરતાં મૂળભૂત ઈમેજ-કમ્પેરિઝન ટૂલ્સથી વિપરીત Klarityનું અલ્ગોરિધમ માઈક્રો-સ્ટ્રોક ડાયનેમિક્સનું મૂલ્યાંકન કરે છે. તેમાં સ્ટ્રોક, પેનના દબાણમાં ફેરફાર, કર્વની ગતિ, એન્ટિ-એક્ઝિટ સ્ટ્રોક એંગલ અને બેઝલાઈન ટ્રીમોર જેવી ચીજો શામેલ છે. તેનાથી આ સોલ્યુશન એવી બારીક છેતરપિંડીને પણ પકડી શકે છે, જે માનવીય આંખોને દગો આપી શકે છે. સાથે સાથે, ઉંમર વધવાથી સ્વાભાવિક પરિવર્તનો વચ્ચે પણ સાચી સહીને ઓળખે છે. KFintechનું ફ્રોડ ડિટેક્શન પ્લેટફોર્મ KFin શીલ્ડ સાથે સંપૂર્ણપણે સંકલિત Klarityને મૂડી બજાર અને મોટા BFSI ક્ષેત્ર માટે ઈન્ટિગ્રેટેડ બિઝનેસ ઓપ્ટિમાઈઝેશન સોલ્યુશન તરીકે ડિઝાઈન કરેલું છે.

## ઈન્ડેલ મની લિમિટેડે રૂ. 500 કરોડ સુધી એકત્ર કરવા નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પબ્લિક ઈશ્યૂની જાહેરાત કરી

(એજન્સી) મુંબઇ | તા.12

ડિપોઝિટ ન લેતી નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની - મિડલ લેયર (એનબીએફસી-એમએલ) ઈન્ડેલ મની લિમિટેડે પ્રત્યેક રૂ. 1,000 મૂળ કિંમત ધરાવતા સિક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ અને રિડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી)ના પબ્લિક ઈશ્યૂની જાહેરાત કરી છે. આ ઈશ્યૂ મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ ખૂલશે અને સોમવાર, 31 ઓગસ્ટ, 2026ના રોજ ધ થશે, જેમાં વહેલા ક્લોઝરનો વિકલ્પ છે અને તે જરૂરી મંજૂરીઓને આધીન છે.રોકાણકારો એનસીડી માટે એક અથવા વધુ અરજી કરી શકે છે, જે તમામ સિરિઝમાં રૂ. 10,000ની લઘુત્તમ એપ્લિકેશન સાઈઝ અને ત્યારબાદ રૂ. 1,000ના ગુણાંકને આધીન છે.આ પબ્લિક ઈશ્યૂમાં રૂ. 250 કરોડનો બેઝ ઈશ્યૂ સામેલ છે તથા રૂ. 250 કરોડ સુધીના ઓવર સબસ્ક્રિપ્શન (ગ્રીન શૂ ઓપ્શન) જાળવી રાખવાનો વિકલ્પ પણ છે, જે સાથે ઈશ્યૂનું કુલ કદ રૂ. 500 કરોડ થવા પામે છે.ઈશ્યૂના મર્ચન્ટ બેંકર્સ ટ્રસ્ટ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ, નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ અને આઈડીબીઆઈ કેપિટલ માર્કેટ્સ એન્ડ સિક્યુરિટીઝ લિમિટેડ છે.ઈશ્યૂમાંથી એકત્રિત રકમનો ઉપયોગ વર્તમાન ડેટ અને/અથવા ડેટ સર્વિસિંગના ધિરાણ, ધિરાણ અથવા પુનર્ધિરાણ માટે કરવામાં આવશે, જેમાં વ્યાજની ચુકવણી અને/અથવા વ્યાજ અને કંપનીના હાલના ઉધારના મુદ્દલની ચુકવણી અથવા પૂર્વચુકવણીનો સમાવેશ થાય છે તેમજ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પણ ઉપયોગ કરવામાં આવશે. (કંપની આ ઈશ્યૂમાંથી મળેલી આવકનો ઉપયોગ પૂર્વચુકવણી દંડની ચુકવણી માટે કરશે નહીં, જો કોઈ હોય તો. ચોખ્ખી આવકનો ઉપયોગ પહેલા ઈશ્યૂના જણાવેલા ઉદ્દેશ્યો માટે કરવામાં




આવશે અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગમાં લેવાશે, જે લાગુ પડતા સેબી એનસીએસ નિયમોનું પાલન કરીને કુલ આવકના 25 ટકા થી વધુ ન હોય તો તેનો ઉપયોગ આધીન રહેશે.) ઈન્ડેલ મનીના હોલ ટાઈમ ડિરેક્ટર ઉમેશ મોહનને જણાવ્યું હતું કે, અમે અમારા અગાઉના એનસીડી ઈશ્યૂ દરમિયાન માર્કેટમાંથી પ્રોત્સાહક પ્રતિસાદ મેળવ્યો છે અને અમે આ ઈશ્યૂ માટે પણ આશાવાદી છીએ. રોકાણકારોનો ભરોસો અમારા બિઝનેસ મોડલ, મેનેજમેન્ટ ટીમ, કોર્પોરેટ ગવર્નન્સ પ્રેક્ટિસ અને લાંબાગાળાની વૃદ્ધિની વ્યૂહરચનાને દર્શાવે છે. ભારતીય અર્થતંત્ર સતત સ્થિતિસ્થાપકતા દર્શાવી રહ્યું છે તથા ગોલ્ડ લોન એનબીએફસી સહિતના સંગઠિત ધિરાણકર્તાઓ તરફથી માગ સારી છે, જે વ્યક્તિગત અને બિઝનેસની ફાઈનાન્સની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આ એનસીડી અમારી મૂડીની સ્થિતિને વધુ મજબૂત કરશે તથા ઉભરતી ધિરાણ માગને પૂર્ણ કરવાની અમારી ક્ષમતામાં મદદ કરશે તેમજ અમારા લાંબાગાળાના વૃદ્ધિના ઉદ્દેશ્યો અને નિયામકી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મદદરૂપ બની રહેશે.31 માર્ચ, 2026 સુધીમાં ઈન્ડેલ મનીની એયુએમ રૂ. 4,103.90 કરોડ હતી, જે નાણાકીય વર્ષ 2025માં રૂ. 2,334.44 કરોડ હતી. નાણાકીય વર્ષ 2026માં કંપનીએ કુલ આવક 605.96 કરોડ અને કર બાદનો નફો રૂ. 123.97 કરોડ નોંધાવ્યો હતો. તેની નેટવર્થ રૂ. 631.77 કરોડ નોંધાઈ છે. કંપનીએ 31 માર્ચ, 2026 સુધીમાં કુલ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (GNPA) 1.65 ટકા, નેટ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NNPA) 1.30 ટકા અને ટિયર I કેપિટલ એડિક્વસી રેશિયો 18.95 ટકા સાથે એસેટ ક્વોલિટી અને મૂડી મજબૂતાઈ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.30 જૂન, 2026 સુધીમાં કંપનીની કામગીરી હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ગુજરાત અને પુડુચેરી, દિલ્હી, ચંદીગઢ, આંદામાન અને નિકોબારના કેન્દ્રશાસિત પ્રદેશોમાં છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 15

# ટ્રમ્પની તુમાખી - નેતન્યાહૂનો નનૈયો, મિડલ ઈસ્ટને શાંત નહીં થવા દે!

ઇઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂએ ગાઝા પટ્ટીમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકાની 15 મુદ્દાની યોજના ફગાવી દીધી છે. જેરૂસલેમમાં કેબિનેટ બેઠક દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું કે, જ્યાં સુધી હમાસ સંપૂર્ણ નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF ગાઝામાંથી પીછેહઠ નહીં કરે. આ નિર્ણયથી અમેરિકા-ઇઝરાયેલ સંબંધોમાં તણાવ વધ્યો છે અને પશ્ચિમ એશિયામાં શાંતિની આશાઓને મોટો ફટકો પડ્યો છે.નેતન્યાહૂએ સ્પષ્ટ કહ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે.' જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રો થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.' આ વિવાદના કેન્દ્રમાં રહેલો દસ્તાવેજ 'બોર્ડ ઓફ પીસ'ના નેજા હેઠળ તૈયાર કરવામાં આવેલ એક વ્યાપક ૧૫-મુદ્દાનો રોડમેપ છે, જે અગાઉના બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ કરારો પછી ટ્રમ્પ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી એક આંતરરાષ્ટ્રીય રાજકીય વ્યવસ્થા છે.ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વોશિંગ્ટનને સીધો નકારાત્મક જવાબ આપતા ગાઝા પટ્ટી માટે યુનાઇટેડ સ્ટેટ્સ સમર્થિત ૧૫-મુદ્દાની શાંતિ યોજનાને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. જેરૂસલેમમાં યોજાયેલી સાપ્તાહિક કેબિનેટ બેઠક દરમિયાન કરવામાં આવેલી આ જાહેરાત, ઇઝરાયેલ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર વચ્ચે ચાલી રહેલા મતભેદો દર્શાવે છે. આ નિર્ણયે પશ્ચિમ એશિયાના ખાસ કરીને મિડલ ઈસ્ટના પ્રાદેશિક સંકટના ઝડપી કૂટનીતિક ઉકેલની આશાઓ પર પણ પાણી ફેરવી દીધું છે. નેતન્યાહૂએ જાહેરાત કરી હતી કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણ ન કરે ત્યાં સુધી ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાઝા પટ્ટીના કોઈપણ ભાગમાંથી આંશિક વાપસી નહીં કરે. ટ્રમ્પે જે માળખાને થોડા દિવસો પહેલા એક સીમાચિહ્નરૂપ સફળતા તરીકે રજૂ કર્યું હતું, તેના મૂળ વાતને સ્પષ્ટપણે નકારીને ઇઝરાયેલી વડા પ્રધાન નેતન્યાહૂ સંપૂર્ણ લશ્કરી વિજયને પ્રાથમિકતા આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષ સતત વધી રહ્યો છે, જેમાં લેબનોનમાં ઈરાન સમર્થિત લડવૈયા સાથેનો સંઘર્ષ, તેહરાન સાથે સીધું ઘર્ષણ અને ફિલિપિની એન્ક્લેવમાં ગંભીર માનવતાવાદી સંકટનો સમાવેશ થાય છે.વોશિંગ્ટનની મધ્યસ્થતામાં ચાલી રહેલી વાટાઘાટો માટે ચોક્કસ સીમા નક્કી કરતા નેતન્યાહૂએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, 'ઇઝરાયેલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને અસ્વીકાર કરે છે.' જ્યાં સુધી હમાસ ખરેખર નિઃશસ્ત્ર ન થાય ત્યાં સુધી IDF કોઈપણ પ્રકારની વાપસી કરશે નહીં. જ્યારે હું હમાસના નિઃશસ્ત્રીકરણની વાત કરું છું, ત્યારે તેનો અર્થ ભારે શસ્ત્રો, હળવા શસ્ત્રો અને તમામ શસ્ત્રો થાય છે. આપણે વાસ્તવિક નિઃશસ્ત્રીકરણની વાત કરી રહ્યા છીએ, કાલ્પનિક નિઃશસ્ત્રીકરણની નહીં.' નેતન્યાહૂએ સ્વીકાર્યું કે ઇઝરાયેલી અધિકારીઓ અમેરિકન વાટાઘાટકારો સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે જેરૂસલેમ મુખ્ય લશ્કરી પૂર્વશરતો પર નમતું જોખવા માટે કોઈ બંધન અનુભવતું નથી. આકરી પ્રતિક્રિયા આપતા તેમણે ઉમેર્યું, 'અમને ઉપદેશ આપનારા બધાથી વિપરીત, અમે ઇઝરાયેલની સુરક્ષા માટે જે જરૂરી છે તે કરીએ છીએ, અને જ્યારે જરૂર પડે ત્યારે અમારા શ્રેષ્ઠ મિત્રો સામે પણ આપણે આપણું વલણ જાળવી રાખવાનું જાણીએ છીએ. હું વડા પ્રધાન છું, ત્યાં સુધી ગાઝા અથવા વેસ્ટ બેંકમાં કોઈ પેલેસ્ટાઈનનું રાજ્ય બનશે નહીં.' ઉલ્લેખનીય છે કે, આ વિવાદના કેન્દ્રમાં રહેલો દસ્તાવેજ 'બોર્ડ ઓફ પીસ'ના નેજા હેઠળ તૈયાર કરવામાં આવેલ એક વ્યાપક ૧૫-મુદ્દાનો રોડમેપ છે, જે અગાઉના બંધકોની મુક્તિ અને યુદ્ધવિરામ કરારો પછી ટ્રમ્પ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી એક આંતરરાષ્ટ્રીય રાજકીય વ્યવસ્થા છે. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઔપચારિક રીતે નિમાયેલા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નિકોલે મ્લાડેનોવના નેતૃત્વ હેઠળ, બોર્ડ ઓફ પીસ ગાઝામાં કાયમી ઉકેલને અટકાવતા મૂળભૂત માળખાકીય પ્રશ્નોને ઉકેલવા માંગતું હતું. આ ૧૫-મુદ્દાનો રોડમેપ શત્રુતાના અંત અને લાંબા ગાળાના પુનઃનિર્માણ વચ્ચેના અંતરને ઘટાડવા પર આધારિત હતો.'બોર્ડ ઓફ પીસ' અમેરિકાની પહેલ પર બનાવાયેલી એક આંતરરાષ્ટ્રીય કૂટનીતિક સમિતિ છે, જેનો હેતુ ગાઝામાં યુદ્ધ ખતમ થયા પછીની વ્યવસ્થા સંભાળવાનો અને લાંબા ગાળાના ઉકેલનો માર્ગ તૈયાર કરવાનો હતો. બોર્ડે જ આ યોજના બનાવવાની હતી કે યુદ્ધવિરામ પછી ગાઝાનું પુનઃનિર્માણ કેવી રીતે થાય.

# વલસાડમાં 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ યાત્રા યોજાઈ

## મુખ્ય માર્ગો 'ભારત માતા કી જય'ના નારાથી ગુંજી ઉઠ્યા



(એજન્સી) વલસાડ | તા 12

વલસાડ શહેરમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન સહિતના આગેવાનોની આગેવાની હેઠળ યોજાયેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ યાત્રામાં યુવાનો, મહિલાઓ, વેપારીઓ, કાર્યકરો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, DDO અતિરાગ ચપલોત, પ્રાંત અધિકારી વિમલ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને વલસાડ નગરપાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

યાત્રા દરમિયાન લોકોએ હાથમાં તિરંગો લઈને 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના ગગનભેદી નારા લગાવ્યા હતા. જેના કારણે સમગ્ર શહેર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયું હતું. વિવિધ સ્થળોએ સ્થાનિકો દ્વારા તિરંગા યાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના મજબૂત બનાવવાનો અને દેશ પ્રત્યેની તેમની જવાબદારીનો અહેસાસ કરાવવાનો હતો. આ ઉપરાંત, 'નશામુક્ત યુવા, જાગૃત સમાજ'ના સંદેશ સાથે યુવાનોને નશાથી દૂર રહી દેશના વિકાસમાં સક્રિય ભાગીદાર બનવા માટે પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# કપરાડામાં 96 દિવ્યાંગ બાળકોનું એસેસમેન્ટ કરાયું

## સાધન સહાય માટે શિક્ષક સદનમાં કેમ્પ, મોટી સંખ્યામાં વાલીઓ હાજર



(એજન્સી) કપરાડા | તા 12

કપરાડા તાલુકામાં દિવ્યાંગ બાળકો માટે એક એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર શિક્ષા ગાંધીનગર અને વલસાડના માર્ગદર્શન હેઠળ કપરાડાના શિક્ષક સદન ખાતે યોજાયેલા આ કેમ્પમાં બાલવાટિકાથી ધોરણ-૧૨ સુધીના કુલ ૯૬ દિવ્યાંગ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સાધન સહાય માટે બાળકોની જરૂરિયાતોનું આકારણી કરવાનો હતો.

ALIMCO સંસ્થા દ્વારા આયોજિત આ કેમ્પમાં વિદ્યાર્થીઓ સાથે મોટી સંખ્યામાં વાલીઓ પણ હાજર રહ્યા હતા. અહીં બાળકોની જરૂરિયાત મુજબ ભવિષ્યમાં કયા પ્રકારની સાધન સહાયની જરૂર પડશે તેનું મૂલ્યાંકન કરાયું. આ આકારણીના આધારે આગામી સમયમાં સાધન સહાય કેમ્પ યોજાશે, જેમાં પાત્ર દિવ્યાંગ બાળકોને સરકાર દ્વારા જરૂરી સાધન સહાય પૂરી પાડવામાં આવશે.

કેમ્પ દરમિયાન, કપરાડા બી. આર.સી. કો-ઓર્ડિનેટર સંજયભાઈ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મનોજભાઈએ વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું. તેમણે દિવ્યાંગ બાળકોને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ, તેમની વિશેષ જરૂરિયાતો અને ઉપલબ્ધ સરકારી સહાય યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી.

આ કેમ્પમાં કુસુમ ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું. બાળકોને પ્રોત્સાહન મળે અને અભ્યાસ માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ થાય તે હેતુથી, બી.આર.સી. કો-ઓર્ડિનેટરના સૂચનથી ફાઉન્ડેશનના સ્નેહલભાઈ પટેલે તમામ ૯૬ બાળકોને શૈક્ષણિક કિટ્સ આપી. આ સહયોગ બદલ દાતાશ્રીનો આભાર વ્યક્ત કરાયો હતો. સમગ્ર કેમ્પનું સંચાલન બી.આર.સી. કો-ઓર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ એજ્યુકેટરો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન થાય અને વાલીઓને તમામ જરૂરી માહિતી મળે તેની ખાતરી કરી. દિવ્યાંગ બાળકોને શિક્ષણમાં આગળ વધવામાં મદદરૂપ થવા માટે આવા કેમ્પ અત્યંત ઉપયોગી સાબિત થાય છે.

## રાજપીપલા કોર્ટે પોક્સો કેસ ના સરોપી ને 20 વર્ષ ની સજા ફટકારી

રાજપીપલા | વિશેષ પોક્સો કોર્ટ, એ પોક્સો કેસ નં. 25/2023માં મહત્વપૂર્ણ ચુકાદો આપતાં આરોપી અનિલ રમણ તડવીને દોષિત ઠેરવી 20 (વીસ) વર્ષની સખત કેદ, 80,000/- દંડ તેમજ ભોગ બનનારને 3,00,000/- (ત્રણ લાખ રૂપિયા) વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.સરકાર પક્ષના કેસ મુજબ, આરોપીએ સગીરા સાથે ઓળખાણ અને વિશ્વાસનો લાભ લઈ તેને પોતાના કબજામાં રાખી તેની સાથે વારંવાર જાતીય શોષણ કર્યું હતું.

## સંખેડામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે અને 'હર ઘર તિરંગા' અભિયાન

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા | સંખેડામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત એક કિલોમીટર લાંબી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાથી સમગ્ર નગર દેશભક્તિના નારાથી ગુંજી ઉઠ્યું હતું.આ યાત્રા ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીની અધ્યક્ષતામાં ડી.બી. પારેખ હાઈસ્કૂલથી શરૂ થઈ હતી. તે ઝંડા ચોક ખાતે સંપન્ન થઈ હતી. યાત્રા દરમિયાન 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારા લગાવવામાં આવ્યા હતા.

## છોટાઉદેપુર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી આ વર્ષે સંખેડા ખાતે કરવામાં આવશે.

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા. છોટાઉદેપુર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી આ વર્ષે સંખેડા ખાતે કરવામાં આવશે. આ મુખ્ય કાર્યક્રમ સંખેડાની ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે યોજાશે. કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.આ ઉજવણીમાં 150થી વધુ વિદ્યાર્થીઓ રંગારંગ કાર્યક્રમો રજૂ કરશે. ડી.બી. પારેખ સ્કૂલના પી.ટી. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને મલખમ જેવી દેશભક્તિ આધારિત કૃતિઓની તાલીમ અપાઈ રહી છે.વડોદરાથી આવેલા ખાસ ટ્રેનર દ્વારા વિદ્યાર્થીઓને તિરંગા થીમ આધારિત રંગારંગ કાર્યક્રમ માટે સઘન તાલીમ આપવામાં આવી રહી છે.જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સંખેડા તાલુકામાં યોજાઈ રહ્યો હોવાથી મોટી સંખ્યામાં લોકો જોડાય અને કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બને તે માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સઘન પ્રયાસો કરી રહ્યા છે.આગામી 15મી ઓગસ્ટે યોજાનારા આ કાર્યક્રમને જોવા માટે સમગ્ર તાલુકામાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ભારત યુકે વચ્ચે કાનૂની સેતુ રચવા મહત્વપૂર્ણ ભૂમિકા

## વલસાડની યુવા વકીલ ચાર્વીને ગુજરાત વિકાસ અસ્મિતા એવોર્ડ




(એજન્સી) વલસાડ | તા 12

વલસાડના રહીશ અને વકીલ ચાર્વી રાજપૂતને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે નોર્થ અમેરિકન ઈન્ડિયન્સ, નોલેજ પ્લસ ફાઉન્ડેશન, એલ. જે. યુનિવર્સિટી ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા અસ્મિતા એવોર્ડ્સથી નવાજવામાં આવતા વકીલ આલમમાં આનંદની લાગણી ફેલાઈ છે.

સમાજમાં પ્રેરણાદાયી યોગદાન બદલ તેમને આ એવોર્ડથી સન્માનિત કરાયા છે. લંડનની ક્વીન મેરી યુનિવર્સિટીમાંથી LLMની પદવી મેળવનાર એડવોકેટ ચાર્વી રાજપૂત ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપારિક વિવાદોના નિરાકરણના નિષ્ણાત છે. આંતરરાષ્ટ્રીય કાનૂની ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ તેમને સન્માનવામાં આવ્યા હતા. ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે મજબૂત કાનૂની સેતુ રચવામાં ભજવેલી મહત્વપૂર્ણ ભૂમિકા બદલ પણ તેમને સન્માન મળ્યું હતું. ભારતીય કાનૂની વ્યવસાયને વૈશ્વિક સ્તરે નવી ઓળખ આપવા બદલ પણ તેમને સન્માનિત કરાયા હતા.

## સંખેડા તાલુકાના સંખેડા અને બહાદરપુરને જોડતી ઓરસંગ નદી પર નવા બ્રિજને મંજૂરી મળી

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા | સંખેડા તાલુકાના સંખેડા અને બહાદરપુરને જોડતી ઓરસંગ નદી પર નવા બ્રિજને મંજૂરી મળી છે. આ 400 મીટર લાંબો બ્રિજ 129.61 કરોડના ખર્ચે બનશે.ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીની રજૂઆત બાદ આ બ્રિજને મંજૂરી મળી છે. આ મંજૂરીથી સમગ્ર તાલુકામાં ખુશીનો માહોલ છે.

## વિશ્વકર્માં સાહેબ ના જન્મદિવસ નિમિતે સર્વઇલ કેન્સરની રસી 14 વર્ષની બાળાઓને અપાઇ

નિતીન ઠાકર ચાણસ્મા | આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ ભાઇ વિશ્વકર્મા સાહેબ ના જન્મદિવસ નિમિતે સર્વઇલ કેન્સર ની રસી 14 વર્ષ ની બાળાઓ ને અપાઈ તાલુકા ના T H o ડૉ. કલ્પેશ ભાઇ એ રસી વિશે માર્ગદર્શક આપ્યુ t h o saheb nu sal ઓઢાડી અને બુકે થી એમનું સન્માન કર્યું તથા નગરપાલિકા ના પ્રમુખશ્રી પ્રતીક્ષા બેન નુ સન્માન કર્યું કિસાન મોરચા ના પ્રમુખ અશ્વિનભાઈ. બ્રિજેશ ભાઈ. અરવિંદભાઈ. અને ચાણસ્મા મહિલા મોરચા ની બહેનો ઉપસ્થિત રહી ને કાર્યક્રમ ની ઉજવણી કરી.

## ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે 14 કિશોરીઓને સર્વાઈકલ રસી અપાઈ

નિતીન ઠાકર ચાણસ્મા | પ્રદેશ ભાજપ પ્રમુખ જગદિશ વિંશ્વકર્માજીના જન્મદિવસ નિમિતે ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે 14 કિશોરીઓને કેન્સરના સામે રક્ષણ આપતી સર્વાઈક્લ રસી આપવામાં આવી હતી આ પ્રસંગે ટી એચ ઓ ડૉ કલ્પેશભાઈ પટેલ ભાજપ ના યુવા અગ્રણી બ્રિજેશ પટેલ મહિલા અગ્રણી મીરાં દેવી જી આરોગ્ય કર્મચારીઓ સહિત લાભાર્થી કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

## રાષ્ટ્રપ્રેમ અને સંસ્કૃતિના ગૌરવસમા અનોખા કાર્યક્રમ દ્વારા દાંતામાં ઉજવાશે તિરંગા યાત્રા

પાલનપુર | આઝાદીના અમૃત મહોત્સવ અને રાષ્ટ્રપર્વની ઉજવણીના ભાગરૂપે દાંતા તાલુકા વહીવટીતંત્ર, બનાસકાંઠા દ્વારા આગામી તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૮:૩૦ કલાકે એક ભવ્ય અને પ્રેરણાદાયી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. "તિરંગા સાથે તિરંગી ધરોહર - દેશભક્તિ, સંસ્કૃતિ અને વારસાનું ગૌરવ" થીમ આધારિત આ યાત્રાનો પ્રારંભ દાંતા તાલુકાના હરિવાવ મુકામે આવેલી ઐતિહાસિક વાવ ખાતેથી થઈને દાંતા ખાતે આવેલા આઝાદ ચોક સુધી યોજાશે.

## કોટડા (જ) વિશ્વકર્માં પંચ કલ્યાણ મંડળ, દ્વારા સાતમ-આઠમે શુદ્ધ દેશી ઘીની મીઠાઈનું આયોજન

મહેશ એલ.સોની નખત્રાણા | દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શ્રી વિશ્વકર્મા પંચ કલ્યાણ મંડળ, કોટડા (જ.) દ્વારા સાતમ-આઠમના પવિત્ર પર્વ નિમિત્તે કોટડા તથા આસપાસના વિસ્તારની જનતા માટે શુદ્ધ મીઠાઈનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા આ વર્ષે પણ પરંપરા યથાવત રાખીને શુધ્ધ અમૂલ દેશી ઘીમાંથી બનાવેલ લાડુ, મોહનથાળ, પાપડી, લકડીયા અને ભાવનગરી જેવી સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવી રહી છે.

## દાહોદ જિલ્લાના સંજેલી ખાતે 'હર ઘર તિરંગા' યાત્રાનું ઉત્સાહભેર આયોજન કરાયું

દિપક રાવલ દાહોદ લીમખેડા | હર ઘર તિરંગા' અભિયાન થકી નાગરિકમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવવાના હેતુસર સમગ્ર રાજ્ય સહિત દાહોદ જિલ્લામા પણ વિવિધ સ્થળોએ તિરંગા યાત્રાઓ યોજાઇ રહી છે. જે અન્વયે સંજેલી ખાતે 'હર ઘર તિરંગા' યાત્રાનું ઉત્સાહભેર આયોજન કરાયું હતું. આ યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા સેનાનીઓની વેશભૂષા ધારણ કરી 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ' જેવા દેશભક્તિના નારા લગાવી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

## જગદીશભાઈ વિશ્વકર્માંના જન્મદિવસ નિમિત્તે નખત્રાણા બક્ષીપંચ મોરચાનો અનોખો સેવાયજ્ઞ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી) | ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીના જન્મદિવસ નિમિત્તે નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા સેવાકીય અને પર્યાવરણલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પુરેશ્વર મંદિર ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ મોટા યક્ષ ખાતે આવેલ શ્રી સેન મહારાજ સંસ્કાર ધામ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ જાળવણી અને હરિયાળા ભવિષ્યનો સંદેશ આપવામાં આવ્યો હતો.નખત્રાણા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મુકેશભાઈ રાણવાએ જણાવ્યું હતું કે, "ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીના જન્મદિવસની ઉજવણી માત્ર શુભેચ્છાઓ પૂરતી સીમિત ન રહે, પરંતુ સમાજ અને પર્યાવરણ માટે ઉપયોગી બને તેવા હેતુથી આ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પુરેશ્વર મંદિર ખાતે સફાઈ અભિયાન દ્વારા સ્વચ્છતાનો સંદેશ અને મોટા યક્ષ ખાતે શ્રી સેન મહારાજ સંસ્કાર ધામ ખાતે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ જાળવણીનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

## મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગની સરાહનીય કામગીરી.........

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં અતિભારે વરસાદને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોની જાનમાલની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે જિલ્લાના સુવા ગામ ખાતે ભારે વરસાદની વિકટ પરિસ્થિતિનું નિર્માણ થતાં તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરીને ગામના લોકોને સુરક્ષિત સ્થળે ખોડાઆંબા ગ્રામ પંચાયત ખાતે સહીસલામત રીતે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

## મહીસાગર જિલ્લામાં અંદાજિત રૂ. ૩૪ કરોડથી વધુના ખર્ચે નવનિર્મિત રમતગમત સંકુલો અને જિલ્લા પુસ્તકાલયનું ઈ-લોકાર્પણ સંપન્ન

જગદીશ ત્રિવેદી | મહીસાગર મહીસાગર જિલ્લાના યુવાનો, વિદ્યાર્થીઓ અને ખેલાડીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વધુ એક નક્કર કદમ ઉઠાવવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે મહીસાગર જિલ્લામાં અદ્યતન સુવિધાઓથી સજ્જ અંદાજિત રૂ. ૧૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જિલ્લા રમત સંકુલ, હરદાસપુર, અંદાજિત રૂ. ૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ તાલુકા રમત સંકુલ, બેણદા અને અંદાજિત રૂ. ૮.૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જિલ્લા પુસ્તકાલય, લુણાવાડા પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે.

## સમયસર પ્રતિસાદ અને સંકલિત કામગીરીથી દેવધા ગામે સફળ રેસ્ક્યુ

દિપક રાવલ દાહોદ લીમખેડા | કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં સમયસર મળતી મદદ અને ત્વરિત કાર્યવાહી માનવજીવન માટે નિર્ણાયક સાબિત થાય છે. દાહોદ જિલ્લાના દેવધા ગામે જનરક્ષક-112, દાહોદ ફાયર બ્રિગેડ અને ગરબાડા પોલીસની સંકલિત કામગીરીથી આ વાત ફરી એકવાર સાબિત થઈ છે.તા. 11 ઓગસ્ટ, 2026ના રોજ કંટ્રોલ રૂમમાં કોલર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, દેવધા ગામની આંગણવાડીના બાથરૂમમાં એક અજાણ્યો ઈસમ અંદરથી દરવાજો બંધ કરીને બેઠો છે.

## સેવાળા પ્રા.શાળાના આચાર્યએ પોતાના દિવંગત પુત્ર ની 15મી પૂર્ણ તિથિ નિમિતે શાળાના તેમજ આંગણવાડીના બાળકોને તિથિ ભોજન આપ્યું

સેવાળા પ્રા.શાળા ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવતા ચુડાભાઈ રાવળના પુત્ર જીગરભાઈ રાવળ નું 24/7/2011 ના રોજ દુ:ખદ અવસાન થયું હતું જેથી દિવંગત પુત્ર ની 15 મી પૂર્ણ તિથિ નિમિત્તે દિવંગત આત્માના પૂર્ણાર્થે સેવાળા પ્રાં આચાર્ય દ્વારા સેવાળા પ્રા.શાળાના બાળકો આંગણવાડીના ભુલકાંઓને તિથિ ભોજન કરાવી સદગત આત્માનો સ્વર્ગલોક માં વાસ થાય તેવી પ્રાર્થના સાથે સજળ નેત્રે શ્રદ્ધાંજલિ આપી હતી.

## નર્મદા મહિલા પોલીસ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

રાજપીપલા | નર્મદા જિલ્લાના મહિલા પોલીસ કર્મચારીઓ માટે ત્રણ દિવસીના હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન GMERS રાજપીપલા ખાતે કરવામાં આવ્યું હતું.પ્રાપ્ત માહિતી મુજબ રાત દિવસ. મહિલા સલામતી ની ફરજ બજાવતા નર્મદા પોલીસ ની મહિલા કર્મીઓ માટે અત્રે હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું . આ કેમ્પ ના આયોજન અંગે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગના ADHO. ડો . હેતલ ચૌધરીએ જણાવ્યું હતું કે, તા. 10થી 12 ઓગસ્ટ, 2026 દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં કુલ 182 મહિલા પોલીસ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ અને 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ નિમિત્તે વાવ ખાતે ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ

થરાદ | આઝાદીના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દેશવ્યાપી ગૌરવભરી ઉજવણી તથા ઐતિહાસિક 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર નિમિત્તે સમગ્ર દેશમાં દેશભક્તિનો માહોલ છવાયો છે. આ રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત વાવ - થરાદ જિલ્લાના વાવ ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયી તિરંગા યાત્રાનું અત્યંત ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાઅભિયાન દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રભાવના, એકતા અને દેશપ્રેમની અલખ જગાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.વાવ ખાતે યોજાયેલી આ ભવ્ય તિરંગા યાત્રામાં જિલ્લા વહીવટી તંત્ર વાવ-થરાદ, પોલીસ પરિવાર, હોમગાર્ડ જવાનો, શાળાના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અનોખા જોશ સાથે જોડાયા હતા.

## અંબાજી ખાતે 'ગ્રીન અરાવલી - મેગા પ્લાન્ટેશન-૨૦૨૬' મહા અભિયાન: ૧ લાખથી વધુ વૃક્ષોનું કરાશે વાવેતર

પાલનપુર | અરવલ્લીની પ્રાચીન અને ગૌરવશાળી ગિરિમાળાઓને હરિયાળીથી આચ્છાદિત કરવાના ઉદ્દેશ્યથી બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા 'ગ્રીન અરવલ્લી' અંતર્ગત 'મેગા પ્લાન્ટેશન-૨૦૨૬' મહા વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને તથા વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં આગામી તા.૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ગબ્બર રોડ, અંબાજી ખાતે આ મહા અભિયાન યોજાશે.માઁ અંબાના પાવન ધામ અંબાજીની આસપાસ આવેલી અંદાજે ૧૮ ગિરિઓ અને ટેકરીઓ પર ૧ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. સ્થાનિક આબોહવા અને જમીનને અનુકૂળ એવી સાલર, ગોલર સહિતની ૫૦થી વધુ સ્થાનિક, દુર્લભ અને પર્યાવરણીય દૃષ્ટિએ મહત્વપૂર્ણ વૃક્ષ પ્રજાતિઓને આ વાવેતરમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે, જેથી આ ક્ષેત્રની કુદરતી સંપદા અને જૈવવિવિધતા વધુ સમૃદ્ધ બની શકે.

## બિનઅધિકૃત બાંધકામો સામે કોંગ્રેસ નેતાનાં આંદોલનનો સુખદ અંત:-તંત્રની ખાતરી ....

ડાંગ | ડાંગ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં થઈ રહેલા ગેરકાયદેસર અને બિનઅધિકૃત બાંધકામો સામે સ્થાનિક તંત્રની ઢીલી નીતિથી નારાજ થઈને ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના આઈ.ટી.સેલના પ્રમુખ મનીષભાઈ મારકણાએ જિલ્લા સેવા સદન સામે અનિશ્ચિત મુદતના ભૂખ હડતાળ (ઉપવાસ આંદોલન) નો પ્રારંભ કર્યો હતો.મંગળવારે સવારે 11 કલાકથી શરૂ થયેલા આ આમરણ ઉપવાસને પગલે સમગ્ર જિલ્લાના રાજકારણ અને પ્રશાસનમાં ભારે ચર્ચા જાગી હતી.કલેક્ટરને આ મુદ્દે અગાઉ 8 દિવસની આખરી મુદત આપવામાં આવી હોવા છતા આકરા પગલા ન ભરાતા નાછૂટકે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો હોવાનું મારકણાએ જણાવ્યું હતુ.આંદોલનકારી નેતા મનીષ મારકણાએ વિગત આપતા જણાવ્યું હતું કે, તેમણે ડાંગ જિલ્લામાં ચાલી રહેલા નિયમ વિરુદ્ધનાં બાંધકામો અંગે 'જિલ્લા સ્વાગત' કાર્યક્રમમાં તેમજ લેખિતમાં ફરિયાદો નોંધાવી હતી.જિલ્લા તંત્રની પ્રાથમિક તપાસમાં 63 જેટલાં બિનઅધિકૃત બાંધકામો સામે આવ્યા હતા.

## મોન્સૂન ફેસ્ટિવલમાં પ્રવાસીઓ ડાંગી નૃત્ય અને ગરબા ના તાલે ઝૂમી ઉઠ્યા..

ડાંગ | ગિરિમથક સાપુતારા ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત એક મહિના સુધી ચાલનારા મોન્સૂન એટલે કે મેઘ મલ્હાર ફેસ્ટિવલને પ્રવાસીઓનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. તા. 8 ઓગસ્ટથી શરૂ થયેલા આ ફેસ્ટિવલના પગલે છેલ્લા ચાર દિવસથી સાપુતારામાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.ખાસ કરીને ફેસ્ટિવલના ડોમ ખાતે યોજાઈ રહેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.મોન્સૂન ફેસ્ટિવલના ભાગરૂપે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતા કાર્યક્રમો રજૂ કરવામાં આવી રહ્યા છે. જેમાં ડાંગની આગવી લોકસંસ્કૃતિની ઓળખ સમાન પ્રખ્યાત ડાંગી નૃત્યએ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ડાંગી નૃત્યના પરંપરાગત તાલ અને સંગીતની સાથે કલાકારોએ મનમોહક રજૂઆત કરી હતી, જેને નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા.ડાંગી નૃત્યની રજૂઆત દરમિયાન કલાકારો સાથે પ્રવાસીઓએ પણ કદમથી કદમ મિલાવી નૃત્યની રમઝટ બોલાવી હતી.

## લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર આગામી સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે મહીસાગર જિલ્લામાં બે મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમો - 'હર ઘર તિરંગા' અભિયાન અને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. આ બંને કાર્યક્રમોની વિગતો જિલ્લાના નાગરિક સુધી પહોંચે તે આશયથી આજ રોજ મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પત્રકાર પરિષદમાં કલેક્ટરશ્રીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર આ વર્ષે આપણે ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન 'વંદે માતરમના ૧૫૦ વર્ષ'ની વિશેષ થીમ સાથે 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરી રહ્યા છીએ. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં આવતીકાલે, ૧૩મી ઓગસ્ટના રોજ સાંજે ૪:૦૦ કલાકે એક ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. 'વંદે માતરમ'ના ગાન સાથે શરૂ થનારી આ યાત્રા કલેકટર કચેરી લુણાવાડાથી પ્રસ્થાન કરી મહિલા પોલીસ ચોકી, ફૂવારાચોક, માંડવી બજાર અને ડો.પોલન સ્કુલ થઈ આઝાદ મેદાન ખાતે પૂર્ણ થશે.

## મહીસાગર જિલ્લામાં કોઠંબા તાલુકામાં સૌથી વધુ ૧૩૧ મી.મી. વરસાદ નોંધાયો, તંત્રની સતર્કતાથી નાગરિકોનું સફળ રેસ્ક્યૂ

જગદીશ ત્રિવેદી | મહીસાગર | મહીસાગર જિલ્લામાં તારીખ ૧૧ મી ના રોજ સવારે ૬:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધીના સમયગાળા દરમિયાન સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જેમાં જિલ્લાના કોઠંબા તાલુકામાં સૌથી વધુ ૧૩૧ મી.મી., લુણાવાડા તાલુકામાં ૬૯ મી.મી. અને બાલાસિનોર તાલુકામાં ૬૪ મી.મી. વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પગલે લુણાવાડા અને કોઠંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોતરોમાં પાણીનો પ્રવાહ વધતા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.ભારે વરસાદના કારણે સુવા ગામના નાયક ફળિયામાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતા પારખીને તંત્ર દ્વારા તાત્કાલિક નાયક ફળિયામાંથી ૩૧ નાગરિકો અને પશુઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આ તમામ લોકોને ખોડા આંબા ગ્રામ પંચાયત ખાતે સલામત સ્થળે આશ્રય આપવામાં આવ્યો છે. શેલ્ટર હોમમાં રાખવામાં આવેલા આ તમામ નાગરિકોને વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય તપાસ અને ભોજન સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ સત્વરે પૂરી પાડવામાં આવી છે.

# પાલનપુરમાં 84.58 લાખનો વિદેશી દારૂનો નાશ

## પોલીસ દ્વારા 26 ગુનાઓમાં જપ્ત જથ્થા પર રોલર ફરેવી નિકાલ કર્યો

(એજન્સી) બનાસકાંઠા | તા 12

બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચનાથી પાલનપુરમાં લાંબા સમયથી પડતર વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. કુલ 84.58 લાખ રૂપિયાનો મુદ્દામાલ નાયબ કલેક્ટર અને એસડીએમની અધ્યક્ષતામાં નષ્ટ કરાયો હતો.



આ કાર્યવાહી વર્ષ 2025-26 દરમિયાન નોંધાયેલા કુલ 26 પ્રોહિબિશનના ગુનાઓમાં કબજે કરાયેલા ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના જથ્થાના નિકાલ માટે હાથ ધરાઈ હતી. પાલનપુર શહેર પશ્ચિમ અને પૂર્વ પોલીસ સ્ટેશનમાં આ જથ્થો પડતર હતો. પાલનપુર તાલુકાના ચિત્રાસણી આઉટપોસ્ટની ખુલ્લી જગ્યામાં આ દારૂનો નાશ કરાયો હતો. પશ્ચિમ પોલીસ સ્ટેશનનો 32,245 નંગ બોટલ-બીયરનો જથ્થો, જેની કિંમત રૂ. 83,60,635 હતી, તે નષ્ટ કરાયો. જ્યારે પૂર્વ પોલીસ સ્ટેશનના 528 નંગ બોટલ, જેની કિંમત રૂ. 97,805 હતી, તેનો પણ નાશ કરાયો હતો.

આ કાર્યવાહીમાં નશાબંધી-આબકારી વિભાગ, નાયબ પોલીસ અધિક્ષક સહિતના પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. ફાયર સેફ્ટીની વ્યવસ્થા વચ્ચે જેસીબી અને રોલર મશીનનો ઉપયોગ કરીને દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

# ખેરાલુ-બાયડમાં પોણો ઈંચ વરસ્યો

(એજન્સી) ખેરાલુ | તા 12

છેલ્લા 24 કલાકમાં ઉત્તર ગુજરાતના 49 ટકા વિસ્તારમાં હળવો વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલ વચ્ચે રાત્રીનાં તાપમાન 1 ડિગ્રી સુધી ઘટ્યું અને દિવસનું તાપમાન સવા 2 ડિગ્રી સુધી વધ્યું હતું. જો કે, ભેજવાળા પવનના કારણે વાતાવરણમાં ઠંડક યથાવત રહી હતી.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે ઉત્તર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વચ્ચે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વરસાદનું જોર વધુ રહી શકે છે.બનાસકાંઠા જિલ્લામાં 10 દિવસ બાદ પાલનપુર 4 મીમી, હડાદ 4 મીમી, દાંતા 5 મીમી વરસાદ નોંધાયો હતો. જોકે, બનાસકાંઠાના અન્ય તાલુકા તેમજ વાવ થરાદ જિલ્લો વરસાદ વિના કોરો ધાકોર રહ્યો હતો.

સોમવાર સાંજે 6 થી મંગળવાર સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના 53 પૈકી 26 તાલુકામાં હળવો વરસાદ વરસ્યો હતો. જેમાં મહેસાણાના ખેરાલુ અને રાત્રીનાં રાત્રીનાં સૌથી વધુ પોણો-પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદી માહોલ વચ્ચે એક ડિગ્રીના ઘટાડા સાથે સવારનું તાપમાન 26.5 ડિગ્રીની આસપાસ રહ્યું હતું. જ્યારે સવા 2 ડિગ્રીના વધારા સાથે બપોરનું તાપમાન 33.5 ડિગ્રીની આસપાસ રહ્યું હતું. ખેરાલુમાં પોણો ઈંચ, કડીમાં 4 મીમી, મહેસાણામાં 3 મીમી, સાતલાસણા, વડનગર અને વિજાપુરમાં 2-2 મીમી.

# પાલનપુર-આબુ હાઈવે પર ઈનોવા કારની ટક્કર

## પૂરપાટ કારે રિક્ષાચાલકનો ભોગ લીધો, પત્ની ઈજાગ્રસ્ત

(એજન્સી) પાલનપુર | તા 12

પાલનપુર-આબુ નેશનલ હાઈવે પર રિક્ષા અને ઈનોવા કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં રિક્ષાચાલકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પત્નીને ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના ગંગાસાગર પાટિયાથી ચેખલા પાટિયા તરફ જતી વખતે બની હતી. પતિ-પત્ની રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલી ઈનોવા કારે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી.



અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતા જ અમીરગઢ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મૃતક પતિના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

પોલીસે ઈનોવા કારના ચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત અંગે વધુ તપાસ ચાલી રહી છે.

# ટાઉન વેલ્ડીંગ સમિતિમાં બિનસત્તાવાર સભ્યની નિમણૂક થશે

(એજન્સી) પાલનપુર | તા 12

પાલનપુર નગરપાલિકામાં નવા પદાધિકારીઓએ પદભાર સંભાળ્યા બાદ આજે બુધવારે સામાન્ય સભા યોજાશે. સભામાં વિવિધ સમિતિઓની રચના સાથે ચેરમેનોની વરણી કરવામાં આવશે. મહત્વની સમિતીઓ મેળવવા ભાજપના કેટલાક નગરસેવકોમાં લોબિંગની ચર્ચા વચ્ચે કોને કઈ જવાબદારી મળે છે તેના પર સૌની નજર છે.

પાલનપુર નગરપાલિકાની આજે બુધવારે સામાન્ય સભા યોજાશે. સભામાં સૌપ્રથમ ગત સામાન્ય સભાની કાર્યવાહી તેમજ ઠરાવોને બહાલી આપવામાં આવશે. ત્યારબાદ નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરી તેના ચેરમેનોની વરણી કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાત નગરપાલિકા પરિષદના પત્રને વંચાણે લઈ પરિષદની સામાન્ય સભા માટે બે પ્રતિનિધિના નામ નક્કી કરાશે. ટાઉન વેલ્ડીંગ સમિતિમાં બિનસત્તાવાર સભ્યની પણ નિમણૂક કરવામાં આવશે.

ભાજપ શાસિત પાલિકામાં મહત્વની અને મોભાદાર-મલાઈદાર ગણાતી સમિતિઓના ચેરમેનપદ માટે કેટલાક નગરસેવકોએ લોબિંગ શરૂ કર્યું હોવાની ચર્ચા છે. ખાસ કરીને ટાઉન પ્લાનિંગ, બાંધકામ, પાણી પુરવઠો, સેનીટેશન અને સ્ટ્રીટલાઈટ જેવી સમિતીઓ મેળવવા માટે મોવડી મંડળ સુધી રજૂઆતો થઈ હોવાની ચર્ચા વચ્ચે ભાજપ કોને કઈ સમિતિની જવાબદારી સોંપે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# ભુજમાં રૂ. 1.68 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## હોન્ડા સિટીના ચોરખાનામાંથી મળ્યો, બે આરોપી ઝડપાયા

(એજન્સી) કચ્છ | તા 12

પશ્ચિમ કચ્છમાં ગેરકાયદે દારૂની હેરાફેરી સામે પોલીસની કાર્યવાહીમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને સફળતા મળી છે. માધાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક હોન્ડા સિટી કારના ચોરખાનામાંથી રૂ. 1.68 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક ફરાર છે.

પોલીસને બાતમી મળી હતી. બાતમી મુજબ, સફેદ રંગની હોન્ડા સિટી કાર (નંબર GJ-01-HZ-2138) માં બે શખ્સો શેખપીર તરફથી ભુજ તરફ આવી રહ્યા હતા. આ કારમાં ખાસ ચોરખાના બનાવી વિદેશી દારૂનો જથ્થો




છુપાવવામાં આવ્યો હોવાની માહિતી હતી. આ બાતમીના આધારે પોલીસે વાહનને રોકી તલાશી લીધી હતી. તલાશી દરમિયાન કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 125 બોટલો અને 37 ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે રૂ. 1,68,109 નો દારૂ, રૂ. 10,000 ની કિંમતના બે મોબાઈલ ફોન અને રૂ. 3.30 લાખની હોન્ડા સિટી કાર સહિત કુલ રૂ. 5,08,109 નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે મહેન્દ્રસિંઘ ડોઈ (મૂળ રાજસ્થાન, હાલ ઉત્તર પ્રદેશ) અને ક્રીષ્નાકુમાર વિશ્વકર્મા નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં નખત્રાણા ખાતે રહેતો નવલસિંહ જામસિંહ સોઢા ફરાર જાહેર થયો છે.

આ સમગ્ર મામલે માધાપર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. દારૂનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને આ ગેરકાયદેસર નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# 8 વર્ષના બાળકને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં સ્થાન મળ્યું

(એજન્સી) નડિયાદ | તા 12

નડિયાદમાં રહેતા 8 વર્ષના બાળ કલાકાર કર્તવ્ય રાણાએ 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં પોતાનું નામ નોંધાવ્યું છે. ભારતીય રંગભૂમિ અને સંસ્કૃતિના પ્રચાર અર્થે માત્ર 9 દિવસના ટૂંકા ગાળામાં 55 લાઈવ મોનો એક્ટિંગ રજૂ કરી હતી. 'મિશન 50 પ્લસ' અભિયાન અંતર્ગત તેમણે ભગવાન શ્રીકૃષ્ણ અને કામદેવના પાત્રોનું જીવંત નિરૂપણ કર્યું હતું.

આ રેકોર્ડ પ્રયાસ 'મેક્સિમમ લાઈવ મોનો એક્ટિંગ પરફોર્મન્સીસ પ્રમોટીંગ ઈન્ડિયન થીયેટર આર્ટ એન્ડ કલ્ચર' શ્રેણી હેઠળ સત્તાવાર રીતે સંપન્ન કરવામાં આવ્યો હતો. 5 વર્ષની ઉંમરથી રંગભૂમિ પર સક્રિય કર્તવ્ય રાણા છેલ્લા 3 વર્ષથી સતત ભારતીય કલા અને સંસ્કૃતિના સંવર્ધન માટે કામ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં તેમની વિવિધ જીવંત રજૂઆતો ખેડા જિલ્લા સહિતના વિસ્તારોમાં 35 હજારથી વધુ લોકો પ્રત્યક્ષ નિહાળી ચૂક્યા છે.

ખેડા જિલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો, સામાજિક અને સહકારી સંસ્થાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આયોજિત કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક લોકો તરફથી આ પ્રસ્તુતિઓને મોટો પ્રતિસાદ મળ્યો છે. હાલમાં તેઓ નડિયાદ સ્થિત સંતરામ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ધોરણ 3 માં અભ્યાસ કરી રહ્યા છે. કલા ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓની સાથે તેઓ અભ્યાસમાં પણ સતત શ્રેષ્ઠ પ્રદર્શન દાખવીને પોતાના વર્ગમાં પ્રથમ ક્રમ હાંસલ કરે છે.

# નખત્રાણામાં ભવ્ય 'સરસ્વતી સન્માન સમારોહ' યોજાયો

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપ સંચાલિત શ્રી નખત્રાણા તાલુકા/શહેર રઘુવંશી સોશ્યલ ગ્રુપ, મહિલા પાંખ અને યુવા પાંખના સંયુક્ત ઉપક્રમે પરમ પૂજ્ય સંત શ્રી વાલરામજી મહારાજની શતાબ્દી વર્ષ ઉજવણીના અનુસંધાને શ્રી સાઈ જલારામ મંદિર પરિસર, નખત્રાણા ખાતે ભવ્ય 'સરસ્વતી સન્માન સમારોહ' યોજાયો હતો.વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન અને ઉત્સાહ વધે તેવા ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં LKGથી લઈને ઉચ્ચ કક્ષા સુધી શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે સરકારી નોકરી તથા વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ પદવી અને મેડલ પ્રાપ્ત કરનાર ૧૭ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

# જાફરાબાદના કાગવદર નજીક વીજ ટ્રાન્સફોર્મર પર શિકારની શોધમાં ચડેલા દીપડાનું કરંટ લાગતા મોત નિપજ્યું : વનવિભાગ અને વીજ વિભાગ દ્વારા દીપડાને નીચે ઉતારી પીએમ માટે બાબરકોટ ખસેડવામાં આવ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ના કાગવદર નજીક દિપડા વિજ ટ્રાન્સફોર્મર શિકારની શોધમાં પીજીવીસીએલ ના ટ્રાન્સફોર્મર પર ચડેલા દીપડાને વીજ કરંટ લાગવાથી તેનું મોત નિપજ્યું દીપડાની સંખ્યા પણ દિનપ્રતિદિન રીતે વધી રહી છે અવાર નવાર ખુલ્લેઆમ ફરતા જોવા મળે છે શિકાર માટે સતત પ્રયાસ કરતા પણ જોવા મળે છે. જાફરાબાદ તાલુકાના કાગવદર ગામ નજીક માણસુરભાઈ વાઘની વાડી વિસ્તારમાં દીપડાનુ કરંટ લાગવાથી મોત નિપજ્યુ હોવાની ઘટના સામે આવી છે. શિકારની શોધમાં દીપડો PGVCL વિભાગના ટ્રાન્સફોર્મર પરછલાંગ લગાવી ચડી ગયો હતો જેથી અહીંયાજ દીપડાને કરંટ લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું અહીં આસપાસના ખેડુતીની નજર જવાના કારણે જાફરાબાદ વનવિભાગને જાણ કરતા RFO જીજ્ઞાશા ચેતરાણીયા, વનવિભાગ ફોરેસ્ટ ગાર્ડ ટ્રેકર્સ ટીમ અને PGVCL ટીમને જાણ કરતા સંયુક્ત ટીમો ઘટના સ્થળે પોહચી હતી તપાસ હાથ ધરી હતી. જાફરાબાદ વનવિભાગ તેમજ PGVCL વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. બંને વિભાગની ટીમે જરૂરી કાર્યવાહી હાથ ધરી ટ્રાન્સફોર્મર પરથી દીપડાના મૃતદેહને નીચે ઉતાર્યો હતો.

# ખાંભામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે નાનુડી નદીની સમૂહ સફાઈ યોજાઈ: પોલીસ કાફલો અને સેવાભાવી યુવાનો જોડાયા

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ખાંભાના આસ્થાના પ્રતીક એવા પ્રસિદ્ધ શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર ની બાજુમાં આવેલી પવિત્ર નાનુડી નદી ખાતે વિશાળ સમૂહ સફાઈ અભિયાનનું સરાહનીય આયોજન કરવામાં આવ્યું હતું. 'ધર્મ અને સેવાના કાર્યમાં સૌ જોડાઈએ' ના ભાવ સાથે આયોજિત આ સ્વચ્છતા અભિયાનમાં ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી કે. વી. ચુડાસમા સાહેબ તથા સમગ્ર પોલીસ સ્ટાફ તેમજ એડવોકેટ રાજુભાઈ હરીયાણી સહિત ખાંભાના સેવાભાવી યુવાનો અને શિવભક્તો ઉત્સાહભેર જોડાયા હતા.શિવભક્તોએ સાથે મળીને નાનુડી નદીના કિનારા અને આસપાસના વિસ્તારમાંથી કચરો દૂર કરી નદીની પવિત્રતા અને સ્વચ્છતા જાળવવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.પોલીસ પ્રશાસન અને સ્થાનિક સેવાભાવી યુવાનોની આ અનોખી પહેલ અને સમર્પણ ભાવનાને ખાંભાની જનતા દ્વારા ખૂબ બિરદાવવામાં આવી છે.

# આજરોજ સંખેડા રેફરલ હોસ્પિટલ ખાતે 14 વર્ષથી વધુ ઉંમરની વિદ્યાર્થીનીઓ માટે સર્વાઇકલ કેન્સર રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

આજરોજ સંખેડા રેફરલ હોસ્પિટલ ખાતે 14 વર્ષથી વધુ ઉંમરની વિદ્યાર્થીનીઓ માટે સર્વાઇકલ કેન્સર રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના જન્મદિવસ નિમિત્તે યોજાયો હતો. સંખેડાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.સમગ્ર વિશ્વમાં ગર્ભાશયના કેન્સરને કારણે મહિલાઓ ભોગ બની રહી છે, ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ રોગ સામે રક્ષણ આપવા માટે રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. 14 વર્ષથી વધુ ઉંમરની તમામ બાળાઓને આ રસી મળી રહે તે હેતુથી સીએસસી સેન્ટર, પીએસસી સેન્ટર અને શાળાઓમાં કેમ્પ યોજવામાં આવી રહ્યા છે.

# અલ્ટ્રાટેક બાદ હવે ગેરકાયદે રિસોર્ટને જંગલની જમીન વેંચવા વનતંત્ર તૈયાર :સિંહો માટે નવું જંગલ બનાવવાને બદલે તેની ખેરાત ચાલુ કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | ગુજરાત હાઈકોર્ટ એક તરફ ગીર અભયારણ્યની આસપાસ ધમધમતા ગેરકાયદેસર હોટલ-રિસોર્ટ સામે કડક વલણ અપનાવી તંત્ર પાસે યાદી માંગી રહ્યું છે ત્યારે બીજી તરફ અમરેલી જિલ્લાના ધારી વન વિભાગની સાઠગાંઠ અને શંકાસ્પદ ભૂમિકા સામે આવી છે. રહેણાક હેતુની જમીનમાં વાણિજ્યિક હેતુ સાથેના એક આલીશાન ગેરકાયદે રિસોર્ટને રસ્તો કરી આપવા માટે ધારી ડીસીએફ દ્વારા રિઝર્વ ફોરેસ્ટ(જંગલ)ની જમીન વેચી દેવા એફસીએ હેઠળ દરખાસ્ત કરવામાં આવતાં વિરોધનો વંટોળ ઊભો થયો છે. ધારી નજીક રહેણાક હેતુની જમીનમાં ધમધમતા લિયોનિયા રિસોર્ટને ૦.૩ હેક્ટર જમીન વેંચવા ડીસીએફએ દરખાસ્ત કરી ધારી તાલુકાના ખીચા ગામના સર્વે નંબર ૧૮૪ની ૯૩૫૮ ચોરસ મીટર જમીન વર્ષ ૨૦૧૮માં વન વિભાગના અભિપ્રાય સાથે માત્ર રહેણાક હેતુ માટે બિનખેતી થઈ હતી.

# અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંગે પ્રેસ કોન્ફરન્સ સંબોધતા અમરેલી જિલ્લા કલેક્ટર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ અમરેલીમાં ૮૦ સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અમરેલી જિલ્લામાં યોજાનાર છે. આ ઉજવણીની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અંગે જિલ્લા કલેક્ટર નાં અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા સેવાસદન ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી એચ.જે.પ્રજાપતિ તથા સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટરે કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી.રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત તા. ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૪:૩૦ કલાકે કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય (નવી નૂતન શાળા) ગ્રાઉન્ડ ખાતે 'એટ હોમ' કાર્યક્રમ યોજાશે.

# જૂનાગઢમાં બહાઉદ્દીન વિનયન કોલેજ ખાતે SSIP સેન્સિટાઈઝેશન પ્રોગ્રામ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ, તા.૧૨, બહાઉદ્દીન વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત કરાયેલી Student Startup and Innovation Policy (SSIP 2.0) અંતર્ગત વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ, નવીનતા અને ઉદ્યોગ સાહસિકતા અંગે જાગૃતિ લાવવા માટે SSIP Sensitization Program નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ઓનલાઈન માધ્યમ દ્વારા યોજાયો હતો.આ કાર્યક્રમમાં બહાઉદ્દીન સાયન્સ કોલેજના SSIP સંયોજકશ્રી પ્રશાંત વાછાણી રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને SSIP 2.0 હેઠળ ઉપલબ્ધ વિવિધ તકો, Proof of Concept (PoC), સ્ટાર્ટઅપ વિકાસ, ગ્રાન્ટ સહાય તેમજ નવીન વિચારોને સફળ સ્ટાર્ટઅપમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# વિશ્વ યુવા દિવસ નિમિત્તે યુનિવર્સિટી આંતર વિભાગીય નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા. ૧૩, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના સમાજશાસ્ત્ર અને સમાજ કાર્ય વિભાગ દ્વારા વિશ્વ યુવા દિવસ ની ઉજવણીના ભાગરૂપે આ વર્ષની વૈશ્વિક થીમ " વિવિધ સંદર્ભો, સામાન્ય આકાંક્ષા ઓને કેન્દ્રમાં રાખીને યુનિ.નાં આંતર વિભાગીય નિબંધ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધાનો વિષય વિવિધ સંદર્ભો, સામાન્ય આકાંક્ષાઓમાં યુવાનોની બદલાતી ભૂમિકા" રાખવામાં આવ્યો હતો.

# UPSC /GPSC સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સ્પીપા સમકક્ષ સુવિધા સભર જૂનાગઢનું સ્વામિ વિવેકાનંદ આઈ.એ.એસ. સ્ટડી સેન્ટર

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ, તા.૧૨, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે શિક્ષણ વિભાગનાં નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા કાર્યરત્ત સ્વામી વિવેકાનંદ આઈ.એ.એસ. અભ્યાસ કેન્દ્ર ખાતે આજે યુનિ. નાં રજીસ્ટ્રાર ડો. આર.જી.પરમારે નિઃશુલ્ક અવેરનેશ સેમિનારને દિપ પ્રાગટ્યથી ખુલ્લો મુકી જણાવ્યુ હતુ કે આજનો આઈ.એ.એસ. સ્પર્ધાત્મક પરીક્ષા અવેરનેશ સેમિનાર ઉપસ્થિત કારકિર્દી ઘડવા ઈચ્છુક યુવાઓ માટે એક મહત્વપૂર્ણ મંચ છે.

# રોટરી ક્લબ ઓફ કેશોદ દ્વારા ગર્ભવતી માતાઓને માતૃત્વ કીટનું વિતરણ

નરેન્દ્ર દવે જૂનાગઢ | કેશોદ તા.૧૨. રોટરી ક્લબ ઓફ કેશોદ દ્વારા ગયા વર્ષના પ્રમુખ ડો.સ્નેહલ તન્ના દ્વારા અનેક વિવિધ પ્રોજેક્ટ આપ્યા હતા હાલમાં નવા પ્રમુખ તરીકે અજય ગોધાસરા વરણી થતા તેઓ તથા તેની ટીમ દ્વારા સમાજસેવાના ભાગરૂપે તા. 11 ઓગસ્ટ, 2026ના રેજ બીજી વખત સરકારી દવાખાના ખાતે ગર્ભવતી માતાઓને માતૃત્વ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ કેશોદના પ્રેસિડેન્ટ અજય ગોધાસરા, સેક્રેટરી ભુપતભાઈ વાજા તથા ચાર્ટર પ્રેસિડેન્ટ હિતેશભાઈ ચનિયારા દ્વારા સરકારી દવાખાનામાં સારવાર લઈ રહેલી પાંચ ગર્ભવતી માતાઓને માતૃત્વ કીટ અર્પણ કરવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે મગફળીના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપનની માર્ગદર્શિકા જાહેર કરાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ, તા.૧૨, જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે વર્તમાન સમયમાં મગફળીના ઊભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગેની વિવિધ માર્ગદર્શિકા/એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેમાં જણાવ્યા અનુસાર, મગફળીમાં થડનો કોહવારો, ડોડવાનો સડો (સ્ટેમ રોટ) અને સફેદ ફૂગના નિયંત્રણ માટે ઉભા પાકમાં રોગિષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી ત્યાં બહારથી માટી લાવી ફુગ ઢંકાઈ જાય તે રીતે નાંખવી અને પગથી જમીન દબાવી દેવી.

# આ દુનિયામાં પ્રેમ સગાઈ એ માત્ર ને માત્ર ભગવાન અને ભક્તની વચ્ચે જ શક્ય



સબસે ઊંચી પ્રેમ સગાઈ

- રુપાલી દવે

સબસે ઊંચી પ્રેમ સગાઈ;

દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર પાઈ..

આ દુનિયામાં પ્રેમ સગાઈ એ માત્ર ને માત્ર ભગવાન અને ભક્તની વચ્ચે જ શક્ય છે.ભક્ત અને ભગવાન વચ્ચે ની પ્રેમ સગાઈ નું મૂલ્ય આંકવું અત્યંત અઘરું છે.માણસ ના મૂળ માં સ્વાર્થ રહેલો હોય છે એટલે તો નજીક ના લોકો ને પણ સુખ આવતા ભૂલી જતો હોય છે.નિસ્વાર્થ ભાવે પ્રેમ થી થયેલ પૂજા,ભક્તિ ને ભક્તના જન્મો જન્મ સુધી ભગવાન યાદ રાખતા હોય છે. ભક્ત ના જીવનમાં સંઘર્ષ આવે ત્યારે સગા વહાલા બધા એને છોડી દેતા હોય છે પણ આ સમયે ભગવાન એના ભક્ત ની બાજુ માં અદશ્ય સહાય બની ને ઊભા રહેતા હોય છે. અશોક વાટિકા માં સીતાજી નાં દર્શન થતાંજ હનુમાનજી એ રામનામ ની મુદ્રિકા ઝાડ પરથી નીચે ફેંકી. રામનામ ની મુદ્રિકા જોતાજ સીતાજી ના ઉર માં આનંદ વ્યાપી ગયો પણ એને લાગતું હતું કે ક્યાંક આ રાવણ નું છળ હશે તો. ત્યારે રામ ભક્ત હનુમાનજી એ વિરાટ સ્વરૂપ ધારણ કરીને માતા ને પ્રાર્થના કરતા કહ્યું કે "રામ દૂત મેં માત જાનકી.." ત્યારે માતા સીતા એ રામનામ ની મુદ્રિકા લઈને રામ સ્મરણ કરતા હનુમાનજી ને "અષ્ટ નવ નિધિ કે દાતા.." નું વરદાન આપ્યું હતું. સો યોજન દરિયો પાર કરીને લંકા માં પ્રવેશ્યા ત્યાર થી માતા જાનકી ના મળે ત્યાં સુધી હનુમાનજી એ અન્ન જળ ગ્રહણ કર્યા નહતા. માતા સીતાના ચહેરા ની આનંદિત મુખ મુદ્રા નિહાળતા જ હનુમાનજી ને ભૂખ લાગતા અશોક વાટિકા ના ફળ ફૂલ આરોગવા માટે પૂછ્યું હતું. હનુમાનજી ને માતા સીતાજી એ અશોક વાટિકાના ક્રૂર રખેવાળો વિશે સાવધાન કર્યા પણ હનુમાનજી એ કહ્યું હતું કે માતા,રામ ભક્ત હનુમાન ને અશોક વાટિકાના રખેવાળથી ભય નથી પણ આપ ની આજ્ઞા થશે તો આ ઉપવન ના રસાળ ફળો નો સ્વાદ લઈશ."રામ" નામ ના ભેખ ધારણ કર્યા બાદ એવું કયું કાર્ય અશક્ય હોય? .મહારાષ્ટ્રના પંઢરપુર શહેર માં ચંદ્રભાગા નદીના કિનારે બિરાજમાન ભગવાન વિઠોબા અને રુક્મિણીજી ના પ્રસિદ્ધ મંદિર ની કથા ખાસ ભક્ત અને ભગવાન ની પ્રેમ સગાઈ ની ઘટના પર આધારિત છે.પંઢરપુર ના ભક્ત પંડલિક એ એના માતા પિતા ની સેવા ને જ એના જીવન નું પ્રથમ કર્તવ્ય માનતો હતો. પુંડરિક દિવસ રાત એના માતા પિતા ને ભગવાન માની એ એની પૂજા અર્ચના કરતો હતો એ માતા પિતાની સેવા માં લિન રહેવા લાગ્યો. પુંડરિક ની માતૃ પિતૃ સેવા ભક્તિ થી ખુશ થઈને ભગવાન શ્રી કૃષ્ણ એના ઘરે દર્શન આપવા પ્રગટ થયા. આ સમયે પુંડરિક એના પિતા ની ચરણ સેવા માં વ્યસ્ત હતો.ભગવાન શ્રી કૃષ્ણ એ પુંડરિક ને પોતાના પ્રગટય વિશે અવગત કરાવ્યું પણ પિતાની ચરણ સેવા માં વિઘ્ન ન આવે એટલે પુંડરિક એ ભગવાન ના દર્શન ને બદલે પિતા ની સેવા સ્વીકારી.આંગણે આવનાર અતિથિ નારાજ થઈ ને પરત ન ફરે એટલે બાજુ માં પડેલી ઈંટ અતિથિ ને બિરાજવા ફેંકી. ભગવાન શ્રી કૃષ્ણ એના ભક્ત ની માતા પિતાની સેવા ભક્તિ થી ખુશ થઈને બે હાથ કમર પર મૂકી ને ભક્ત ની રાહ જોતા મૂર્તિમંત ઊભા રહી ગયા.આજે પણ પંઢરપુર માં પુંડરિક ના ઘર ના દરવાજે ભગવાન શ્રી વિઠ્ઠલ બે હાથ કમર પર મૂકી ને ભક્ત ને દર્શન દેવા કાજે ઊભા છે. પાંડવો યુદ્ધ ઈચ્છતા નહતા એટલે એણે ભગવાન શ્રી કૃષ્ણ ને હસ્તિનાપુર સમાધાન કરી સંદેશ લઈને મોકલ્યા. ભગવાન શ્રી કૃષ્ણ પધારવા ના હતા એટલે હસ્તિનાપુર ના રસોડા માં છપ્પન ભોગ ના થાળ ની તૈયારીઓ ચાલી રહી હતી.જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ ની કૌરવો સાથે મંત્રણા નિષ્ફળ રહી ત્યારે એ ઊભા થઈને જવા લાગ્યા. ભગવાન ને જતા જોઈને દુર્યોધન એ કહ્યું કે પાર્થ, આપના આગમન ના હર્ષ ને લીધે હસ્તિનાપુર ના રસોડે છપ્પન ભોગ તૈયાર રાખ્યા છે.આપ ભોજન કર્યા વગર ન જઈ શકો,આમ પણ હસ્તિનાપુર માં એવું કોણ છે કે જે આપને ભોજન કરાવી શકે? ભગવાન શ્રી કૃષ્ણ એ દુર્યોધન સામુ જોતા કહ્યું કે વત્સ,ભોજન નો પણ ખાસ નિયમ હોય છે પ્રથમ તું મારો સગો સબંધી થતો નથી અને બીજું તું મારો ખાસ પ્રિય પણ નથી એટલે તારે ત્યાં ભોજન કરી શકતો નથી. ત્યારે દુર્યોધન એ પૂછ્યું હતું કે તો આપ ભોજન ક્યાં કરશો? ભગવાન એ કહ્યું કે ગંગાજી ના કિનારે રહેતા વિદુરજી ને ત્યાં ભોજન કરીશ.વિદુરજી ના કાને વાત ઊડતા ઊડતા આવતા એ ખૂબ ખુશ થયા પણ થોડા ગભરાયા એટલે ભગવાન ને ઉતમ માંથી ઉતમ ભોગ કરાવવા એ બજાર માં ખૂટતી ઘટતી ચીજ વસ્તુઓ લેવા ગયા.જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ ભક્ત વિદુર ને ત્યાં પધાર્યા ત્યારે વિદુર પત્ની સુલભાજી જ હતા. સુલભાજી એ ભગવાન શ્રી કૃષ્ણ ને ઝૂંપડી ના આંગણે પધારેલ જોતાજ હર્ષ ઉમંગ માં એ ભગવાન ની આગતા સ્વાગતા કરવાના બદલે વરસો ની મનોકામના પૂર્ણ થતા ખુશી માં રડવા લાગ્યા. સજળ આંખો માં ભગવાન ના દર્શન તો થાય છે પણ ખુદ પર ભરોસો પડતો નથી કે એને ત્યાં ભગવાન શ્રી કૃષ્ણ પધાર્યા છે. પ્રેમ પૂર્વક આરતી કરીને ભગવાન ને આસન પર બેસાડી ને આંગણે ઊગેલ કેળ ના ઝાડ માંથી પાક્કા કેળા ની લૂમ કાપી ને ભગવાન ને આરોગાવવા બેઠા.સજળ નયને કેળા ની લૂમ માંથી એક એક કેળાની છાલ કાઢી ને ભગવાન ને ભોગ આરોગવવા લાગ્યા. ઝૂંપડી માં વિદુરજી આવ્યા ત્યારે અદભુત દશ્ય જોતા જ પત્ની સુલભા ને ઠપકો આપતા કહ્યું કે અરે!!રે!! વિદુરાની, આપ આ શું કરી રહ્યા છો? કેળાનું ફળ ફેંકી ને ભગવાન ને છાલ કેમ આરોગવવો છો? વિદુરજી ની વાત સાંભળતા જ સુલભાજી એ જોયું તો એની બાજુ માં છાલ વગર ના કેળાનો ઢગલો પડ્યો હતો ને છાલ નજરે પડતી નહતી.પોતાના અપરાધ બદલ સુલભાજી એ માફી માંગી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ વિદુરજી ને સંબોધતા કહ્યું કે કાકા શ્રી,જે સ્વાદ કેળા ની છાલ માં હતો એ એના ફળ માં ક્યાંથી મળવાનો.હું પૂર્ણ પરમાત્મા ભક્ત ની ભક્તિ થી પ્રસન્ન થાવ છું અને નારાજગી થી દુઃખી રહું છું મારા ભક્ત ને સદાય આધિન રહું છું. ગોપીઓ નટ ની જેમ આંખો ના ઈશારે નચાવતી હતી તોય નાચતો હતો,ભક્ત શબરીના એંઠા બોર પ્રેમ થી આરોગ્યા,ભક્ત મીરાંબાઈ ની ભક્તિ ને વશ થઈને "ગિરધર" બન્યો, અહલ્યા નો ઉધ્ધાર કર્યોકાકા શ્રી, ભક્ત સાથે મારી જન્મો જન્મ ની પ્રેમ સગાઈ ના અતૂટ બંધન હોય છે એટલે તો ભક્તની રક્ષા કાજે શામળશા શેઠ,વિઠોબા, નરસિંહ,વરાહ, મત્સ્ય,કુર્મ,વામન વગેરે અવતાર ધારણ ને કરીને અવાર નવાર ધરતી પર આવવું પડતું હોય છે.



નિતીશ તિવારીની 'રામાયણ' રિલીઝ પહેલાં જ વૈશ્વિક સ્તરે નવો રેકોર્ડ બનાવવાની તૈયારીમાં છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાં જ તેના ભવ્ય VFX એ દર્શકોમાં ચર્ચા જગાવી છે. અંદાજે 4000 કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી આ ફિલ્મના પૈસા વસુલવા માટે મેકર્સે નવી રણનીતિ હાથ ધરી છે. મેકર્સ ફિલ્મની ગ્લોબલ રિલીઝની એવી તૈયારી કરી રહ્યા છે, જે ભારતીય સિનેમાના બોક્સ ઑફિસના ઇતિહાસને બદલી શકે છે.

# 59 હજાર સ્ક્રીન્સ પર રિલીઝ થશે 'રામાયણ'...!

## ₹4000 કરોડનું બજેટ વસૂલવા મેકર્સનો માસ્ટરપ્લાન, 'બ્રહ્મા AI'થી લિપ-સિંક કરી 50 ભાષામાં રિલીઝ કરાશે

(એજન્સી) મુંબઈ | તા 12

રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી સ્ટારર 'રામાયણ'નું ઈંગ્લિશ લિપ-સિંક ટ્રેલર રિલીઝ કરીને આંતરરાષ્ટ્રીય રિલીઝના મોટા પ્લાનની જાણકારી આપી છે. ભારત અને વિદેશોના સ્ક્રીન કાઉન્ટ સહિત 'રામાયણ'ની કુલ વૈશ્વિક સ્ક્રીન સંખ્યા 59 હજારની આસપાસ પહોંચી શકે છે. જોકે, આ આંકડો રિલીઝના અંતિમ સમયે બદલાઈ શકે છે.

સેકનિલ્ક (Sacnilk)ના રિપોર્ટ અનુસાર, 'રામાયણ'ના ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિબ્યુટર સોની પિક્ચર્સની યોજના ભારત બહાર 50,000થી વધુ સ્ક્રીન્સ પર તેને મોટા પાયે રિલીઝ કરવાની છે. ઉપરાંત આ ફિલ્મ ભારતમાં અંદાજે 9,000 સ્ક્રીન્સ પર રિલીઝ થવાની અપેક્ષા છે. વિદેશી રિલીઝને ઉમેરીને, 'રામાયણ' વિશ્વભરમાં 59,000થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ શકે છે, જે ભારતીય સિનેમા માટે એક નવો બેન્ચમાર્ક સેટ કરશે.

જો નિર્ધારિત સ્ક્રીન કાઉન્ટ લાગુ થાય છે, તો 'રામાયણ' તાજેતરના મોટા ભારતીય બ્લોકબસ્ટર્સથી ઘણા આગળ નીકળી જશે. 'પુષ્પા 2: ધ રૂલ' લગભગ 12-13 હજાર અને 'RRR' લગભગ 10-11 હજાર સ્ક્રીન્સ પર દુનિયાભરમાં રિલીઝ થઈ હતી. 'રામાયણ'નું પ્રસ્તાવિત ઈન્ટરનેશનલ રિલીઝ સ્કેલ હોલીવુડની મોટી ફિલ્મો સાથે પણ સરખામણી ખેંચી રહ્યું છે. 'અવતાર: ધ વે ઓફ વોટર'નું રિલીઝ લગભગ 52 હજાર સ્ક્રીન્સ પર જણાવવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં, 'રામાયણ'નો સંભવિત સ્ક્રીન કાઉન્ટ તેને નવા સ્તરે પહોંચાડી



શકે છે. ફિલ્મ 'રામાયણ'ને દુનિયાભરના દર્શકો સુધી પહોંચાડવા માટે તેને 50 ભાષાઓમાં રિલીઝ કરી શકાય છે. આ માટે નમિત મલ્હોત્રાની DNEG દ્વારા તૈયાર કરવામાં આવેલી AI ટેકનિક 'બ્રહ્મા AI'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઈંગ્લિશ ટ્રેલરમાં આ જ ટેકનિકની ઝલક જોવા મળી છે, જેમાં કલાકારોના મૂળ અવાજને જાળવી રાખીને તેમના સંવાદોને લિપ-સિંક કરવામાં આવ્યા છે.

# 'નસીરુદ્દીન શાહ જેવા શિયાળ બનવાને બદલે કૂતરો બનવું સારું'

## કંગના રનૌતનું પીઢ એક્ટર વિરુદ્ધ વિવાદિત નિવેદન, પીયૂષ મિશ્રાનું સમર્થન કર્યું

(એજન્સી) મુંબઈ | તા 12

એક્ટ્રેસ અને ભાજપની સાંસદ કંગના રનૌતે પીઢ એક્ટર નસીરુદ્દીન શાહ પર નિશાન સાધ્યું છે. કંગનાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં નસીરુદ્દીન શાહને 'શિયાળ' કહીને લખ્યું કે, 'તેઓ આ દેશનું ખાય છે, પરંતુ પાડોશી દેશ માટે લડે છે.'

આ વિવાદ દેશમાં વિદ્યાર્થીઓના પ્રદર્શન પર બોલિવૂડ કલાકારોની ચૂપકીદીને લઈને શરૂ થયો હતો. નસીરુદ્દીન શાહે શાંત રહેનારા કલાકારોની સરખામણી મોંમાં હાડકું દબાવીને બેઠેલા શ્વાન સાથે કરી હતી.


આ પછી એક્ટર પીયૂષ મિશ્રાએ ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવીને નસીરુદ્દીન શાહને પ્રશ્નો કર્યા અને કહ્યું કે, તેઓ હવે કેમ ચૂપ છે? કંગનાએ પીયૂષ મિશ્રાના નિવેદનનું સમર્થન કરતા વિવાદિત નિવેદન આપ્યું છે.

'વફાદારી દુર્લભ છે' કંગના રનૌતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પીયૂષ મિશ્રાના નિવેદનનો એક રિપોર્ટ શેર કર્યો. કંગનાએ લખ્યું કે, 'સત્ય તો એ છે કે દરેક વ્યક્તિ કોઈ ને કોઈનો શ્વાન છે, પરંતુ મને આ વાતનું ગર્વ છે કે, હું જે દેશનું ખાઉં છું, તેની રખેવાળી કરું છું અને તેના માટે લડું છું.'

કંગનાએ આગળ લખ્યું કે, 'આજના સમયમાં કૂતરો કહેવડાવવું એક પ્રશંસા છે, કારણ કે વફાદારી હવે બહુ ઓછી જોવા મળે છે. હું નસીરુદ્દીન શાહ જેવા શિયાળ બનવાને બદલે કૂતરો બનવાનું પસંદ કરીશ.'

નસીરુદ્દીન શાહના 'હાડકાવાળા કૂતરા'થી શરૂ થયો વિવાદ આ વિવાદની શરૂઆત નસીરુદ્દીન શાહના એક જૂના નિવેદનથી થઈ હતી. દેશભરમાં થયેલા વિદ્યાર્થી પ્રદર્શનો પર મોટા કલાકારોના ન બોલવા પર નસીરુદ્દીનને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

આના પર નસીરુદ્દીને કહ્યું હતું કે, 'જ્યારે કલાકારોની આત્મા જાગશે, ત્યારે તેઓ બોલશે.' તેમણે એક કહેવતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, 'જેના મોઢામાં હાડકું હોય છે, તે કૂતરો ભસી શકતો નથી. જેવું મોઢામાંથી હાડકું પડશે કે દાંત તૂટશે, તેઓ ભસવા લાગશે.'



### ઝારખંડ પ્રોટેસ્ટમાં પહોંચ્યા પીયૂષ મિશ્રા

ઝારખંડ વિરોધ પ્રદર્શનમાં સામેલ થયેલા પીયૂષ મિશ્રાએ કહ્યું છે કે, 'નસીરુદ્દીન શાહ સાહેબ, તમે કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શન પર સેલેબ્સના કંઈ ન કહેવા પર એક વાત કહી હતી કે, જે કૂતરાઓના મોઢામાં હાડકું છે તે બોલશે નહીં. માફ કરજો, હું તમારો પૂરો આદર કરીને પૂછવા માંગુ છું કે, આ સમયે તે કયા કૂતરાઓ છે, જેમના મોઢામાં હાડકું છે.'


તેમણે ઉમેદવારોની વચ્ચે બેસીને તેમનું સમર્થન કર્યું. મીડિયા સાથે વાતચીતમાં પીયૂષ મિશ્રાએ કહ્યું કે, તેઓ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ જોઈને અને તેમની આંખોમાં દર્દ જોઈને અહીં આવ્યા છે. આ દરમિયાન તેમણે પોતાની ફિલ્મ 'ગુલાલ'નું પ્રખ્યાત ગીત 'આરંભ હૈ પ્રચંડ' પણ ગાયું, જેનાથી સમગ્ર પરિસરમાં ઉત્સાહ જોવા મળ્યો.

મીડિયા સાથે વાતચીતમાં પીયૂષ મિશ્રાએ રાંચી આવવાનું કારણ જણાવ્યું. તેમણે કહ્યું કે, તેમનો અહીં આવવાનો કોઈ અન્ય હેતુ નથી. તેમણે સોશિયલ મીડિયા પર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ જોયા હતા.

વિદ્યાર્થીઓની આંખોમાં દર્દ, તકલીફ અને આંસુ જોઈને તેમનાથી રહેવાયું નહીં. બે દિવસનો સમય ખાલી મળતા જ તેઓ સીધા રાંચી આવી ગયા. તેમણે વિરોધ પ્રદર્શન માટે આર્થિક મદદ આપવાની પણ વાત કરી છે.

# હની સિંહે બાદશાહને 'નાલાયક સંતાન' કહ્યો

## 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં બાદશાહે સ્ટેજ નામને લઈને આપેલા નિવેદન પર રેપર્સ વચ્ચે ફરી વિવાદ છંછેડાયો...



(એજન્સી) મુંબઈ | તા 12

રેપર બાદશાહ અને યો યો હની સિંહનો જૂનો વિવાદ ફરી એકવાર સામે આવ્યો છે. કોમેડિયન સમય રૈનાના શો દરમિયાન સમયે બાદશાહને તેના સ્ટેજ નામ મબાદશાહ' વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો.

જેના પર બાદશાહે જવાબ આપ્યો કે, આ નામ તેણે પોતે રાખ્યું છે. આ પછી સોશિયલ મીડિયા પર તેનો એક જૂનો વીડિયો વાયરલ થવા લાગ્યો, જેમાં તે આ નામનો શ્રેય હની સિંહને આપતો જોવા મળી રહ્યો છે. મામલો ત્યારે વકર્યો, જ્યારે હની સિંહે આ ક્લિપ પર કોમેન્ટ કરતા બાદશાહને 'નાલાયક ઔલાદ' કહી દીધું.

સમય રૈનાએ સ્ટેજ નેમ પર પ્રશ્ન પૂછ્યો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ 2'ના આ એપિસોડમાં બાદશાહ સાથે હર્ષ લિમ્બાચિયા, સૌરવ જોશી અને રજત સૂદ પણ હાજર હતા. એક કન્ટેસ્ટન્ટના પર્ફોર્મન્સ પછી સમય રૈનાએ બાદશાહને પૂછ્યું કે તેને આ સ્ટેજ નામ કોણે આપ્યું? તેના જવાબમાં આદિત્ય પ્રતીક સિંહ સિસોદિયા એટલે કે બાદશાહે કહ્યું કે, આ નામ તેણે પોતે જ પસંદ કર્યું છે.

આ નિવેદનના તરત જ બાદ સોશિયલ મીડિયા યુઝર્સે બાદશાહનો એક જૂનો ઈન્ટરવ્યુ શોધી કાઢ્યો. તે વીડિયોમાં બાદશાહ કહી રહ્યો હતો, 'આ નામ મને હની સિંહ પાજીએ આપ્યું હતું. તેઓ કહેતા હતા કે તમે બાદશાહની જેમ રહો છો.'

હની સિંહે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કર્યો જૂનો વીડિયો સામે આવ્યા બાદ યો યો હની સિંહે પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની સ્ટોરી પર સમય રૈના અને બાદશાહની વાતચીતની એક ક્લિપ શેર કરી. વીડિયો શેર કરતા હની સિંહે લખ્યું, 'મારી નાલાયક ઔલાદ.'

આ સાથે જ હની સિંહે એક અન્ય પોસ્ટમાં 'મારી ગંદી ઔલાદ' લખીને પણ કટાક્ષ કર્યો. આ કમેન્ટ પછી બંને રેપર્સ વચ્ચે 'માફિયા મુંડીર'ના દિવસોની જૂની ખેંચતાણ ફરીથી ચર્ચામાં આવી ગઈ છે.

'માફિયા મુંડીર'થી શરૂ થયો હતો બંનેનો વિવાદ બાદશાહ અને હની સિંહ ક્યારેક એકસાથે હિપ-હોપ ગ્રુપ 'માફિયા મુંડીર'નો ભાગ હતા. ગ્રુપ તૂટ્યા પછીથી જ બંને વચ્ચે ગીતોના ક્રેડિટને લઈને વિવાદ ચાલી રહ્યો છે. બંને કલાકારો ગીતોના લેખન અને કમ્પોઝિશન પર અલગ-અલગ દાવા કરે છે.

વિવાદનું મુખ્ય કારણ સુપરહિટ ગીત 'બ્રાઉન રંગ' રહ્યું છે. બાદશાહનો દાવો છે કે આ ગીતના બોલ તેણે લખ્યા હતા. બીજી તરફ હની સિંહનું કહેવું છે કે, ગીતનું મ્યુઝિક અને બીટ્સ તેના પોતાના હતા. આ પહેલા જુલાઈ 2025માં પણ બાદશાહે હની સિંહની એક પોસ્ટ પર ક્રેડિટ્સને લઈને તીખી ટિપ્પણી કરી હતી.



# પ્રિયંકા ચોપરા સિદ્ધિવિનાયક મંદિરે પહોંચી

(એજન્સી) મુંબઈ | તા 12

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની આગામી ભારતીય ફિલ્મ 'વારાણસી'ના શૂટિંગ માટે મુંબઈ પહોંચી છે. ભારત આવતા જ પ્રિયંકા મુંબઈ સ્થિત પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરમાં દર્શન કરવા પહોંચી.

પ્રિયંકા મંદિર પરિસરની બહાર ચપ્પલ વગર ખુલ્લા પગે ચાલતી જોવા મળી. પ્રિયંકાએ હાથ હલાવીને ચાહકોનું અભિવાદન કર્યું અને પછી પોતાની કારમાં બેસીને રવાના થઈ ગઈ.

રાજામૌલીની 'વારાણસી'થી પ્રિયંકાનું કમબેક પ્રિયંકા ચોપરા ઘણા સમય પછી કોઈ ભારતીય ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. તે ડિરેક્ટર એસએસ રાજામૌલીની આગામી ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે સાઉથ સ્ટાર મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકાઓમાં છે. મુંબઈ પછી પ્રિયંકા 'વારાણસી'ના શૂટિંગ માટે હૈદરાબાદ રવાના થશે. આ ફિલ્મ 7 એપ્રિલ 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

ફિલ્મમાં નિશાનેબાજ 'મંદાકિની'નો રોલ ફિલ્મ 'વારાણસી'ની વાર્તાની વાત કરીએ તો, મહેશ બાબુ તેમાં 'રુદ્ર' નામના પાત્રમાં જોવા મળશે, જે એક પ્રાચીન ખગોળીય કલાકૃતિ સાથે જોડાયેલા મિશન પર નીકળે છે. પ્રિયંકા ચોપરા ફિલ્મમાં 'મંદાકિની'નું પાત્ર ભજવી રહી છે, જે એક ઈતિહાસકાર અને કુશળ નિશાનેબાજ છે. ફિલ્મમાં મંદાકિની મુખ્ય પાત્ર રુદ્રનો સાથ આપે છે. જ્યારે પૃથ્વીરાજ સુકુમારન નેગેટિવ રોલમાં જોવા મળશે. ફિલ્મની વાર્તામાં પાત્રોની શોધ તેમને આફ્રિકા, એન્ટાર્કટિકા અને યુરોપ સુધી લઈ જાય છે.

# 60 વર્ષના સલમાન ખાનનો જોરદાર ડાન્સ...

## 'જીને કે હૈ ચાર દિન' પર એનર્જેટિક ડાન્સ મૂવ્સ જોઈને લોકોએ સિટીઓ વગાડી

### આંગળી ઊંચી કરીને પાપારાઝીને શાંત રહેવાનો ઈશારો કર્યો

વીડિયોમાં સલમાન ખાન પોતાની કાર પાસે પાપારાઝીથી ઘેરાયેલો જોવા મળ્યો હતો. જ્યારે ફોટોગ્રાફર્સ તેનું નામ લઈને બૂમો પાડવા લાગ્યા, ત્યારે સલમાને તરત જ પોતાની આંગળી ઊંચી કરીને તેમને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. તેણે હાથના ઈશારાથી પાપારાઝીને સમજાવ્યું કે, રાત થઈ ગઈ છે અને આસપાસના વાતાવરણનું ધ્યાન રાખીને અવાજ ધીમો રાખે.



(એજન્સી) મુંબઈ | તા 12

બોલિવૂડ એક્ટર સલમાન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં તે પોતાની ફિલ્મ 'મુજસે શાદી કરોગી'ના આઈકોનિક ગીત 'જીને કે હૈં ચાર દિન' પર ડાન્સ કરતો જોવા મળી રહ્યો છે. તેની આસપાસ હાજર લોકો તેના એનર્જેટિક પર્ફોર્મન્સ દરમિયાન ચીયર કરતા અને સીટીઓ વગાડતા સંભળાઈ રહ્યા છે. જોકે, હજુ સુધી વીડિયો ક્યાંનો અને ક્યારનો છે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. વીડિયોમાં સલમાન વાદળી રંગની ટી-શર્ટ સાથે ડેનિમ જીન્સ પહેરેલો જોવા મળી રહ્યો છે. તેણે બ્રાઉન જેકેટ અને ફ્રેન્ચ સ્ટાઈલની હેટથી પોતાનો લુક પૂરો કર્યો છે.

સલમાન ખાને તાજેતરમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય એક્શન થ્રિલર ફિલ્મ '7 ડોગ્સ' 21 ઓગસ્ટે ભારતીય થિયેટરોમાં રિલીઝ થશે. આમાં સલમાન અને સંજય દત્ત કેમિયો રોલમાં જોવા મળશે. ફિલ્મનું ડિરેક્શન બિલાલ ફલ્લાહ અને આદિલ અલ અરબીએ કર્યું છે. આ ફિલ્મમાં ઈજિપ્તના સ્ટાર્સ કરીમ અબ્દુલ-અઝીઝ અને અહેમદ એઝ મુખ્ય ભૂમિકાઓમાં છે. ]

આ ફિલ્મ આ વર્ષની શરૂઆતમાં મિડલ ઈસ્ટના દેશોમાં રિલીઝ થઈ ચૂકી છે. ઉપરાંત સલમાન ટીવી પર રિયાલિટી શો 'બિગ બોસ 20'ના હોસ્ટ તરીકે વાપસી કરવાનો છે. આ શોનું પ્રીમિયર 6 સપ્ટેમ્બર, 2026ના રોજ કલર્સ ટીવી પર થશે અને તે જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ કરવામાં આવશે. નવી સીઝનનો પ્રોમો પણ આવી ગયો છે. તે જ સમયે, સલમાન તેની ફિલ્મ 'માતૃભૂમિ: મે રેસ્ટ ઈન પીસ' માં જોવા મળશે.

# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ 11 વર્ષ બાદ ગર્લફ્રેન્ડ જોર્જિના સાથે લગ્ન કર્યાં, બંનેના 5 બાળકો છે

(એજન્સી) મુંબઈ | તા 12 પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન કરી લીધા છે. રોનાલ્ડો અને જોર્જિનાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ સમાચારની પુષ્ટિ કરી છે. આ કપલ છેલ્લા 11 વર્ષથી રિલેશનશિપમાં હતું. બંનેના લગ્ન 11 ઓગસ્ટ, 2026ના રોજ પોર્ટુગલના કાસકૈસમાં એક ખાનગી સમારોહમાં યોજાયા હતા. બરાબર એક વર્ષ પહેલા આ જોડીએ 11 ઓગસ્ટ, 2025ના રોજ સગાઈ કરી હતી. રોનાલ્ડો અને જોર્જિનાના આ ખાસ પ્રસંગે પરિવારના નજીકના લોકો અને તેમના પાંચેય બાળકો હાજર રહ્યા હતા.

41 વર્ષીય રોનાલ્ડોએ પોતાના લગ્નને સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય એવો સંકેત આપ્યો ન હતો કે તે લગ્ન કરવા જઈ રહ્યા છે, જેના કારણે ફેન્સ માટે આ એક મોટું સરપ્રાઈઝ સાબિત થયું છે. રોનાલ્ડો અને જોર્જિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર જે ફોટો શેર કર્યો છે, તેમાં બંનેના ડાબા હાથમાં રિંગ્સ દેખાઈ રહી છે. આ સિવાય તેમના લગ્નની અન્ય કોઈ તસવીર કે વીડિયો હજુ સુધી સામે આવ્યા નથી.

રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે. જેમના નામ ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ચેસ ઓલિયાડ પહેલા પ્રજ્ઞાનનંદાની ધમાકેદાર જીત

● સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝમાં મેળવી શાનદાર સફળતા



(એજન્સી) ચેન્નાઈ । તા. 12

આંતરરાષ્ટ્રીય ચેસ જગતમાંથી ભારત માટે એક અત્યંત ગર્વ અને ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં યુવા અને પ્રતિભાશાળી ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનનંદાએ સેન્ટ લુઈસ રેપિડ એન્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપમાં શાનદાર વિજય મેળવીને ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. તાજેતરમાં જ પોતાનો જન્મદિવસ ઉજવનાર એકવીસ વર્ષીય પ્રજ્ઞાનનંદાએ આ ટૂર્નામેન્ટમાં આરંભથી લઈને અંત સુધી પોતાનું એકછત્ર વર્ચસ્વ જાળવી રાખ્યું હતું અને સમરકંદ ખાતે યોજાનાર આગામી ચેસ ઓલિયાડ પહેલા પોતાની સર્વશ્રેષ્ઠ ફોર્મમાં હોવાની પ્રતીતિ કરાવી છે.

અમેરિકાના સેન્ટ લુઈસ ખાતે રમાયેલી આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રેપિડ અને બ્લિટ્ઝ બંને ફોર્મેટમાં પ્રજ્ઞાનનંદાએ કાબિલે તારીફ રમતનું પ્રદર્શન કર્યું હતું. તેમણે પોતાના બાળપણના પ્રતિસ્પર્ધી અને મજબૂત ખેલાડી જવોખિર સિંદારોવ કરતાં દોઢ પોઈન્ટની સ્પષ્ટ સરસાઈ મેળવીને ઓવરઓલ ટાઈટલ જીતી લીધું હતું. ખાસ વાત એ છે કે તેઓ ટૂર્નામેન્ટના પાંચેય દિવસ સુધી પોઈન્ટ ટેબલમાં અગ્રસ્થાને રહ્યા હતા, જે મેગ્નસ કાર્લસન જેવા દિગ્ગજ ખેલાડીઓ સિવાય ભાગ્યેજ જોવા મળે છે. આ અગાઉ તેમણે નોર્વે ચેસમાં પણ મેગ્નસ કાર્લસનને બે વખત પરાજય આપીને વિજય મેળવ્યો હતો.

છેલ્લા બે મહિનાના ટૂંકા સમયગાળામાં પ્રજ્ઞાનનંદાએ ત્રણ અત્યંત પ્રતિષ્ઠિત ટાઈટલ જીતીને ક્રિકેટમાં ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારવા જેવી સિદ્ધિ હાંસલ કરી છે. કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટમાં સાતમા સ્થાને રહેવાના આઘાતમાંથી બહાર આવીને તેમણે જે રીતે વાપસી કરી છે તે એક સાચા ચેમ્પિયનની નિશાની છે. વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશ હાલમાં પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં નથી, ત્યારે ભારત માટે ઓલિયાડમાં મજબૂત પ્રદર્શન કરવા માટે પ્રજ્ઞાનનંદાનું આ ફોર્મ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

# હાર્દિક પંડ્યાની ગુજરાત ટાઈટન્સમાં વાપસી શા માટે અટકી?, કેપ્ટનશીપની શરત બની અડચણ



(એજન્સી) અમદાવાદ । તા. 12

આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ બે હજાર સતાવીસ માટે ટ્રેડ લિસ્ટ જાહેર થાય તે પહેલાં જ ભારતીય ક્રિકેટ જગતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને લઈને અનેક પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. હાલમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝીની કમાન સંભાળી રહેલા હાર્દિકની વાપસી પોતાની જૂની ટીમ ગુજરાત ટાઈટન્સમાં થવાની હતી, પરંતુ અમુક ચોક્કસ કારણોસર આ ડીલ આખરે ફાઈનલ થઈ શકી ન હોવાના અહેવાલો સામે આવ્યા છે. વર્ષ બે હજાર ચોવીસમાં હાર્દિક પંડ્યા બીજી વખત મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાયા બાદ તેને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. જો કે, તેની આગેવાની હેઠળ મુંબઈ ટીમનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું હતું અને ટીમ પ્લેઓફમાં પણ પહોંચી શકી ન હતી. આ ખરાબ પ્રદર્શનના કારણે ક્રિકેટ વર્તુળોમાં એવી પ્રબળ અટકળો વહેતી થઈ છે કે આગામી સિઝનમાં મુંબઈ ફ્રેન્ચાઈઝી હાર્દિકને પોતાની સાથે નહીં રાખે. આ જ કારણોસર તેના ટ્રેડને લઈને અનેક ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે રેસ શરૂ થઈ ગઈ છે, જેમાં ચેન્નઈ સુપર કિંગ્સનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

હાર્દિક પંડ્યા પોતે પોતાની જૂની ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સમાં પાછા ફરવા માટે ખૂબ જ ઉત્સુક હતો અને તેણે મેનેજમેન્ટ સાથે આ બાબતે ચર્ચા પણ કરી હતી. ટીમનો વર્તમાન કેપ્ટન શુભમન ગિલ પણ હાર્દિકની વાપસી માટે સંમત થઈ ગયો હતો. પરંતુ, આ ડીલ અટકી જવા પાછળનું મુખ્ય કારણ એ હતું કે હાર્દિકે ગુજરાત સમક્ષ ફરીથી ટીમની કેપ્ટનશીપ સંભાળવાની શરત મૂકી હતી. ગુજરાત ટાઈટન્સના મેનેજમેન્ટે આ શરત માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે આ ટ્રેડ શક્ય બની શક્યો નહીં.

આ સમગ્ર મામલે જ્યારે ગુજરાત ટાઈટન્સના કોઈ સત્તાવાર પ્રતિનિધિનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આ અંગે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવાનો નરમાશથી ઈનકાર કરી દીધો હતો. બીજી તરફ, હાર્દિક પંડ્યાના મેનેજરે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ખેલાડીની કોઈપણ અન્ય ફ્રેન્ચાઈઝી સાથે ટ્રાન્સફર કે ટ્રેડ વિશે સીધી કોઈ વાતચીત થઈ નથી, અને જો કોઈ સંપર્ક થયો હશે તો તે માત્ર મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝીના માધ્યમથી જ થયો હશે.

# ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ જોર્જિના સાથે કર્યા



(એજન્સી) લિસબન । તા. 12

ફૂટબોલ જગતના દિગ્ગજ અને વિશ્વભરમાં લોકપ્રિય એવા પોર્ટુગલના સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લાંબા સમયની ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે આખરે લગ્ન કરી લીધા છે. અગિયાર વર્ષ સુધી અવિરત રિલેશનશિપમાં રહ્યા બાદ આ પ્રખ્યાત યુગલે અગિયારમી ઓગસ્ટ, બે હજાર છવીસના રોજ પોર્ટુગલના રમણીય સ્થળ કાસકૈસ ખાતે એક અત્યંત ખાનગી સમારોહમાં લગ્નની પવિત્ર ગાંઠ બાંધી છે, જેનાથી તેમના કરોડો ચાહકો માટે આ એક અદ્ભુત આશ્ચર્ય બની ગયું છે.

એકતા અને પ્રેમની મૂર્તિ સમાન એકતાની આ સફરને ખાનગી રાખવામાં આવી હતી. એકસઠ વર્ષીય રોનાલ્ડોએ અગાઉ ક્યારેય જાહેરમાં એવો કોઈ સંકેત આપ્યો ન હતો કે તેઓ આટલા ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આ ખુશીના સમાચારની સત્તાવાર પુષ્ટિ કરી છે. શેર કરવામાં આવેલી તસવીરમાં બંનેના ડાબા હાથમાં સુંદર વેડિંગ રિંગ્સ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જો કે આ ખાનગી સમારોહના અન્ય કોઈ વિસ્તૃત ફોટોગ્રાફ્સ કે વીડિયો હજુ સુધી મીડિયામાં બહાર આવ્યા નથી.

### પરિવાર અને બાળકોની વિશેષ ઉપસ્થિતિ

આ અતિ-ખાસ અને ભાવનાત્મક ક્ષણે રોનાલ્ડો અને જોર્જિનાના પાંચેય બાળકો તેમજ પરિવારના ગણતરીના નજીકના સભ્યો જ હાજર રહ્યા હતા. નોંધનીય છે કે આ દંપતી અગાઉથી જ પાંચ બાળકોના માતા-પિતા છે, જેમાં ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા સામેલ છે. વર્ષ બે હજાર સત્તરમાં અલાનાના આગમન બાદ, બે હજાર બાવીસમાં જોર્જિનાએ ફરીથી જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો, જો કે તે સમયે દુર્ભાગ્યવશ પુત્ર એન્જલનું અવસાન થયું હતું પરંતુ તેની બહેન બેલા સ્વસ્થ રહી હતી.

### સગાઈથી લઈને લગ્ન સુધીનો પ્રવાસ

આ જોડીએ બરાબર એક વર્ષ અગાઉ એટલે કે અગિયારમી ઓગસ્ટ, બે હજાર પચીસના રોજ ખૂબ જ સાદાઈથી સગાઈ કરી હતી અને હવે ઠીક એક વર્ષ પછી લગ્નના પવિત્ર બંધનમાં જોડાઈને પોતાના સંબંધને વધુ એક મજબૂત નામ આપ્યું છે. રમતગમતની દુનિયાના આ સૌથી ચર્ચિત યુગલના લગ્નના સમાચાર વાયુવેગે પ્રસરતા જ વૈશ્વિક સ્તરેથી તેમને અભિનંદન અને શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# છત્રસાલ સ્ટેડિયમ હત્યા કેસમાં સુશીલ કુમારની જમાનત અરજી ફગાવાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

દિલ્હી હાઈકોર્ટે ભૂતપૂર્વ જુનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધંકરની કથિત હત્યાના કેસમાં ઓલિમ્પિક પદક વિજેતા સ્ટાર કુસ્તીબાજ સુશીલ કુમારને જમાનત આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ન્યાયમૂર્તિ પુરુષેન્દ્ર કુમારે છઠ્ઠી ઓગસ્ટે સુશીલ કુમારની જમાનત અરજી ફગાવતા જણાવ્યું હતું કે અગાઉ સુપ્રીમ કોર્ટે જમાનત રદ કરતી વખતે સાક્ષીઓને પ્રભાવિત કરવા અંગે જે ચિંતાઓ વ્યક્ત કરી હતી, તે હજુ પણ યથાવત છે. આ ઉપરાંત ગુનાની ગંભીરતા, ધરપકડ અગાઉનું વર્તન અને ટ્રાયલના પરિણામને પ્રભાવિત કરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

### કોર્ટનું અવલોકન અને કાયદાકીય દલીલો

કોર્ટે પોતાના આદેશમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે સામાન્ય સંજોગોમાં જમાનત આપવી એ નિયમ છે અને જેલ અપવાદ છે, પરંતુ વર્તમાન કેસમાં ગુનો એક પૂર્વઆયોજિત અને અત્યંત ક્રૂર હુમલા સમાન હતો જેના કારણે યુવાનનું મૃત્યુ થયું હતું. હથિયારની પુન:પ્રાપ્તિ અને વિડિયો પુરાવાઓ આ વાતની પુષ્ટિ કરે છે. બચાવ પક્ષના વકીલે એવી દલીલ કરી હતી કે મૃતકના પિતા, જેમની ફરિયાદના આધારે અગાઉ જમાનત રદ થઈ હતી, તેમણે ટ્રાયલમાં પ્રોસ્યુશનના કેસને સમર્થન આપ્યું નથી અને સુશીલ પાંચ વર્ષથી વધુ સમયથી કસ્ટડીમાં છે, તેથી તેને જમાનત મળવી જોઈએ.



### સુપ્રીમ કોર્ટના આદેશનો ઉલ્લેખ અને સાક્ષીઓની સ્થિતિ

દિલ્હી પોલીસ અને મૃતકના પિતા દ્વારા આ જમાનત અરજીનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે મૃતકના પિતાની રજૂઆત પ્રોસ્યુશનને સમર્થન આપે છે કે નહીં તે પુરાવાઓના મૂલ્યાંકનનો વિષય છે અને ટ્રાયલ કોર્ટના અંતિમ પરિણામની રાહ જોવી પડશે. સુપ્રીમ કોર્ટે અગાઉ નોંધ્યું હતું કે સુશીલ કુમારનું સામાજિક સ્તર ઘણું મોટું છે અને જ્યારે પણ તેમને કામચલાઉ મુક્તિ મળે છે ત્યારે સાક્ષીઓ ફરી જાય છે. આ કારણોસર હાઈકોર્ટે જમાનત આપવાનો ઈનકાર કર્યો છે.

સુશીલ કુમારની મે બે હજાર એકવીસમાં ધરપકડ કરવામાં આવી હતી અને જુલાઈ બે હજાર ત્રેવીસમાં ઘૂંટણની શસ્ત્રક્રિયા માટે તેમને અઠવાડિયાના અંતિમ જમાનત આપવામાં આવી હતી. ત્યારબાદ ઓગસ્ટ બે હજાર પચીસમાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો આદેશ રદ કરીને તેમની જમાનત રદ કરી દીધી હતી. ટ્રાયલ કોર્ટે ઓક્ટોબર બે હજાર બાવીસમાં આ કેસમાં હત્યા, ગુનાહિત પ્રેરણા અને ધાકધમકી આપવા સંબંધિત આઈપીસીની કલમો હેઠળ આરોપો નક્કી કર્યા હતા.

## યુજેન ખાતે ભારતે સર્વશ્રેષ્ઠ મેડલ ટેલીની બરાબરી કરી




(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 12

અમેરિકાના યુજેન ખાતે યોજાયેલી વર્લ્ડ અંડર-૨૦ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતીય યુવા ખેલાડીઓએ અદ્ભુત રમતનું પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. આ વૈશ્વિક મહાસંગ્રામમાં ભારતે બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ સાથે પોતાની સર્વશ્રેષ્ઠ મેડલ ટેલીની બરાબરી કરી લીધી છે. આશિષ યાદવ અને વસંત કુમાર મેઘવાલે પોતપોતાની સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યા હતા, જ્યારે શાહનવાઝ ખાને બ્રોન્ઝ મેડલ મેળવીને ભારતીય એથ્લેટિક્સના ઉજ્જવળ ભવિષ્યની પ્રતીતિ કરાવી છે. યુવા સ્તરે રમાતી આ સ્પર્ધા કોઈપણ ખેલાડીના જીવનમાં વૈશ્વિક ઓળખ ઊભી કરવા માટે સીમાચિહ્ન સમાન સાબિત થાય છે. ભારતીય સંદર્ભમાં વાત કરીએ તો, ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરા આનું સૌથી મોટું ઉદાહરણ છે. વર્ષ ૨૦૧૬માં પોલેન્ડના બાયડગોસ્ઝ ખાતે જુનિયર વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ નીરજે જે રેકોર્ડ બનાવ્યો હતો તે આજે પણ અકબંધ છે, અને તેની પ્રેરણાથી જ આજની યુવા પેઢી ટ્રેક એન્ડ ફીલ્ડ ઈવેન્ટ્સમાં આગળ વધી રહી છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આ પાંચ દિવસીય સ્પર્ધા માટે છત્રીસ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મોકલવામાં આવ્યું હતું. ઓગસ્ટ પાંચથી નવ દરમિયાન હેવર્ડ ફિલ્ડ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ ૭૬ જેટલી ઈવેન્ટ્સમાંથી ભારતે ઓગણીસ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. મેન્સ ફાઈવ થાઉઝન્ડ મીટર રેસ વૉકમાં નિતિન ગુપ્તા છઠ્ઠા ક્રમે રહ્યા હતા, જ્યારે અન્ય આઠ ખેલાડીઓ તેમજ મહિલાઓની ફોર બાય ફોર હન્ડ્રેડ મીટર રિલે ટીમ ફાઈનલના મેડલ રાઉન્ડ માટે ક્વોલિફાય કરવામાં સફળ રહી હતી.


# ફાસ્ટ બોલરોના વર્કલોડ મેનેજમેન્ટ અંગે કપિલ દેવની મહત્વની સલાહ

(એજન્સી) બેંગલુરુ । તા. 12

ભારતીય ક્રિકેટ ઈતિહાસના સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર્સ પૈકીના એક ગણાતા કપિલ દેવે આધુનિક યુગના ફાસ્ટ બોલરોના વર્કલોડ મેનેજમેન્ટ અને તેમની ફિટનેસને લઈને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. બેંગલુરુ ખાતે જીતો પ્રીમિયર લીગના ઉદ્ઘાટન પૂર્વે યોજાયેલા બેંગલુરુ બ્લાસ્ટર્સના લોન્ચિંગ ઈવેન્ટમાં ઉપસ્થિત રહેલા સડસઠ વર્ષીય કપિલ દેવે હળવાશના સૂર સાથે ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ખેલાડીઓએ ડોમેસ્ટિક ક્રિકેટ રમવું શા માટે આવશ્યક છે. આજના સમયમાં આધુનિક ફાસ્ટ બોલરો વારંવાર ઈજાઓનો ભોગ કેમ બને છે અને લાંબા સમય સુધી ફિટ રહેવા માટે શું કરવું પડે છે તે અંગે વાત કરતા કપિલ દેવે રમૂજી અંદાજમાં કહ્યું કે જો તેમની માતા આજે હયાત હોત તો તેઓ વર્તમાન ફાસ્ટ બોલરોને પોતાની કેટલીક ખાસ રેસિપી આપી શકત. ત્યારબાદ ગંભીર મુદ્દા પર આવતા તેમણે જણાવ્યું કે આજના કેલેન્ડરમાં ટી૨૦ ક્રિકેટનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે, જેના કારણે બોલરોના શરીર પર ભારે તાણ પડે છે. માનવ શરીર મૂળભૂત રીતે ફાસ્ટ બોલિંગ કરતાં બેટિંગ માટે વધુ અનુકૂળ હોય છે, તેથી બીસીસીઆઈએ ફાસ્ટ બોલરો પર કેટલો બોજ નાખવો જોઈએ તેની સમીક્ષા કરવી અનિવાર્ય છે.

### ડોમેસ્ટિક ક્રિકેટનું મહત્વ અને સ્પિન બોલિંગ સામે પડકારો

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને બીસીસીઆઈની તે નીતિનું પણ સમર્થન કર્યું છે જેમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોને ડોમેસ્ટિક મેચો રમવાની તાકીદ કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે ડોમેસ્ટિક ક્રિકેટ રમવું ખૂબ જ જરૂરી છે કારણ કે ભારતીય ટીમ હાલના સમયમાં સ્પિન બોલિંગ સામે રમવામાં મુશ્કેલી અનુભવે છે તેનું મુખ્ય કારણ ટોચના ખેલાડીઓનું પૂરતી ડોમેસ્ટિક ક્રિકેટ ન રમવું છે. બોર્ડે આ બાબતમાં કડક ભૂમિકા અપનાવીને દરેક ખેલાડી માટે મલ્ટી-ડે મેચો રમવાનું ફરજિયાત બનાવવું જોઈએ, જેનાથી યુવા પેઢીને પણ દિગ્ગજ ખેલાડીઓ પાસેથી શીખવાની તક મળશે.



### આગામી શ્રીલંકા શ્રેણી અને રણનીતિ

શ્રીલંકા સામે ટૂંક સમયમાં શરૂ થઈ રહેલી બે ટેસ્ટ મેચોની શ્રેણીનો ઉલ્લેખ કરતા કપિલ દેવે ઉમેર્યું કે ભારતીય ટીમે સ્પિન બોલિંગ સામે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પોતાની રણનીતિમાં સુધારો કરવો પડશે. ટેસ્ટ મેચોની રમત ટી૨૦ અને વનડે કરતા તદ્દન અલગ હોય છે, અને આશા છે કે ખેલાડીઓ આ બાબતે ગંભીરતાથી વિચાર કરશે. ભારતીય ક્રિકેટના આ મહાન ખેલાડીના આ વિચારોથી કોર્પોરેટ અને રમતગમત જગતમાં નર્મી અને મજબૂતી બંનેના પાઠ જોવા મળ્યા છે.

# ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાશે રોમાંચક ટી૨૦ ક્રિકેટ સિરીઝ

## બીસીસીઆઈ અને એસીબી દ્વારા સત્તાવાર શેડ્યૂલ જાહેર

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાંથી ભારતીય ક્રિકેટ ચાહકો માટે એક અત્યંત ઉત્સાહજનક અને મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતીય ક્રિકેટ ટીમ અને અફઘાનિસ્તાન વચ્ચે આગામી સપ્ટેમ્બર મહિનામાં અત્યંત રોમાંચક ત્રણ મેચની ટી૨૦ સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે. બંને દેશોના ક્રિકેટ બોર્ડ દ્વારા પરસ્પર સહમતી અને લાંબી ચર્ચા-વિચારણા બાદ આ શૃંખલાનું અંતિમ શેડ્યૂલ નક્કી કરવામાં આવ્યું છે, જે મુજબ તમામ મેચો દેશની રાજધાનીમાં આવેલા ઐતિહાસિક અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાડવામાં આવશે, જેથી સમગ્ર દેશના ખેલપ્રેમીઓમાં ભારે ઉત્સાહનો માહોલ સર્જાયો છે.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા સંયુક્ત રીતે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમના ભાગરૂપે આ સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ આગામી ટી૨૦ શૃંખલાની શરૂઆત સપ્ટેમ્બર મહિનાના મધ્યમાં થશે, જેમાં પ્રથમ રોમાંચક મુકાબલો તેર સપ્ટેમ્બરના રોજ રમાશે. ત્યારબાદ બંને ટીમો વચ્ચે બીજી મેચ પંદર સપ્ટેમ્બરે અને શ્રેણીની અંતિમ તથા નિર્ણાયક ત્રીજી મેચ સત્તર સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીના પ્રતિષ્ઠિત અરુણ જેટલી સ્ટેડિયમના મેદાન પર યોજાશે. નોંધનીય છે કે આ અગાઉ ચાલુ વર્ષના જૂન મહિનામાં પણ બંને દેશો વચ્ચે એક ટેસ્ટ મેચ અને ત્રણ વનડે મેચોની દ્વિપક્ષીય શ્રેણીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ખેલાડીઓ દ્વારા શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હવે ટૂંકા ફોર્મેટની આ રમત માટે બંને ટીમો ફરી એકવાર સામસામે ટકરાવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

### અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડની સત્તાવાર પુષ્ટિ અને નિવેદન

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી નસીબ ખાને હાલમાં જ પોતાના તમામ હિતધારકો અને વ્યાવસાયિક ભાગીદારોને ઉદ્દેશીને લખેલા એક સત્તાવાર પત્રમાં આ શ્રેણી અંગેની અંતિમ પુષ્ટિ કરી છે. તેમણે પોતાના પત્રમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે અફઘાનિસ્તાન બોર્ડ આ વાતને સમર્થન આપે છે કે અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ તેર સપ્ટેમ્બરથી સત્તર સપ્ટેમ્બર વચ્ચે સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ સમગ્ર ટુર્નામેન્ટની તારીખો ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સાથે મળીને નક્કી કરવામાં આવી છે અને બંને પક્ષોની મંજૂરી બાદ મેચોના સ્થળને પણ અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે. આ સત્તાવાર સમર્થનને કારણે ક્રિકેટ જગતમાં અને ખાસ કરીને બંને દેશોના ખેલપ્રેમીઓમાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે અને સ્પષ્ટ ચિત્ર સામે આવ્યું છે.

**તૈયારીઓ પૂર્ણ** // **બેલ્જિયમ અને નેધરલેન્ડ યજમાન, વર્ષ ૧૯૭૧ થી શરૂ થયેલી ભવ્ય સ્પર્ધા**

# હોકી વર્લ્ડ કપની રોમાંચક સફર અને ચેમ્પિયનની યાદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

આંતરરાષ્ટ્રીય હોકી જગતમાં આગામી પંદરમી ઓગસ્ટથી બેલ્જિયમ અને નેધરલેન્ડની સંયુક્ત યજમાનીમાં એફઆઈએચ હોકી વર્લ્ડ કપનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે આ ટુર્નામેન્ટના સમૃદ્ધ ઈતિહાસ પર નજર નાખવી અત્યંત રસપ્રદ બની રહે છે. વર્ષ ૧૯૭૧થી શરૂ થયેલી આ વૈશ્વિક સ્પર્ધાએ હોકી જગતને અનેક મહાન ચેમ્પિયનો આપ્યા છે, જેમાં પાકિસ્તાનના પ્રારંભિક પ્રભુત્વથી લઈને જર્મની, ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ અને બેલ્જિયમ જેવા આધુનિક યુગના વિજેતાઓની રોમાંચક ગાથા સામેલ છે.




પુરૂષોની હોકી વિશ્વકપ સ્પર્ધાના અત્યાર સુધીના પંદર સંસ્કરણોમાં કુલ છ અલગ-અલગ દેશોએ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. પ્રથમ વખત વર્ષ ૧૯૭૧માં સ્પેનના બાર્સિલોના ખાતે યોજાયેલી સ્પર્ધામાં પાકિસ્તાને ફાઈનલ મુકાબલામાં યજમાન સ્પેનને એક વિરુદ્ધ શૂન્ય ગોલથી હરાવીને ઈતિહાસનું પ્રથમ ટાઈટલ પોતાના નામે કર્યું હતું. ત્યારબાદ ૧૯૭૩માં એમ્સ્ટરડેમ ખાતે રમાયેલી ફાઈનલમાં નેધરલેન્ડે ભારતને પેનલ્ટી શૂટઆઉટમાં પરાજય આપીને ટાઈટલ જીતી લીધું હતું. ભારત માટે ગર્વની ક્ષણ વર્ષ ૧૯૭૫માં આવી, જ્યારે ક્વાલાલંપુર ખાતે રમાયેલી રોમાંચક ફાઈનલમાં ભારતીય ટીમે કટોકટીભર્યા મુકાબલામાં પાકિસ્તાનને બે વિરુદ્ધ એક ગોલથી હરાવીને વિશ્વ વિજેતા બનવાનું સન્માન મેળવ્યું હતું.

૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં પાકિસ્તાન ટીમનો હોકી વિશ્વકપમાં એકછત્ર પ્રભાવ રહ્યો હતો, અને તેમણે ચાર વખત ટાઈટલ જીતીને રેકોર્ડ બનાવ્યો હતો. વર્ષ ૧૯૭૮માં બ્યુનોસ આઈરેસમાં અને ૧૯૮૨માં મુંબઈ ખાતે યોજાયેલી સ્પર્ધામાં પાકિસ્તાને અનુક્રમે નેધરલેન્ડ અને પશ્ચિમ જર્મનીને હરાવીને ટાઈટલ જીત્યા હતા. પાકિસ્તાને ૧૯૯૪માં સિડની ખાતે પણ ઓસ્ટ્રેલિયાને હરાવીને ચેમ્પિયનપદ મેળવ્યું હતું. બીજી બાજુ, ઓસ્ટ્રેલિયા અને જર્મનીએ પણ સમયની સાથે પોતાની રમતનું સ્તર ઊંચું લાવીને અનેક વખત ટ્રોફી જીતી છે. ઓસ્ટ્રેલિયાએ ૨૦૦૬, ૨૦૧૦ અને ૨૦૧૪માં શાનદાર પ્રદર્શન કરી ટાઈટલ પોતાના નામે કર્યા હતા, જ્યારે જર્મનીએ ૨૦૦૨, ૨૦૦૬ અને ૨૦૨૩ના એડિશનમાં પોતાના વિજયી પરચમ યા હતા.

સમયની સાથે હોકીની રમત વધુ ઝડપી અને સ્પર્ધાત્મક બની છે. વર્ષ ૨૦૧૮માં ઓડિશાના ભુવનેશ્વર ખાતે રમાયેલી ફાઈનલમાં બેલ્જિયમે નેધરલેન્ડને શૂટઆઉટમાં હરાવીને પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયન બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ત્યારબાદ ૨૦૨૩ના ઓડિશા વિશ્વકપમાં પણ જર્મનીએ શાનદાર વાપસી કરતા રોમાંચક ફાઈનલમાં બેલ્જિયમને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને ટાઈટલ જીતી લીધું હતું. મીડિયા અહેવાલ અનુસાર, આ તમામ એડિશનમાં ખેલાડીઓનું પ્રદર્શન અને કઠોર પરિશ્રમ વૈશ્વિક સ્તરે હોકીના વધતા ક્રેઝની સાક્ષી પૂરે છે.

**૧૯ જાન્યુઆરીથી રિંઢાણાથી થશે ઐતિહાસિક શરૂઆત**

# ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપમાં અર્જુન એરિગાઈસી અને નિહાલ સરિન ટકરાશે

(એજન્સી) અમદાવાદ । તા. 12

ઈસ્પોર્ટ્સ વર્લ્ડ કપની શરુઆત થઈ ચૂકી છે, જેમાં ચેસ સ્પર્ધાના રોમાંચક ગ્રુપ સ્ટેજના પ્રારંભિક મુકાબલામાં ભારતના સ્ટાર ખેલાડીઓ અર્જુન એરિગાઈસી અને નિહાલ સરિન વચ્ચે શ્વાસ રોકી દે તેવો જંગ જામ્યો હોવાનું મીડિયા અહેવાલ દ્વારા બહાર આવ્યું છે.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં આ વર્ષે ૨૨ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જે ગત વર્ષની સરખામણીમાં વધુ છે. ગ્રુપ સ્ટેજની શરૂઆત ૧૨ ઓગસ્ટથી થઈ છે જે બે દિવસ સુધી ચાલશે. ટુર્નામેન્ટના પ્રારંભે જ બંને ભારતીય ગ્રાન્ડમાસ્ટર્સ આમસામે આવી ગયા હોવાથી ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સિવાય અન્ય મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન પણ પોતાના ટાઈટલ બચાવ અભિયાનની શરૂઆત એન્ડ્રે એસિપેન્કો સામે રમીને કરી રહ્યા છે. આ સમગ્ર ચેસ સ્પર્ધા માટે કુલ ૧૫ લાખ ડૉલરનું માતબર ઈનામી ભંડોળ રાખવામાં આવ્યું છે.

આ ટૂર્નામેન્ટનું માળખું અત્યંત રોમાંચક અને સ્પર્ધાત્મક રાખવામાં આવ્યું છે, જેના મુખ્ય તબક્કા નીચે મુજબ છે: પ્લે-ઈન તબક્કો: ૧૧ ઓગસ્ટે




રમાયેલી આ પ્રારંભિક મેચોમાં આઠ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાંથી બે ખેલાડીઓ આગળ વધ્યા હતા.

આ મહાસંગ્રામમાં વિજેતા બનવા માટે તમામ ખેલાડીઓ પોતાની સર્વશ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરી રહ્યા છે. આગામી દિવસોમાં રમાનારી પ્લેઓફ મેચો વધુ રોમાંચક બનવાની પૂરી સંભાવના છે કારણ કે વિશ્વના દિજ ખેલાડીઓ ટ્રોફી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. નિષ્ણાતોના મતે, આ સ્પર્ધાથી યુવા ખેલાડીઓને વૈશ્વિક સ્તરે પોતાની પ્રતિભા સાબિત કરવાની સુવર્ણ તક મળી છે અને ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન અત્યાર સુધી પ્રશંસનીય રહ્યું છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 13-08-2026

ચાલીસ વર્ષની કારકિર્દીનો અંત, આગામી સામાન્ય સભા પહેલા મોટો નિર્ણય

# ટાટા સન્સના પ્રમુખ એન ચંદ્રશેખરનનું અચાનક રાજીનામું

(એજન્સી) મુંબઈ । તા. 12

ભારતના સૌથી મોટા અને પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહ ગણાતા ટાટા જૂથમાંથી એક અત્યંત મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ટાટા સન્સના પ્રમુખ એન ચંદ્રશેખરને પોતાની ચાર દાયકા લાંબી ભવ્ય કારકિર્દી બાદ પદ છોડવાની જાહેરાત કરી છે. આગામી અઠ્ઠાવીસમી ઓગસ્ટે યોજાનારી વાર્ષિક સામાન્ય સભા પહેલા લેવાયેલા આ અચાનક નિર્ણયથી આર્થિક અને કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે, અને તેના સીધા પ્રત્યાઘાતો શેરબજાર પર પણ જોવા મળ્યા છે.



મૂળભૂત રીતે ચંદ્રશેખરનનો વર્તમાન કાર્યકાળ આવતા વર્ષે ફેબ્રુઆરી મહિના સુધીનો હતો, અને તેઓ કોઈપણ પ્રકારની પુનઃ નિયુક્તિ કે લંબાણ ઈચ્છતા ન હતા. મીડિયા અહેવાલ અનુસાર, ટાટા સન્સના બોર્ડમાં તેમના આગામી કાર્યકાળના લંબાણ અંગે સર્વસંમતિ સધાઈ શકી ન હતી અને બોર્ડના એક સભ્ય દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આંતરિક મતભેદો અને સર્વાનુમતે સમર્થન ન મળવાના કારણે તેમણે સ્વેચ્છાએ આ પદ છોડવાનો નિર્ણય લીધો છે, જેથી સંસ્થામાં યોગ્ય અને સુચારૂ સંક્રમણ જળવાઈ રહે.

### જૂથના દિગ્ગજ નેતાની સફર અને સિદ્ધિઓ

ઈસ સત્તર સો સતાસીમાં ટાટા જૂથ સાથે જોડાયેલા ચંદ્રશેખરને પીએસસીના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે લાંબી સેવાઓ આપી હતી અને બાદમાં ઈસ સત્તર સત્તર માં ટાટા સન્સના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમના નેતૃત્વ હેઠળના સમયગાળામાં આ જૂથે એર ઈન્ડિયાના અધિગ્રહણ સહિતના અનેક મોટા નિર્ણયો લીધા હતા અને વૈશ્વિક સ્તરે પોતાની પકડ મજબૂત કરી હતી. તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે આ પ્રતિષ્ઠિત સંસ્થામાં સેવા આપવી એ તેમના માટે જીવનનું સૌથી મોટું સન્માન રહ્યું છે.

### આંતરિક વિવાદ અને ટ્રસ્ટ સાથેના સંબંધો

ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી બોર્ડમાં પ્રતિનિધિત્વ તેમજ વ્યુહાત્મક બાબતોને લઈને મનદુઃખ ચાલી રહ્યું હતું. ટાટા ટ્રસ્ટના પ્રમુખ નોએલ ટાટા દ્વારા આગામી સમયના પ્રસ્તાવ સામે વાંધો ઉઠાવવામાં આવતા આ તણાવ વધુ સપાટી પર આવ્યો હતો. લઘુમતી શેરધારકોની સ્થિતિ અને જૂથની આગામી નીતિઓ બાબતે પણ બોર્ડ બેઠકોમાં ગરમાગરમી જોવા મળી હતી, જેના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

### આગામી રણનીતિ અને બોર્ડની જવાબદારી

આ અચાનક રાજીનામા બાદ હવે ટાટા સન્સના બોર્ડ સમક્ષ વહેલી તકે નવા ઉત્તરાધિકારીની પસંદગી કરવાનો મોટો પડકાર ઉભો થયો છે. શેરધારકો અને બજારના વિશ્વાસને જાળવી રાખવા માટે કંપની દ્વારા ટૂંક સમયમાં જ નવા નામની જાહેરાત કરવામાં આવે તેવી પૂરી સંભાવના છે. આ ઘટનાક્રમ દેશના સમગ્ર કોર્પોરેટ ક્ષેત્ર માટે એક મોટો વળાંક સાબિત થઈ રહ્યો છે અને આગામી દિવસોમાં તેના વધુ દૂરગામી પરિણામો જોવા મળી શકે છે.

સાત પૂર્ણાંક ચારની તીવ્રતાનો આંચકો

# કોલંબિયામાં ભયાનક ભૂકંપથી અસંખ્ય લોકોના મોત



(એજન્સી) બોગોટા । તા. 12

દક્ષિણ અમેરિકન દેશ કોલંબિયાના પશ્ચિમ ભાગમાં દસમી ઓગસ્ટ બે હજાર છવીસના રોજ સવારે સાત વાગ્યાને ચોત્રીસ મિનિટે એક અત્યંત શક્તિશાળી ભૂકંપ ત્રાટક્યો હતો, જેના કારણે સમગ્ર દેશમાં હાહાકાર મચી ગયો છે. ચોકો વિભાગના સેન જોસ ડેલ પાલમાર પાસે જમીનથી સો થી એકસત્તાવાર કિલોમીટરની ઊંડાઈએ ઉદ્ભવેલા આ ભૂકંપના આંચકા એટલા પ્રચંડ હતા કે કેલી, પેરિરા અને ક્વિબદો જેવા મોટા શહેરોમાં બે મિનિટ સુધી ઈમારતો ધ્રૂજતી રહી હતી અને હજારો લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા.

કોલંબિયાના ભૌગોલિક સર્વેક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, એકવીસમી સદીમાં દેશમાં આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ છે, જેણે આર્થિક અને સામાજિક માળખાને મોટો ફટકો માર્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ભયાનક હોનારતમાં અત્યાર સુધીમાં બસો ચાલીસથી વધુ લોકોના પ્રાણ ગયા છે અને સેંકડો નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આશરે સાઠ લાખથી વધુ લોકોએ આ પ્રચંડ આંચકા અનુભવ્યા છે, જેના કારણે પહાડી વિસ્તારોમાં જૂની ઈમારતો અને કાચા મકાનો ધડાકાભેર ધરાશાયી થઈ ગયા છે.

મુખ્ય ભૂકંપ બાદ ચોવીસ કલાકની અંદર ત્રીસથી વધુ આફ્ટરશૉક્સ નોંધાઈ ચૂક્યા છે, જેમાં પાંચની તીવ્રતાનો આંચકો પણ સામેલ છે. સતત આવી રહેલા હળવા આંચકાના કારણે નબળી પડી ગયેલી ઈમારતો ગમે ત્યારે તૂટી પડવાનો ડર સતત સતાવી રહ્યો છે. બચાવ ટુકડીઓ અને સુરક્ષા દળો દ્વારા રાત-દિવસ કાટમાળ હટાવીને ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પરંતુ, તૂટેલા રસ્તાઓ અને ટેલિકોમ નેટવર્ક સંપૂર્ણપણે ઠપ થઈ જવાના કારણે ચોકો જેવા દુર્ગમ અને પછાત વિસ્તારો સુધી ભારે મશીનરી તથા રાહત સામગ્રી પહોંચાડવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે.

**કોલંબિયામાં ભૂકંપનો મૃત્યુઆંક 240ને પાર**

કોલંબિયામાં 7.4 તીવ્રતાના ભયાવહ ભૂકંપે હાહાકાર મચાવ્યો છે. બોગોટા સહિત અનેક શહેરોમાં 240થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે 2,000થી વધુ ગુમ છે. 2,000થી વધુ ઈમારતો ધ્વસ્ત થઈ છે, જેમાં શાળાઓ, હોસ્પિટલો અને ઐતિહાસિક ઈમારતોનો સમાવેશ થાય છે. મુખ્ય એરપોર્ટ પર લોકો જીવ બચાવવા દોડતા જોવા મળ્યા હતા. મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે.

### સરકાર દ્વારા કટોકટી જાહેર અને પ્રશાસનિક પગલાં

સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોલંબિયા સરકારે તાત્કાલિક ધોરણે દેશમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી દીધી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, દેશના રાષ્ટ્રપતિએ જાતે જ મોરચો સંભાળીને રાહત કાર્યોનું નિરીક્ષણ શરૂ કર્યું છે અને તમામ સરકારી સંસાધનોને જનસેવા કાજે કામે લગાડી દીધા છે. આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ મિત્ર દેશો દ્વારા મદદ મોકલવાના પ્રસ્તાવો આવી રહ્યા છે, જેથી પીડિતોને ઝડપથી આશરો આપી શકાય.

### જનજીવન પર અસર અને ભવિષ્યની ચિંતા

આ આપત્તિના કારણે દેશના મુખ્ય કોફી ઉત્પાદક વિસ્તારોમાં બગીચાઓ અને અનાજના ગોડાઉનો નષ્ટ થઈ ગયા છે. હજારો લોકો બેઘર બનીને અસ્થાયી શિબિરોમાં રહેવા મજબૂર બન્યા છે. હોસ્પિટલો ક્ષમતા કરતાં વધુ દર્દીઓથી ઉભરાઈ રહી છે અને ઘાયલોની સંખ્યા સતત વધી રહી હોવાથી પીવાના શુદ્ધ પાણી, ખોરાક અને દવાઓની પૂરતી વ્યવસ્થા ઊભી કરવી એ હાલ પ્રશાસન માટે સૌથી મોટો પડકાર બની ગયો છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકાની કોર્ટમાં ગૌતમ અદાણીને મળી ક્લીનચિટ



વોશિંગ્ટન | અમેરિકાની ન્યૂયોર્ક ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે દેશના જાણીતા ઉદ્યોગપતિ અને અદાણી જૂથના પ્રમુખ ગૌતમ અદાણી તેમજ તેમની કંપનીને તમામ આરોપોમાંથી સંપૂર્ણપણે મુક્ત કરીને મોટી રાહત આપી હોવાનું મીડિયા અહેવાલ દ્વારા બહાર આવ્યું છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન અદાણી જૂથ પર રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ્સ સંબંધિત બાબતોમાં વિદેશી અધિકારીઓને આર્થિક લાભ પહોંચાડવા અને રોકાણકારો સમક્ષ માહિતી છુપાવવાના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા. જોકે, અદાણી જૂથ દ્વારા શરૂઆતથી જ આ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવીને તેનું સખત ખંડન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં ન્યૂયોર્કની કોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન અમેરિકાના ન્યાય વિભાગ દ્વારા આ કેસના આરોપો પાછા ખેંચવાની વિનંતી કરતી અરજી દાખલ કરવામાં આવી હતી, જેને કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. જજ નિકોલસ જી. ગરોફિસે સ્પષ્ટ કર્યું હતું કે આ કાર્યવાહી પાછળ કોઈ ગુપ્ત સમજૂતી કે ડીલ થયાના કોઈ જ પુરાવા મળ્યા નથી.

### સીરિયાના પૂર્વ સરમુખત્યાર અસદને ફાંસીની સજા



દમાસ્કસ | સીરિયામાં બે દાયકાથી વધુ સમય સુધી તાનાશાહી શાસન ચલાવનારા પૂર્વ પ્રમુખ બશર અલ-અસદને દમાસ્કસની ક્રિમિનલ કોર્ટે યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગંભીર ગુનાઓ બદલ મૃત્યુદંડની સજા સંભળાવી હોવાનું મીડિયા અહેવાલ દ્વારા બહાર આવ્યું છે. વર્ષ ૨૦૧૧માં સીરિયાના ડેરા પ્રાંતથી શરૂ થયેલા સરકાર વિરોધી પ્રદર્શનો પર અસદની સુરક્ષા દળોએ અત્યંત હિંસક દમન ગુજાર્યું હતું, જેના પરિણામે દેશમાં ભીષણ ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું હતું. આ લાંબા સંઘર્ષ દરમિયાન લાખો નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા અને કરોડો લોકો વિસ્થાપિત થયા હતા. અસદ સરકાર પર પોતાના જ નાગરિકો સામે ગેસ જેવા ઘાતક રાસાયણિક હથિયારોનો ઉપયોગ કરવાનો, ગેરકાયદેસર હત્યાઓ કરવાનો અને જેલોમાં અમાનુષી અત્યાચારો ગુજારવાના પાયાવાર પુરાવા મળ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૪માં અસદ સરકારના પતન બાદ તેઓ પરિવાર સાથે મોસ્કો ભાગી ગયા હતા, જેથી તેમના ૨૪ વર્ષના લાંબા શાસનનો અંત આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનો અને તપાસ સમિતિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા મજબૂત પુરાવાઓના આધારે કોર્ટે આ કડક ચુકાદો આપ્યો છે.

પચાસ વર્ષ પછી માનવી ચંદ્ર પર જશે

# આર્ટેમિસ મિશનમાં જોડાવા માટે નાસાનું ઈસરોને આમંત્રણ, મૂન બેઝ મિશન સાથે ભાગીદારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

અવકાશ સંશોધનના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે, જ્યાં અમેરિકી અંતરિક્ષ સંસ્થા નાસા દ્વારા ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોને તેમના અત્યંત મહત્વાકાંક્ષી આર્ટેમિસ મિશનમાં જોડાવા માટે સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અગાઉના દાયકાઓની જેમ પચાસ વર્ષના લાંબા અંતરાલ પછી ફરી એકવાર માનવીને ચંદ્રની ધરતી પર મોકલવાનો અને ત્યાં કાયમી વસાહત તેમજ સંશોધન મથક સ્થાપવાનો છે.



અમેરિકી દૂતાવાસ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, નાસા અને ઈસરો વચ્ચેની આ ભાગીદારી બંને દેશોના સંબંધોને અંતરિક્ષ ક્ષેત્રે વધુ મજબૂત બનાવશે. અગાઉ એકવીસમી જૂન બે હજાર ત્રેવીસના રોજ ભારત આર્ટેમિસ સમજૂતી ઉપર હસ્તાક્ષર કરનારો દુનિયાનો સતાવીસમો દેશ બન્યો હતો.

આ ભાગીદારીના ભાગરૂપે બંને દેશો પોતાના મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક ડેટાની આપ-લે કરી રહ્યા છે, જે ભવિષ્યના તમામ અવકાશ અભિયાનો માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. આ સમજૂતીનો હેતુ બાહ્ય અંતરિક્ષના નાગરિક સર્વેક્ષણ અને તેના શાંતિપૂર્ણ ઉપયોગનું સંચાલન સુવ્યવસ્થિત રાખવાનો છે.

### ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સંશોધન મથકનું નિર્માણ

આ મહત્વાકાંક્ષી કાર્યક્રમનું મુખ્ય કેન્દ્રબિંદુ ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર બેઝ કેમ્પ અથવા સંશોધન મથક સ્થાપવાનું છે, જ્યાંથી ભવિષ્યમાં મંગળ ગ્રહ પર જવાના અભિયાનોની તૈયારીઓ પણ સરળ બની જશે. આર્ટેમિસ અભિયાનનું પ્રથમ ચરણ નવેમ્બર બે હજાર બાવીસમાં માનવ રહિત ઉડ્ડયન દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ, આર્ટેમિસ બે હેઠળ ચાર પ્રખ્યાત અંતરિક્ષ યાત્રીઓએ ચંદ્રની પરિક્રમા કરી હતી અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા ફર્યા હતા.

આગામી ચરણોમાં ચંદ્રની કક્ષામાં ડોકીંગ પરીક્ષણ અને અંતરિક્ષ યાત્રીઓને ચંદ્રની સપાટી પર ઉતારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

### યુવાનોમાં નવનીકરણ અને વૈજ્ઞાનિક અભિગમ

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સહયોગ માત્ર વૈજ્ઞાનિક સંશોધનો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેનો ઉદ્દેશ્ય ઉદ્યોગોમાં નવનીકરણ લાવવાનો અને દેશના યુવાનોને આધુનિક ટેક્નોલોજી તથા અંતરિક્ષ વિજ્ઞાન તરફ પ્રોત્સાહિત કરવાનો છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોગ્રામ દ્વારા યુવા પેઢીમાં અવકાશ સંશોધન પ્રત્યે ભારે જિજ્ઞાસા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જે ભારતના વૈજ્ઞાનિક ભવિષ્ય માટે અત્યંત સકારાત્મક સંકેત છે.

### આગામી રણનીતિ અને વૈશ્વિક અસરો

આ ભાગીદારીથી વૈશ્વિક સ્તરે અમેરિકાની આગેવાનીને વધુ બળ મળ્યું છે અને ભારત પણ આ ટેક્નોલોજીની રેસમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યો છે. બંને દેશોની સંસ્થાઓના પરસ્પર સહકારથી ચંદ્રના અનસુલઝેલા રહસ્યો અને ત્યાં ઉપલબ્ધ ખનિજ સંસાધનો વિશે મોટી માહિતી મળી શકશે. આ મિશન માત્ર ભારત અને અમેરિકા માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવજાતના ભવિષ્યના અંતરિક્ષ પ્રવાસ માટે એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

# પાકિસ્તાને સૈન્ય અને ગુપ્તચર એજન્સીના ખર્ચનો હિસાબ આપવો પડશે

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 12

આંતરરાષ્ટ્રીય સ્તરે નાણાકીય બાબતોને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં અમેરિકા દ્વારા પાકિસ્તાનની નાણાકીય વ્યવસ્થામાં પારદર્શિતા વધારવા માટે અત્યંત મહત્વપૂર્ણ ભલામણો કરવામાં આવી છે. અમેરિકી વિદેશ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા ફિસ્કલ ટ્રાન્સપરન્સી રિપોર્ટ બે હજાર છવીસમાં પાકિસ્તાનના બજેટ અને સરકારી નાણાકીય લેવડદેવડની ઊંડી સમીક્ષા કરવામાં આવી છે, જેમાં સેના અને ગુપ્તચર એજન્સીઓ પાછળ થતા ખર્ચને સીધો સંસદીય અને નાગરિક દેખરેખ હેઠળ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

અમેરિકાની આ સૌથી મુખ્ય માગ પાકિસ્તાનના લશ્કર અને ગુપ્તચર એજન્સીઓના ગુપ્ત બજેટને લઈને છે. અહેવાલ અનુસાર, પાકિસ્તાને સેના પર થતા સરકારી ખર્ચની તમામ વિગતો ફરજિયાતપણે સાર્વજનિક કરવી પડશે અને તેના પર સામાન્ય નાગરિકો તેમજ સંસદની કડક દેખરેખ રહે તેવી સ્પષ્ટ વ્યવસ્થા ઊભી કરવી પડશે. મીડિયા અહેવાલ મુજબ, કોઈપણ દેશની આર્થિક સ્થિરતા અને પારદર્શિતા માટે ત્યાંની સેનાના ખર્ચ પર નાગરિકોનું નિયંત્રણ હોવું અત્યંત આવશ્યક છે, જેનો પાકિસ્તાનમાં અત્યાર સુધી અભાવ જોવા મળ્યો છે. અમેરિકી રિપોર્ટમાં પાકિસ્તાનને સ્પષ્ટ સલાહ આપવામાં આવી છે કે તેણે પોતાના પર ચડેલા સરકારી દેવાં તેમજ દેશની મોટી સરકારી કંપનીઓની બાકી રહેતી લેણી રકમોની પૂરેપૂરી વિગતો જાહેર કરવી જોઈએ. જો કે પાકિસ્તાનનું બજેટ સામાન્ય આવક અને ખર્ચનું મોટું ચિત્ર રજૂ કરે છે, પરંતુ દેશ પર કુલ કેટલું વિદેશી અને આંતરિક દેવું છે તેની વિગતવાર માહિતી આપવામાં હજુ પણ મોટી ખામીઓ પ્રવર્તી રહી છે, જેને દૂર કરવી ખૂબ જરૂરી છે.

# હત્યાની આશંકાને કારણે ટ્રમ્પે છેલ્લી ઘડીએ વિમાન બદલ્યું, કેટરિંગ કન્ટેનર ટ્રકનો ઉપયોગ

નાટો સમિટ બાદ અંકારાથી ઈંગ્લેન્ડ પ્રવાસ

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 12

આંતરરાષ્ટ્રીય રાજકારણ અને સુરક્ષા ક્ષેત્રે એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તુર્કીમાં હત્યાના સંભવિત પ્રયાસથી બચવા માટે છેલ્લી ઘડીએ પોતાનું વિમાન બદલી નાખ્યું હતું. તુર્કીની રાજધાની અંકારા ખાતે યોજાયેલી નાટો દેશોની શિખર પરિષદમાં ભાગ લીધા બાદ ઈંગ્લેન્ડ જવા માટે તેમણે પોતાના સુરક્ષિત ગણાતા વિશાળ એરફોર્સ વન બોઈંગ ૭૪૭-૮ વિમાનનો ઉપયોગ કરવાને બદલે એક નાના સી-૩૨એ વિમાનનો પ્રવાસ ખેડ્યો હતો, જેણે સમગ્ર સુરક્ષા તંત્રમાં દોડધામ મચાવી દીધી હતી.



મીડિયા અહેવાલ મુજબ, આ વિમાન બદલવાની સમગ્ર કાર્યવાહી એટલી ગુપ્ત રાખવામાં આવી હતી કે ત્યાં હાજર મોટાભાગના અધિકારીઓ અને સાથે પ્રવાસ કરી રહેલા પત્રકારો પણ તેનાથી સંપૂર્ણપણે અજાણ રહ્યા હતા. સૌને એમ જ જણાવવામાં આવ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પ નિયમાનુસાર પોતાના મુખ્ય વિમાનમાં જ સવાર થઈને ઈંગ્લેન્ડ જઈ રહ્યા છે, અને સુરક્ષાના ભાગરૂપે તમામ પત્રકારોને એરોપ્લેનની બારીઓના પર્દા પાડી દેવાની કડક સૂચના આપવામાં આવી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વિદેશી એજન્સીઓ દ્વારા પ્રમુખ ટ્રમ્પની હત્યાનું કોઈ મોટું કાવતરું ઘડવામાં આવ્યું હોવાના ગુપ્તચર અહેવાલો મળ્યા હતા. આ ગંભીર જોખમને ધ્યાનમાં રાખીને પ્રમુખે કોઈ પણ જાતનું જોખમ ખેડવાનું ટાળ્યું હતું. સી-૩૨એ વિમાન સુધી પહોંચવા માટે તેમણે સામાન્ય સત્તાવાર વાહનોનો ઉપયોગ કરવાને બદલે એક સામાન્ય કેટરિંગ કન્ટેનર ટ્રકનો ઉપયોગ કર્યો હતો, જેથી કોઈનું પણ ધ્યાન આ તરફ ન જાય અને ગોપનીયતા જળવાઈ રહે.

આ અચાનક લેવાયેલા નિર્ણગ અને વિમાન બદલવાની પદ્ધતિએ કતારના શાહી પરિવાર દ્વારા ભેટ આપવામાં આવેલા નવા એરફોર્સ વન વિમાનની સલામતી અને સક્ષમતા સામે પણ મોટા સવાલો ખડા કર્યા છે.

નિષ્ણાતોના મતે, આ પ્રકારની કટોકટીની પરિસ્થિતિ વૈશ્વિક નેતાઓની સુરક્ષા વ્યવસ્થામાં રહેલી મર્યાદાઓ અને સંભવિત ખતરાઓની ગંભીરતા સ્પષ્ટપણે દર્શાવે છે.

એઆઈ | માર્ક ઝકરબર્ગની ગંભીર ચેતવણી, ભવિષ્યના ભૂ-રાજકીય પ્રભુત્વ પર અસર

# કૃત્રિમ બુદ્ધિમત્તાની સ્પર્ધામાં ચીન અમેરિકાથી આગળ નીકળશે

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 12

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અર્થાત્ કૃત્રિમ બુદ્ધિમત્તાનો વપરાશ દિનપ્રતિદિન વધી રહ્યો છે, ત્યારે હાલ અમેરિકા અને ચીન વચ્ચે તેના પર સર્વોચ્ચ પ્રભુત્વ મેળવવા માટે અતિ તીવ્ર રેસ ચાલી રહી છે. આ વચ્ચે મેટા કંપનીના મુખ્ય કાર્યકારી અધિકારી માર્ક ઝકરબર્ગે ન્યૂયોર્ક ખાતે એક મોટો ખુલાસો કરતા ચેતવણી આપી છે કે આ એઆઈની વૈશ્વિક રેસમાં એશિયન મહાસત્તા ચીન અમેરિકા કરતા પણ આગળ નીકળી શકે છે, જે આવનારા સમયમાં આંતરરાષ્ટ્રીય રાજકારણનું ચિત્ર બદલી નાખશે.



ટેક્નોલોજીના ક્ષેત્રમાં અત્યાર સુધી પરંપરાગત રીતે અમેરિકા અને તેના સહયોગી દેશોનું એકછત્ર વર્ચસ્વ રહ્યું છે. સિલિકોન ડિઝાઈન અને ચિપ નિર્માણના મામલે અમેરિકાની સ્થિતિ ઘણી મજબૂત છે, પરંતુ ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પૂરતી ઊર્જા ક્ષમતા ઊભી કરવાની ઝડપ બાબતે અમેરિકા પાછળ પડી રહ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, ચીન જેવા દેશો દ્વારા ખૂબ જ ઝડપથી ન્યૂક્લિયર અને વીજળી ક્ષમતા વધારવામાં આવી રહી છે, જેના કારણે તેમને મોટા ડેટા સેન્ટર ચલાવવામાં સરળતા રહે છે. આ સ્પર્ધામાં ટકી રહેવા માટે હવે અમેરિકાએ પણ પોતાના પાયાના માળખાને ઝડપથી મજબૂત કરવું પડશે.

માર્ક ઝકરબર્ગે તાજેતરમાં જ છ હજાર પાંચસો શબ્દોનો એક વિસ્તૃત દસ્તાવેજ એટલે કે મેનિફેસ્ટો જાહેર કર્યો છે, જેમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની તાકાત માત્ર કોઈ એક જ સરકાર કે ગણતરીની મોટી કંપનીઓના હાથમાં કેન્દ્રિત થઈ જવી એ સમગ્ર માનવજાત માટે સૌથી મોટું જોખમ સાબિત થઈ શકે છે. એઆઈ એ ઈતિહાસની સૌથી વધુ સ્પર્ધાત્મક ઈન્ડસ્ટ્રી છે, જ્યાં નવીનીકરણ અને નવા સંશોધનોની નકલ ખૂબ જ ઝડપથી થઈ જાય છે અને થોડા જ મહિનાઓમાં તેને અપનાવી લેવામાં આવે છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભવિષ્યમાં જે પણ દેશ એડવાન્સ્ડ એઆઈના વિકાસમાં સૌથી આગળ રહેશે, તે જ દેશ વૈશ્વિક સ્તરે ભૂ-રાજકીય સત્તા સંતુલનમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ વિકાસ લોકતાંત્રિક મૂલ્યો, આર્થિક સમૃદ્ધિ અને રાષ્ટ્રીય સુરક્ષાની સ્થિતિ નક્કી કરવામાં મોટો ભાગ ભજવશે. હાલમાં જ એન્થ્રોપિક, ઓપન એઆઈ અને મેટા સહિતના વિવિધ મોડેલોની ક્ષમતાઓ ચકાસવા માટે સાયબર સુરક્ષાના મૂલ્યાંકન સમયે એઆઈ એજન્ટો દ્વારા ગેરકાયદે ઘૂસણખોરી કરવાના બનાવો પણ સામે આવ્યા છે, જે આગામી સમયના ગંભીર પડકારો તરફ ઈશારો કરે છે.

# માલિકનો જિમ સ્લોટ મેળવવા એઆઈએ સિસ્ટમ હેક કરી

(એજન્સી) સિડની । તા. 12

ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આસિસ્ટન્ટે પોતાના માલિકને જિમ ક્લાસમાં સ્લોટ અપાવવા માટે બુકિંગ સિસ્ટમની સુરક્ષા ખામીનો લાભ ઉઠાવીને અન્ય વ્યક્તિનું બુકિંગ રદ કરી દીધું હોવાનું મીડિયા અહેવાલ દ્વારા બહાર આવ્યું છે.

ઓસ્ટ્રેલિયાની ટેક કંપનીના એક પદાધિકારીને લોકપ્રિય જિમ ક્લાસમાં જગ્યા જોઈતી હતી, પરંતુ ક્લાસ પહેલેથી જ ભરાઈ ગયો હોવાથી તેમણે આ કામ પોતાના ક્લાઉડ આધારિત પર્સનલ એઆઈ આસિસ્ટન્ટને સોંપ્યું હતું. એઆઈએ વેબસાઈટની પાછળની બાજુની સિસ્ટમ તપાસીને એવી ખામી શોધી કાઢી જ્યાં પરમિશનની ચકાસણી યોગ્ય રીતે થતી ન હતી. આ ખામીનો ફાયદો ઉઠાવીને એઆઈએ વેઈટિંગ લિસ્ટમાં પ્રથમ સ્થાને રહેલા નિર્દોષ વ્યક્તિનું બુકિંગ રદ કરી નાખ્યું, જેથી તેનો માલિક લિસ્ટમાં આગળ આવી શકે. માલિકે સીધી રીતે કોઈનું બુકિંગ રદ કરવાનો આદેશ આપ્યો ન હોવા છતાં, એઆઈએ પોતાનું કામ પૂરું કરવા માટે આ માર્ગ અપનાવ્યો હતો. આ ઘટનાને કોઈ જટિલ કે એડવાન્સ હેકિંગ નથી ગણવામાં આવતું, પરંતુ તે વેબસાઈટની નબળાઈ અને એઆઈની સ્વયંસંચાલિત ક્ષમતાનો અનોખો મેળ છે. આ ઘટના બાદ ટેકનોલોજી જગતમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે કે ભવિષ્યમાં એઆઈ એજન્ટ્સ માનવ હસ્તક્ષેપ વગર સિસ્ટમની ખામીઓનો કેવો ઉપયોગ કરી શકે છે. નિષ્ણાતોના મતે, આ બનાવ એ વાતની સાક્ષી પૂરે છે કે આગામી સમયમાં ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત બનાવવી અનિવાર્ય બનશે, જેથી આવા અનપેક્ષિત જોખમોથી બચી શકાય.

## રાહુલ ગાંધીએ પૂછ્યું- વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો?'

# 'હું દરેક સવાલનો જવાબ આપવા તૈયાર...': અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.12

NEET પેપર લીક અને વિદ્યાર્થીઓ પરના લાઠીચાર્જ મુદ્દે રાહુલ ગાંધી અને અમિત શાહ આમને-સામને આવ્યા. ગૃહમંત્રી શાહે ચર્ચા માટે ખુલ્લી ચેલેન્જ આપતા કહ્યું કે સરકાર પાસે છુપાવવા કંઈ નથી. બીજી તરફ, રાહુલ ગાંધીએ શાહ પર બાળકો પર પેલેટ ગન ચલાવવાનો આદેશ આપવાનો આરોપ મૂકી રાજીનામાની માંગ કરી. આ મુદ્દે સંસદમાં રાજકીય ગરમાવો વધ્યો છે. NEET પેપર લીક અને જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામસામે આવી ગયા છે. એક તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું છે કે 'સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી અને હું આજે જ આ મુદ્દે ચર્ચા કરવા તથા દરેક સવાલનો જવાબ આપવા તૈયાર છું.' તો બીજી તરફ, વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મારે ભાષણ નથી સાંભળવું. જો વિદ્યાર્થીઓ પર



પેલેટ ગન ચલાવવાનો આદેશ ગૃહમંત્રીએ આપ્યો હોય તો તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ.'કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિપક્ષને સંસદ ચાલવા દેવાની અપીલ કરતા કહ્યું કે, "સરકાર દરેક વિષય પર વિગતવાર ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષ બપોરે 2 વાગ્યા સુધીમાં સ્પીકરને ચર્ચા માટે પત્ર સોંપે, સરકાર આજે બપોરે 3 વાગ્યાથી લઈને મોડી રાત સુધી અને આવતીકાલે પણ ચર્ચા કરવા તૈયાર છે. હું પોતે આ ચર્ચામાં હાજર રહીશ અને વિપક્ષના દરેક સવાલનો જવાબ આપીશ."તેમણે વધુમાં ઉમેર્યું કે, સરકાર NEET મુદ્દે વિદ્યાર્થીઓના આંદોલન અને વિપક્ષના તમામ આક્ષેપોના જવાબો આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જો જરૂર પડે તો પ્રશ્નકાળ સ્થગિત કરીને પણ આ મુદ્દે સંસદના નિયમો અનુસાર ચર્ચા થઈ શકે છે, પરંતુ વિપક્ષ માત્ર હંગામો કરીને ચર્ચાથી ભાગી રહ્યો છે.ગૃહમંત્રીના આ નિવેદન પર પલટવાર કરતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, "અમારે ગૃહમંત્રીનું કોઈ લેક્ચર નથી સાંભળવું. દેશના ભવિષ્ય એવા નિર્દોષ વિદ્યાર્થીઓ પર જે રીતે અત્યાચાર કરવામાં આવ્યો છે તેનો જવાબ સરકારે આપવો પડશે."રાહુલ ગાંધીએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, જો જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા માસૂમ બાળકો પર પેલેટ ગન અને લાઠીચાર્જ કરવાનો આદેશ અમિત શાહે આપ્યો હોય, તો તેમણે નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ. અમે છેલ્લા 20 દિવસથી તેમની પાસે જવાબ માગી રહ્યા છે પણ તેઓ જવાબ આપવાની જગ્યાએ ગાયબ થઈ ગયા છે. એક વિદ્યાર્થીને આંધળો કરી દેવાયો, બીજાને ગોળી મારી. ખિલ્લીવાળા દંડા વડે વિદ્યાર્થીઓને મારવામાં આવ્યા હતા. આ આદેશ આપ્યા કોણે અમને તો એ કહો? યુવા પેઢી અમિત શાહ તરફથી કોઈ સ્પષ્ટતા કે તર્ક જાણવા નથી માગતી બસ એટલું કહે કે વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરવાનો આદેશ આખરે આપ્યો કોણે? જ્યાં સુધી જવાબ નહીં મળે ત્યાં સુધી કોઈ ચર્ચા સ્વીકારવામાં નહીં આવે. સંસદનું સત્ર શરૂ થયું ત્યારથી જ NEET પેપર લીક અને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનનો મુદ્દો છવાયેલો રહ્યો છે. વિપક્ષ આ મુદ્દે સરકારને સતત ઘેરી રહ્યો છે અને ગૃહમાં ભારે હંગામો મચાવી રહ્યો છે. ત્યારે અમિત શાહના આજના પ્રસ્તાવ અને રાહુલ ગાંધીના આકરા વલણ બાદ સંસદમાં રાજકીય ગરમાવો વધુ વધી ગયો છે.

## Gen-Z ને 'ગટર જનરેશન' કહીને ફસાયા સાંસદ કંગના રણૌત, કોર્ટ સુનાવણી માટે તૈયાર

(એજન્સી) નવી દિલ્હી | તા.12

ભાજપના સાંસદ કંગના રણૌત 'Gen Z'ને 'ગટર જનરેશન' કહેવા બદલ કાનૂની સંકટમાં ફસાયા છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરતા યુવાનો સામેના તેમના નિવેદન બદલ આગ્રાની MP-MLA કોર્ટે અરજી સ્વીકારી છે. એડવોકેટ રમાશંકર શર્મા દ્વારા દાખલ કરાયેલી આ અરજી પર 21 ઓગસ્ટે સુનાવણી થશે. કંગનાએ સ્પષ્ટતા કરી કે તેમનો ઈરાદો બધા યુવાનો માટે ન હતો, પરંતુ વિવાદ ચાલુ છે.અભિનેત્રી અને ભાજપના લોકસભા સાંસદ કંગના રણૌત પોતાના વિવાદાસ્પદ નિવેદનોના કારણે ફરી એકવાર કાનૂની સંકટમાં ફસાયા છે. દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવાનો અને 'જેન ઝી' (Gen Z) ને 'ગટર જનરેશન' કહેવા બદલ તેમની સામે સ્પેશિયલ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે, જેને અદાલતે સુનાવણી માટે ગ્રાહ્ય રાખી છે. ઉત્તર પ્રદેશના આગ્રાની સ્પેશિયલ MP-MLA કોર્ટે મંગળવારે કંગના રણૌત વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીને સ્વીકારી લીધી છે. આ અરજી એડવોકેટ રમાશંકર શર્મા દ્વારા દાખલ કરવામાં આવી છે. કોર્ટે આ મામલે આગામી



સુનાવણી માટે 21 ઓગસ્ટની તારીખ નક્કી કરી છે.

જૂન-જુલાઈ દરમિયાન પેપર લીકના મુદ્દાને લઈને દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કંગના રણૌતે એક વીડિયો સંદેશમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને 'ગટર જનરેશન' (Generation Gutter) કહ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ યુવાનોની સોશિયલ મીડિયા રીલ્સ જોઈને તેમને 'ઘીન' આવે છે અને સવાલ ઉઠાવ્યો હતો કે 'આવા લોકોને કોણ જન્મ આપી રહ્યું છે અને કોણ ઉછેરી રહ્યું છે?'અરજીકર્તા અને વકીલ રમાશંકર શર્માએ જણાવ્યું હતું કે, કંગના રણૌતે દેશના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓનું ભારે અપમાન કર્યું છે અને તેમના માતા-પિતા વિરુદ્ધ પણ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો છે.

## News Brief

### બાળકી પર રેપ બદલ 50 વર્ષની કેદ 'મર્દાનગી'ના અંત સુધી ન છોડવા આદેશ

ચંડીગઢ : સાત વર્ષની એક બાળકીનું અપહરણ, બળાત્કાર અને બાદમાં હત્યાના ગુનામાં ૨૧ વર્ષના યુવકને દોષિત ઠેરવીને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ૫૦ વર્ષ સુધી જેલમાં રાખવાની સજા ફટકારી હતી. સાથે જ હાઈકોર્ટે એક આકરી ટિપ્પણી પણ કરી હતી અને કહ્યું હતું કે જ્યાં સુધી પુરુષત્વના ઉન્માદનો સૂર્ય અસ્ત ના થાય ત્યાં સુધી તેને જેલમાં જ રાખવામાં આવે.હરિયાણાના કૈથલમાં વર્ષ ૨૦૨૨માં સાત વર્ષની બાળકી બપોર પછીના સમયે ગૂમ થઈ ગઈ હતી તેથી પરિવારે આ અંગે ફરિયાદ દાખલ કરાવી હતી. બીજા દિવસે જ બાળકીનો સળગેલો મૃતદેહ કુરાર ગામના જંગલમાંથી મળી આવ્યો હતો.બાળકીનો ચેહરો બળી ગયો હોવાથી તેની ઓળખ કરવી મુશ્કેલ હતું, એવામાં ગુમ થયાની ફરિયાદ કરનારા માતા પિતાના ડીએનએ સેમ્પલ મેચ કરવામાં આવ્યા તે બાદ પીડિત બાળકી કોણ છે તેની જાણકારી મળી શકી હતી. કૈથલની ટ્રાયલ કોર્ટે પોક્સ સહિતની વિવિધ કલમો હેઠળ આરોપી યુવકને બીજા જ વર્ષે દોષિત ઠેરવ્યો હતો અને ફાંસીની સજા ફટકારી હતી. આરોપીની ઓળખ સીસીટીવી કેમેરાના ફૂટેજથી થઈ હતી. કોર્ટે નોંધ્યું હતું કે આરોપીએ પુરાવાનો નાશ કરવા કે બચવા માટે બાળકીની હત્યા કરી દીધી હોવાનું સ્પષ્ટ થાય છે. બીજી તરફ અલ્લાહાબાદ હાઈકોર્ટે શારીરિક શોષણના મામલાને લઈને મહત્વનું અવલોકન કર્યું છે. હાઈકોર્ટે નોંધ્યું છે કે શારીરિક શોષણની ફરિયાદમાં પુરાવાના અભાવને આગળ કરીને પોલીસ એફઆઈઆર દાખલ કરવાની ના ન પાડી શકે. સાથે જ હાઈકોર્ટે એમ પણ નોંધ્યું હતું કે જ્યારે પીડિતા ફરિયાદ લઈને આવે એ સમયે પોલીસ કાયદેસરની તપાસનો ભાર પીડિતા પર ના નાખી શકે.

## સૂમસામ રસ્તા પર ડિવાઈડર સાથે અચાનક ટક્કર

# અતીક અહેમદના પુત્રના અકસ્માતનો ભયાનક લાઈવ વીડિયો સામે આવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.12

માફિયામાંથી રાજકારણી બનેલા અતીક અહેમદના નાના પુત્ર અબાન અહેમદના કાર અકસ્માતનો ભયાનક લાઈવ વીડિયો સામે આવ્યો છે. 6 ઓગસ્ટે ઝાંસીમાં બનેલી આ ઘટનામાં અબાન અને તેના એક મિત્રનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. ડેશકેમમાં કેદ થયેલા વીડિયોમાં અબાનની કાર પૂરઝડપે જઈને ડિવાઈડર સાથે અથડાઈ, હવામાં ઉછળી અને જમીનદોસ્ત થઈ. માફિયામાંથી રાજકારણી બનેલા અતીક અહેમદના સૌથી નાના પુત્ર અબાન અહેમદના કાર અકસ્માતનો અત્યંત ભયાનક લાઈવ વીડિયો સામે આવ્યો છે. ઝાંસીમાં બનેલી આ ઘટનામાં અબાન અને તેના એક મિત્રનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. આ ગોઝારો અકસ્માત અબાનની કારની પાછળ ચાલી રહેલી અન્ય એક કારના ડેશકેમ (Dashcam) કેમેરામાં કેદ થઈ ગયો હતો.

ગત 6 ઑગસ્ટે અતીક અહેમદનો નાનો પુત્ર અબાન અહેમદ પ્રયાગરાજથી ઝાંસી જેલમાં બંધ તેના મોટા ભાઈ અલી અહેમદને મળવા જઈ રહ્યો



હતો. આ દરમિયાન ઝાંસી નજીક તેની કાર ગંભીર અકસ્માતનો ભોગ બની હતી, જેમાં અબાન અને તેના મિત્રનું મોત થયું હતું જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.પાછળ આવતી કારના ડેશકેમ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે અબાનની કાર અત્યંત પૂરઝડપે આગળ વધી રહી હતી. એક ગાડીને ઓવરટેક કર્યા બાદ અચાનક કાર ડાબી તરફ વળવા લાગે છે અને કારની સ્પીડ વધારે હોવાના કારણે તે રોડની નીચે ઊતરી જાય છે.જેવી કાર રસ્તાની નીચે ઉતરે છે કે તરત જ ડ્રાઈવરે કાર પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાર સીધી રોડની સાઈડમાં આવેલા ડિવાઈડર સાથે અથડાઈ હતી અને હવામાં કેટલાય ફૂટ ઊંચે ઊછળીને જમીનદોસ્ત થઈ ગઈ હતી. આ દ્રશ્ય જોઈને પાછળ આવતી કારના ચાલકનું પણ બેલેન્સ બગડ્યું હતું અને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. આ 1 મિનિટના વીડિયોએ અકસ્માત કેવી રીતે સર્જાયો તેની પૂરી કહાની સ્પષ્ટ કરી દીધી છે.ગુંડા-માફિયા અતીક અહેમદના કુલ પાંચ પુત્રો છે. જેમાંથી સૌથી મોટો પુત્ર ઉમર અહેમદ લખનૌ જેલમાં અને બીજો પુત્ર અલી અહેમદ ઝાંસી જેલમાં બંધ છે. ત્રીજો પુત્ર અસદ એપ્રિલ 2023માં ઝાંસીમાં જ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. ચોથો પુત્ર અહઝમ બહાર છે, જ્યારે સૌથી નાના પુત્ર અબાનનું આ કાર અકસ્માતમાં મોત નીપજ્યું છે.

## 'લોકસભાની બેઠકો 850 નહીં થવા દઈએ...', તમિલનાડુના CM વિજયનો કેન્દ્ર સરકારને પડકાર

(એજન્સી) તમિલનાડુ | તા.12

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને વિધાનસભામાં પરિસીમન બિલ સામે પ્રસ્તાવ રજૂ કર્યો. તેમણે 2029ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને 33% અનામત હાલની 543 બેઠકોના આધારે આપવાની માંગ કરી. સ્ટાલિને વસ્તીના આધારે લોકસભા બેઠકો વધારવાનો સખત વિરોધ કર્યો, કારણ કે તેનાથી દક્ષિણ ભારતના રાજ્યોનું સંસદમાં પ્રતિનિધિત્વ નબળું પડશે.CM વિજયે વિધાનસભામાં કહ્યું કે 2029ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને 33 ટકા અનામત હાલની 543 લોકસભા સીટોના આધારે જ આપવી જોઈએ. પ્રસ્તાવમાં લોકસભાની સીટો વધારવાનો સખત વિરોધ કરવામાં આવ્યો છે. પરિસીમન બિલને લઈને થલપતિ વિજયે ફરી



એકવાર બળવાખોર વલણ અપનાવ્યું છે. નીટ અને FCRA બિલ સામે પ્રસ્તાવ પાસ કર્યા બાદ તમિલનાડુના મુખ્યમંત્રી સી જોસેફ વિજયે બુધવારે કેન્દ્રની મોદી સરકારના પરિસીમન પ્લાન સામે મોરચો ખોલી દીધો છે. વિજયે તમિલનાડુ વિધાનસભામાં લોકસભા સીટોની સંખ્યા વધારવાના પ્રસ્તાવ સામે એક પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ પ્રસ્તાવ રજૂ કરતાં CM વિજયે સ્પષ્ટ કરી દીધું કે તેઓ દક્ષિણ ભારતના અધિકારોની કિંમતે મોદી સરકારને લોકસભા સીટો વધારવા નહીં દે.તમિલનાડુ સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ એ સ્પષ્ટ માંગ રાખી છે કે દેશમાં લોકસભા સીટોની કુલ સંખ્યાને કાયમ માટે 543 પર જ ફ્રીઝ રાખવામાં આવે. પ્રસ્તાવમાં જણાવાયું છે કે તમિલનાડુ અને અન્ય દક્ષિણના રાજ્યોએ રાષ્ટ્રીય નીતિઓનું પાલન કરીને વસ્તી નિયંત્રણને અસરકારક રીતે લાગુ કર્યું છે. એવામાં માત્ર વસ્તીના આધારે સીટો વધારવાથી સંસદમાં તમિલનાડુ અને દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ કાયમ માટે નબળું પડી જશે.પ્રસ્તાવ રજૂ કરતાં મુખ્યમંત્રી વિજયે કહ્યું, "2029ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને 33 ટકા અનામત હાલની 543 લોકસભા સીટોના આધારે જ આપવી જોઈએ. મહિલા અનામતમાં હવે વધુ વિલંબ થવો જોઈએ નહીં.

## અખિલેશ યાદવે સંસદીય પ્રશ્નોના ઉત્તર માટે સમય મર્યાદા નક્કી કરવા પર સરકારની ટીકા કરી



નવી દિલ્હી : સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સંસદમાં સરકારના પ્રત્યુત્તર માટે સમય મર્યાદા નક્કી કરવાના પ્રયાસ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે અને આ પગલાને અલોકતાંત્રિક ગણાવ્યું છે. તેમનું માનવું છે કે આ પ્રકારની મર્યાદા સાચા જવાબો આપવાને બદલે માત્ર ખાલી નિવેદનો પૂરા પાડવાનો પ્રયાસ છે. નીટ પેપર લીક વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન અંગે સંસદમાં વિગતવાર ચર્ચા કરવાના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિર્ણય બાદ સમાજવાદી પાર્ટીના વડા તરફથી આ પ્રતિક્રિયા સામે આવી છે.સોશિયલ મીડિયા પર પોતાના નિવેદનમાં અખિલેશ યાદવે જણાવ્યું હતું કે સરકારે સંસદમાં જવાબ આપવા માટે જે સમય મર્યાદા નક્કી કરવા ઈચ્છે છે તે પોતાનામાં જ અલોકતાંત્રિક છે અને આ કોઈ સાચો પ્રત્યુત્તર નહીં પરંતુ માત્ર ખાલી નિવેદન સાબિત થશે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સત્તાધારી પક્ષ પોતાની બંધારણીય જવાબદારીઓમાંથી ભાગી છૂટવા માટે ચોમાસુ સત્ર સમય કરતાં વહેલું પૂરું કરવાનો રસ્તો શોધી રહ્યો છે.નીટ પેપર લીક મામલે વિદ્યાર્થીઓના પ્રદર્શનો અને પ્રદર્શનકારીઓ સામે પોલીસ કાર્યવાહીને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે સતત ઘર્ષણ ચાલી રહ્યું છે. આ વિવાદના કારણે સંસદની કાર્યવાહીમાં વારંવાર અવરોધો ઊભા થયા છે, જેમાં વિપક્ષ દ્વારા સરકાર પાસે સ્પષ્ટ જવાબો માંગવામાં આવી રહ્યા છે અને સમગ્ર મો જવાબદારી નક્કી કરવાની માંગ પ્રબળ બની છે.

## ટ્રેન નં. 22927/22928 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ લોક શક્તિ એક્સપ્રેસને વડનગર સુધી લંબાવવામાં આવી



(એજન્સી) મુંબઈ | તા.12

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. 22927/22928 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ લોક શક્તિ એક્સપ્રેસને અનુક્રમે 13/08/2026 અને 14/08/2026 થી વડનગર સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે.પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી અનુસાર, ટ્રેન નં. 22927 બાંદ્રા ટર્મિનસ-વડનગર લોક શક્તિ એક્સપ્રેસ 13 ઓગસ્ટ, 2026 થી બાંદ્રા ટર્મિનસથી સાંજે 19:40 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે 06:40 વાગ્યે વડનગર પહોંચશે. તેવી જ રીતે, પરત દિશામાં, ટ્રેન નં. 22928 વડનગર-બાંદ્રા ટર્મિનસ લોક શક્તિ એક્સપ્રેસ 14 ઓગસ્ટ, 2026 થી વડનગરથી 18:20 કલાકે ઉપડશે અને બીજા દિવસે 05:25 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. વિસ્તૃત ટ્રેન અમદાવાદ અને વડનગર વચ્ચે બંને દિશામાં મહેસાણા સ્ટેશન પર રોકાશે.ઉપરોક્ત ટ્રેનના વડનગર સ્ટેશન સુધી વિસ્તરણને કારણે, આ ટ્રેનના અમદાવાદ સ્ટેશન પરના સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવ્યા છે:અન્ય સ્ટેશનો પર આ ટ્રેનના સ્ટોપેજ સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.એવી માહિતી આપવામાં આવે છે કે ટ્રેન નં. 22927 બાંદ્રા ટર્મિનસ-વડનગર લોક શક્તિ સુપરફાસ્ટ એક્સપ્રેસને 12 ઓક્ટોબર, 2026 થી શરૂ થતી ટ્રેન નં. 19017 બાંદ્રા ટર્મિનસ-વડનગર લોક શક્તિ એક્સપ્રેસ તરીકે નામ આપવામાં આવશે. તેવી જ રીતે, ટ્રેન નં. 22928 વડનગર - બાંદ્રા ટર્મિનસ લોક શક્તિ સુપરફાસ્ટ એક્સપ્રેસને 13 ઓક્ટોબર, 2026 થી ટ્રેન નં. 19018 વડનગર - બાંદ્રા ટર્મિનસ લોક શક્તિ એક્સપ્રેસ તરીકે નામ આપવામાં આવશે.યાત્રીઓને ઉપરોક્ત ફેરફારોની નોંધ લેવા વિનંતી છે.

## GM NFR એ NJP અને કટિહાર રેલ્વે સ્ટેશનો પર પુનઃવિકાસ અને માળખાગત સુવિધાઓનું નિરીક્ષણ કર્યું

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 11 ઓગસ્ટ, 2026 ના રોજ નવા જલપાઈગુડી અને કટિહાર રેલ્વે સ્ટેશનોનું વ્યાપક નિરીક્ષણ કર્યું, જેમાં મુખ્ય ચાલુ માળખાગત સુવિધાઓ અને મુસાફરોની સુવિધાના કાર્યોની સમીક્ષા કરવામાં આવી. NJP ખાતે, જનરલ મેનેજરે વિશ્વ-સ્તરીય રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસની પ્રગતિનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને ગુણવત્તા, સલામતી અને મુસાફરોની સુવિધા સાથે સમાધાન કર્યા વિના તમામ કાર્યો સમયસર પૂર્ણ કરવાની ખાતરી કરવા




નિર્દેશ આપ્યો. તેમણે પ્લેટફોર્મ નંબર 1/2 પર એક્સપિરિયન્સ ઝોન, NJP સ્ટેશનની પશ્ચિમ બાજુએ નવી વિકસિત સૌર ઉર્જા આધારિત પાર્કિંગ સુવિધા, એક નવું બુકિંગ કાઉન્ટર અને પ્લેટફોર્મ નંબર 4 પર એર-કન્ડિશન્ડ વેઈટિંગ હોલનું પણ ઉદ્ઘાટન કર્યું. મુસાફરોને વધુ સારી આરામ અને સુવિધા પૂરી પાડવા માટે પ્લેટફોર્મ નંબર 5 પર હાલના પેસેન્જર વેઈટિંગ એરિયાનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે. NJP ની મુલાકાત દરમિયાન, શ્રી શ્રીવાસ્તવે કંચનજંઘા ઓફિસર્સ રેસ્ટ હાઉસમાં આઠ વધારાના રૂમ પણ ખોલ્યા, જેનાથી સ્ટેશન પર રેલ્વે રહેવાની સુવિધાઓમાં વધારો થયો. તેમણે વિવિધ ચાલુ કાર્યોની પ્રગતિ અને સંબંધિત અધિકારીઓ સાથે ભવિષ્યની કાર્યવાહીની સમીક્ષા કરી, ભાર મૂક્યો કે NJP ના પુનર્વિકાસમાં નિર્ધારિત સમયમર્યાદાનું પાલન કરીને આધુનિક, મુસાફરોને અનુકૂળ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. NFR મુખ્યાલય અને કટિહાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, જેમાં શ્રી નીલમણિ બ્રહ્મા, પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર/NFR અને શ્રી કિરેન્દ્ર નારહ, ડિવિઝનલ રેલ્વે મેનેજર/કટિહારનો સમાવેશ થાય છે, નિરીક્ષણ કાર્યક્રમ દરમિયાન જનરલ મેનેજર સાથે હતા. નિરીક્ષણ કાર્યક્રમના ભાગ રૂપે, જનરલ મેનેજરે તાજેતરમાં કાર્યરત કટિહાર-કુરેઠા અને કટિહાર-સોનૈલી ડબલ-લાઈન વિભાગોનું વિન્ડો-ટ્રેલિંગ નિરીક્ષણ પણ કર્યું, નવા કાર્યરત માળખાગત સુવિધાઓ અને સંલગ્ન કાર્યોની સમીક્ષા કરી. રેલવે વિભાગનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ માર્ગ પર ટ્રેક, માળખાગત સુવિધાઓ અને વિકાસ કાર્યોની સ્થિતિનો અભ્યાસ કરવા માટે કરવામાં આવ્યું હતું.

## આ રાજ્યની સરકારે 'અનાથ-વિધવા સેસ' લગાવતા પેટ્રોલ-ડીઝલ મોંઘા, આવી નોબત કેમ આવી?

(એજન્સી) નવી દિલ્હી | તા.12

હિમાચલ પ્રદેશમાં સુક્ખુ સરકારે આર્થિક સંકટને પગલે પેટ્રોલ-ડીઝલ પર 60 પૈસા પ્રતિ લિટર 'વિધવા અને અનાથ સેસ' લગાવ્યો છે. 12 ઓગસ્ટથી લાગુ થયેલા આ નવા ટેક્સથી રાજ્યમાં ઈંધણ મોંઘું બન્યું છે. વિધવાઓ અને અનાથોના કલ્યાણ માટે કાયમી ફંડ ઊભું કરવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે. વિપક્ષ અને ડીલરોએ આ પગલાંનો વિરોધ કર્યો છે, કારણ કે તેમને મહેસૂલ ઘટવાનો ડર છે.આર્થિક સંકટ સામે ઝઝૂમતી હિમાચલ સરકારે પેટ્રોલ-ડીઝલ પર 60 પૈસા પ્રતિ લિટર 'વિધવા અને અનાથ સેસ' લાદ્યો છે. જાણો શા માટે લાગ્યો આ નવો ટેક્સ અને તમારી ખિસ્સા પર આની શું અસર પડશે.

## મુંબઈ ઉપનગરીય રેલ પરિવર્તનને વેગ મળ્યો: ત્રણ રેલ્વે ઉત્પાદન એકમો એકસાથે 238 એસી રેકનું ઉત્પાદન કરશે

મુંબઈ | મુંબઈ ઉપનગરીય રેલ સેવાઓને સુધારવા માટે એક મહત્વપૂર્ણ પહેલમાં, સરકાર બે-સ્તરીય વ્યૂહરચના અપનાવી રહી છે - ઉપનગરીય રેલ નેટવર્કની ક્ષમતા વધારવી અને ઝડપથી એસી લોકલ ટ્રેનો શરૂ કરવી. ઉપનગરીય રેલ નેટવર્કને મજબૂત બનાવવા માટે, નવા કોરિડોર, વધારાની રેલ લાઇન, 15-કોચ ટ્રેનો માટે પ્લેટફોર્મ વિસ્તરણ અને અન્ય ક્ષમતા વધારતા યાર્ડ પુનર્ગઠન પ્રોજેક્ટ્સમાં આશરે 22,000 કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે.આ માળખાગત વિસ્તરણ ઉપરાંત, સરકારે મુંબઈ માટે 238 વધારાના એસી ઉપનગરીય રેકને મંજૂરી આપી છે, અને ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જોકે, ટેકનોલોજી ભાગીદારો દ્વારા પ્રાપ્તિ સમયરેખાના મૂલ્યાંકનમાં જાણવા મળ્યું છે કે આ રેકની સીરીયલ ડિલિવરી લગભગ ત્રણ વર્ષ લેશે, જેમાં પ્રથમ રેક 2030 સુધીમાં ઉપલબ્ધ થશે અને સમગ્ર કાફલો 2034 સુધીમાં પૂર્ણ થશે.મુંબઈ ઉપનગરીય રેલ્વે શહેરની જીવનરેખા છે અને મુંબઈવાસીઓને શક્ય તેટલી વહેલી તકે એસી ટ્રેનોના લાભો પૂરા પાડવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ત્રણ રેલ્વે ઉત્પાદન એકમોમાં એકસાથે 238 રેકનું ઉત્પાદન કરીને કાર્યક્રમને વેગ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે:

ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF), ચેન્નાઈ
રેલ કોચ ફેક્ટરી (RCF), કપૂરથલા
મોર્ડન કોચ ફેક્ટરી (MCF), રાયબરેલી

આ સમાંતર ઉત્પાદન વ્યૂહરચના સાથે, 238 એસી રેકમાંથી પ્રથમ 2027 સુધીમાં ઉપલબ્ધ થવાની ધારણા છે, જેમાં સમગ્ર કાફલાને 2030 સુધીમાં ડિલિવરી કરવાનું લક્ષ્ય છે.

એમઆરવીસી વાડેકરના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિલાસ એસ.એ જણાવ્યું હતું કે, 'સુધારેલી વ્યૂહરચનાનો હેતુ એસી રેકના ઈન્ડક્શનને કમિશનિંગ સાથે સુમેળ કરવાનો છે. નવા કોરિડોર, વધારાની રેલ લાઈન અને અન્ય ક્ષમતા વધારનારા કાર્યો, જેનાથી મુંબઈની ઉપનગરીય રેલ સેવાઓમાં શક્ય તેટલી ઝડપથી નોંધપાત્ર સુધારો થશે. મુંબઈ લોકલ ફક્ત પરિવહનનું એક માધ્યમ નથી; તે મુંબઈની જીવનરેખા છે અને શહેરના રોજિંદા જીવનનો એક અભિન્ન ભાગ છે. તેથી, ઝડપી બાંધકામ વ્યૂહરચનાનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે એસી ઉપનગરીય મુસાફરીના ફાયદા મુંબઈકરોને ખૂબ વહેલા પહોંચે.

AXITA COTTON

**અક્ષીતા કોટન લિમિટેડ**

સીઆઈએન: એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯

રજીસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી, થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.

કોર્પોરેટ ઓફિસ: રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, સંકલ્પ ગ્રેસ ૩ ની સામે, ઈશાન બંગલોજ નજીક, શીલજ, અમદાવાદ- ૩૮૦૦૫૯, ગુજરાત, ભારત.

ટેલિફોન: +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલ: cs@axitacotton.com || વેબસાઈટ: www.axitacotton.com

**જુન 30, ૨૦૨૬ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક ગાળાના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકિય પરિણામોનો વિસ્તાર**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા, બુધવાર, ઓગસ્ટ ૧૨, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં, જુન ૩૦, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસીક ગાળાના કંપનીના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોને મંજૂરી આપવામાં આવી હતી. કંપની ના સ્ટેટુટરી ઓડિટર્સ દ્વારા આ ત્રિમાસીક ગાળાના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોની, સમયાંતરે સુધારવામાં આવેલ સેબીના (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમ ૩૩, અનુસાર સમીક્ષા કરવામાં આવેલ છે.

આ ત્રિમાસીક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ, ઓડીટર્સ રિપોર્ટ સાથે, કંપનીની વેબસાઇટ પર https://axitacotton.com/wp-content/uploads/2020/06/Regu-47-Q-1-FR-Newspaper-Publication-Disclosure-1.pdf પર ઉપલબ્ધ છે તથા બીએસઈ લિમિટેડની વેબસાઈટ પર www.bseindia.com, નેશનલ સ્ટોક એક્સચેંજ લિમિટેડની વેબસાઈટ www.nseindia.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ તે મેળવી શકાય છે.

અક્ષીતા કોટન લિમિટેડ માટે
સહી/-
નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ
ચેરમેન અને મેનેજીંગ ડાઈરેક્ટર
ડીઆઈએન: ૦૬૬૨૬૬૪૬

સ્થળ: કડી, મહેસાણા
તારીખ: ઓગસ્ટ ૧૨, ૨૦૨૬

નોંધ: ઉપરોક્ત સૂચના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ અને રેગ્યુલેશન ૪૭(૧) અનુસાર છે.

સિટી એક્સપ્રેસ
THURSDAY 13 AUGUST-2026
AHMEDABAD



## રેપિસ્ટ લંગડાતો-લંગડાતો આવ્યો ને કોર્ટમાં હાથ જોડી બેસી રહ્યો

અમદાવાદ | ગત 9 ઓગસ્ટ(2026)ના રોજ અમદાવાદના જોધપુરમાં સિક્યુરિટી ગાર્ડે ફ્લેટના ધાબા પર ઇન્ટિરિયર ડિઝાઈનર પર દુષ્કર્મ કર્યું હતું. આજે આરોપી ધર્મસિંહ રાઠોડને પોલીસે પાંચ દિવસના રીમાન્ડની માંગ સાથે અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યો હતો. આ દરમિયાન તે કોર્ટમાં લંગડાતો લંગડતો આવ્યો અને બે હાથ જોડીને સતત ગુમસુમ બેસી રહ્યો હતો.જોકે, કોર્ટે પોલીસની રીમાન્ડની અરજી ફગાવી આરોપીને જેલ ભેગો કરવા આદેશ કર્યો છે.

## પોલીસ કર્મચારી જ બુટલેગર બન્યો

અમદાવાદ | વસ્ત્રાપુર પોલીસે થલતેજ જીવનદીપ સર્કલ પાસેથી એક બિનવારસી ગાડીમાંથી 313 બોટલ દારૂ અને 102 બિયરના ટીન મળી કુલ રૂ.2.51 લાખનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ કરી હતી. તપાસ દરમિયાન આ જથ્થો ચીરાગ ચૌધરી લાવ્યો હોવાનું સામે આવતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. જોકે, આરોપીએ પોલીસ પૂછપરછમાં આ જથ્થો શહેર પોલીસના હાઈટેક પોલીસ કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ મંગાવ્યો હોવાની કબૂલાત કરી હતી.વસ્ત્રાપુર પોલીસને બાતમી મળી હતી કે, થલતેજમાં જીવનદિપ સર્કલ પાસે બિનવારસી ગાડીમાં દારૂનો જથ્થો પડ્યો છે.

# યુવક જે ક્રેન ચલાવતો તેના પર 32મા માળે ફાંસો ખાધો:અમદાવાદમાં 352 ફૂટ ઊંચી નિર્માણાધીન બિલ્ડિંગમાં સવાર સુધી મૃતદેહ લટક્યો



અમદાવાદ | અમદાવાદના એસજી હાઈવે પર નિરમા યુનિવર્સિટીની સામે નિર્માણાધીન ટ્રેમોન્ટ એડલીપ બિલ્ડિંગમાં 32મા માળે ક્રેનમાં લટકીને યુવકે ફાંસો ખાધો હતો. ગઈકાલે(11 ઓગસ્ટ) મોડી રાતથી સવાર સુધી મૃતદેહ લટકેલી હાલતમાં હતો. આસપાસના લોકોએ જણાવ્યું કે અમે સવારે આઠ વાગ્યે અહીં પહોંચ્યા ત્યારે આ યુવક લટકેલો જોવા મળ્યો હતો.352 ફૂટ ઊંચી નિર્માણાધીન બિલ્ડિંગમાં સવારના સાડા નવ વાગ્યા સુધી મૃતદેહ લટક્યો હતો. બાદમાં સાઈટ પર ક્રેનના સેફ્ટી ડિપાર્ટમેન્ટના લોકોએ મૃતદેહને નીચે ઉતાર્યો હતો.મૃતકનું નામ પ્રીતમસિંહ છે જેની ઉંમર 22 વર્ષ છે અને તે મૂળ ઝારખંડનો છે. યુવક છેલ્લા કેટલાય સમયથી સાઈટ પર ક્રેન ચલાવવાનું કામ કરતો હતો. આસપાસના લોકો જ્યારે સવારે આઠ વાગ્યે સાઈટ પર પહોંચ્યા ત્યારે આ યુવક ક્રેનમાં લટકેલો જોવા મળ્યો હતો. 352 ફૂટ ઊંચી નિર્માણાધીન બિલ્ડિંગમાં સવારના સાડા નવ વાગ્યા સુધી મૃતદેહ લટક્યા બાદ સાઈટ પર ક્રેનના સેફ્ટી ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ દ્વારા મૃતદેહને નીચે ઉતારવામાં આવ્યો હતો.મૃતકની ઓળખ પ્રીતમસિંહ તરીકે થઈ છે, જેની ઉંમર 22 વર્ષ હતી અને તે મૂળ ઝારખંડનો રહેવાસી હતો.

### મજૂરનો ફોન આવ્યો એટલે જાણ થઈ: પ્રોજેક્ટ એન્જિ.

પ્રોજેક્ટ એન્જિનિયર દર્શલ જોશીએ કહ્યું કે, હું ઘરે હતો, ત્યારે વહેલી સવારે એક મજૂરનો ફોન આવ્યો એટલે જાણ થઈ. પરિવારમાંથી તેના ભાઈએ કહ્યું કે થોડી ઈન્ટરનલ પ્રોબ્લેમ હોવાને કારણે તેને સુસાઈડ કર્યું હોઈ શકે.

### આત્મહત્યા કેમ કરી તેની તપાસ કરાશે: PI

સોલા પોલીસ સ્ટેશનના PI કે.એન. ભૂકણે જણાવ્યું કે યુવકે શા માટે આત્મહત્યા કરી તેની તપાસ કરાશે.

# એરપોર્ટ જેવી સુવિધા ધરાવતું અમદાવાદ બસપોર્ટનું ટર્મિનલ-2 તૈયાર









અમદાવાદ | અમદાવાદ ગીતામંદિર બસપોર્ટ પર હવે સૌરાષ્ટ્ર-કચ્છ અને અને ઉત્તર ગુજરાતના જિલ્લા માટે અલગ ટર્મિનલ-2 બનીને તૈયાર થઈ ગયું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે લોકાર્પણ કરાશે. બસપોર્ટના ટર્મિનલ-2 પરથી મુસાફરો આરામદાયક મુસાફરી કરી શકે તે તમામ બાબતોનું ખાસ ધ્યાન રખાયું છે. 13 ઓગસ્ટથી નવું ટર્મિનલ કાર્યરત થશે.

દરરોજ 1091 બસ અહીંથી ઉપડશે. ગીતામંદિર બસપોર્ટ પર ગુજરાતભરના મુસાફરોની અવરજવર રહે છે. ત્યારે બસપોર્ટ પર ભીડ ઓછી થાય અને મુસાફરો આરામથી મુસાફરી કરી શકે તે માટે ટર્મિનલ-2 તૈયાર કરાયું. હવે દક્ષિણ ગુજરાત તરફ જવા માટે ટર્મિનલ-1 પરથી બસો મળશે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં જવા માટે ટર્મિનલ-2 પરથી બસો મળશે.

## ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગ માટે 14 ઓગસ્ટે ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

અમદાવાદ | લાઈન ક્ષમતામાં વૃદ્ધિ થશે અને ટ્રેનોને સ્ટેશન પર લાઈન ક્લિયર/ટ્રેન આઉટ માટેની અનાવશ્યક પ્રતિક્ષાથી મળશે રાહત
14 ઓગસ્ટ 2026 (શુક્રવાર)ના રોજ અમદાવાદ મંડળના આંબલિયાસણ, જગુદણ, મહેસાણા અને ભાંડુ મોટીદાઉ સ્ટેશનો વચ્ચે રેલ પરિચાલનને વધુ બેહતર બનાવવા માટે ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના કમિશનિંગનું કાર્ય કરવામાં આવશે. આ સાથે અમદાવાદ-પાલનપુર રેલખંડના સંબંધિત ભાગમાં પણ સિગ્નલિંગ સંબંધિત કાર્ય કરવામાં આવશે.
ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ શરૂ થયા બાદ આ રેલખંડ પર ટ્રેનોના સંચાલનની ક્ષમતા વધશે. તેના પરિણામે ટ્રેનોને સ્ટેશનો પર બીજી ટ્રેન પસાર થવાની અથવા લાઈન ક્લિયર થવાની રાહ ઓછી જોવી પડશે અને મુસાફર તથા માલગાડીઓનું સંચાલન વધુ સુચારુ અને સરળ બની શકશે.
યાત્રીઓની સુવિધા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલીક ટ્રેનો રદ, આંશિક રીતે રદ કરવામાં અથવા પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવશે.

14 ઓગસ્ટ 2026ના રોજ સંપૂર્ણપણે રદ રહેનારી ટ્રેનો

ટ્રેન સંખ્યા 79433/79434 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ
ટ્રેન સંખ્યા 69207/69208 ગાંધીનગર કેપિટલ-વરેઠા-ગાંધીનગર કેપિટલ મેમુ
ટ્રેન સંખ્યા 79437/79438 મહેસાણા-આબુ રોડ-મહેસાણા ડેમુ
ટ્રેન સંખ્યા 79431/79432 સાબરમતી-મહેસાણા-સાબરમતી ડેમુ
ટ્રેન સંખ્યા 59509/59510 મહેસાણા-વીરમગામ-મહેસાણા પેસેન્જર
ટ્રેન સંખ્યા 59481/59482 મહેસાણા-ભીલડી-મહેસાણા પેસેન્જર
ટ્રેન સંખ્યા 59475/59476 મહેસાણા-પાટણ-મહેસાણા પેસેન્જર
ટ્રેન સંખ્યા 79435/79436 સાબરમતી-પાટણ-સાબરમતી ડેમુ
ટ્રેન સંખ્યા 59483/59484 મહેસાણા-પાટણ-મહેસાણા પેસેન્જર
ટ્રેન સંખ્યા 59511/59512 મહેસાણા-વીરમગામ-મહેસાણા પેસેન્જર

આંશિક રીતે રદ રહેનારી ટ્રેનો

ટ્રેન સંખ્યા 14822 (તારીખ: 14 ઓગસ્ટ 2026) / 14821 (તારીખ: 13 ઓગસ્ટ 2026) સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ, આબુ રોડ-સાબરમતી-આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
ટ્રેન સંખ્યા 20959/20960 (તારીખ: 14 ઓગસ્ટ 2026) વલસાડ-વડનગર-વલસાડ ઈન્ટરસિટી એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ-વડનગર-ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

પરિવર્તિત માર્ગ પરથી સંચાલિત થનારી ટ્રેનો

ટ્રેન સંખ્યા 20486 સાબરમતી-જૈસલમેર ઈન્ટરસિટી એક્સપ્રેસ, તારીખ 14.08.2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ વાયા સાબરમતી-કલોલ-મહેસાણાના બદલે પરિવર્તિત માર્ગ વાયા સાબરમતી-કલોલ-કટોસણ રોડ-મહેસાણા થઈને સંચાલિત થશે.
ટ્રેન સંખ્યા 04173 પ્રયાગરાજ-વેરાવળ સ્પેશિયલ, તારીખ 13.08.2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ વાયા પાલનપુર-મહેસાણા-વીરમગામના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-મહેસાણા-વીરમગામ થઈને સંચાલિત થશે.
ટ્રેન સંખ્યા 14807 જોધપુર-દાદર એક્સપ્રેસ, તારીખ 14.08.2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ વાયા મહેસાણા-કલોલ-સાબરમતીના બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-કટોસણ રોડ-કલોલ-સાબરમતી થઈને સંચાલિત થશે.
ટ્રેન સંખ્યા 19408 લાલગઢ-સાબરમતી એક્સપ્રેસ, તારીખ 13.08.2026ના રોજ તેના નિર્ધારિત માર્ગ વાયા મહેસાણા-કલોલ-સાબરમતીના બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-કટોસણ રોડ-કલોલ-સાબરમતી થઈને સંચાલિત થશે.

## મંજૂરી વિના સ્થળ ફેરફાર કરતી શ્યામ-ઘનશ્યામ સ્કૂલ પર DEOની તવાઈ : DEOએ બંને મેનેજમેન્ટ પાસે ખુલાસો માંગ્યો

અમદાવાદ | અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી (DEO) દ્વારા કેશવનગર વિસ્તારમાં મંજૂરી ધરાવતી શ્યામ હાઈસ્કૂલ અને ઘનશ્યામ પ્રાથમિક સ્કૂલ તેમજ અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન કેમ્પસના મેનેજમેન્ટને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. શિક્ષણ નિરીક્ષકની ટીમ દ્વારા હાથ ધરાયેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન શાળા દ્વારા વહીવટી તંત્રની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી વિના જ આખું કેમ્પસ અન્ય સ્થળે શિફ્ટ કરી દીધું હોવાનું સામે આવતાં આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.
મળતી માહિતી મુજબ, ઘનશ્યામ પ્રાથમિક અને શ્યામ હાઈસ્કૂલને કેશવનગરમાં શાળા ચલાવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવેલી છે. પરંતુ DEO કચેરીની ટીમે જ્યારે સરપ્રાઈઝ ચેકિંગ કર્યું ત્યારે મંજૂર થયેલા સ્થળે શાળા ચાલતી ન હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, શાળા સંચાલકોએ કોઈ પણ પરવાનગી લીધા વિના જ જુહાપુરા ખાતે આવેલી 'અમદાવાદ સ્કૂલ ઓફ એજ્યુકેશન'ના કેમ્પસમાં સ્થળ ફેરફાર કરી દીધો હતો.
અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, તપાસ અહેવાલ મુજબ આ શાળામાં પ્રાથમિક વિભાગના 173 અને માધ્યમિક વિભાગના 17 મળીને કુલ 190 જેટલા વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. તંત્રની મંજૂરી વગર જ અન્ય શાળાના કેમ્પસમાં ગેરકાયદેસર રીતે સ્થળ ફેરફાર કરવા બદલ શ્યામ ઘનશ્યામ સ્કૂલ અને જુહાપુરા સ્થિત શાળાના મેનેજમેન્ટ - બંને




પાસે તમામ આધાર-પુરાવા સાથે લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે. DEO તંત્રે સ્પષ્ટતા કરી છે કે બંને શાળાના સંચાલકો દ્વારા રજૂ કરવામાં આવનારા ખુલાસા અને દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
જો સંચાલકો સંતોષકારક ખુલાસો કે યોગ્ય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો નિયમોનુસાર શાળા સામે કડકમાં કડક કાયદાકીય અને વહીવટી સજ્જડ કાર્યવાહી કરવામાં આવશે.

## રાયપુર બિગ બજારથી સારંગપુર સુધી ભવ્ય તિરંગા યાત્રા : 300 ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે CM અને મોટી સંખ્યામાં લોકો જોડાયા

અમદાવાદ | વંદે માતરમના 150 વર્ષ પૂર્ણ થતાં અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા 12 ઓગસ્ટ 2026ના રોજ રાયપુર બિગ બજારથી સારંગપુર સુધી ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાંજે 5 કલાકે 300 ફૂટના તિરંગા સાથે આ યાત્રાનું પ્રસ્થાન કરાવશે. યાત્રા રાયપુર ચાર રસ્તા અને ખાડિયા ગેટ થઈ સારંગપુર ચાર રસ્તા ખાતે આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી પૂર્ણ થશે.

યાત્રાને પગલે ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરાયા છે. કાલુપુરથી સારંગપુર થઈ એલિસબ્રિજ તરફ જતી BRTS અને AMTS બસોને ડાઈવર્ટ કરાઈ છે, જ્યારે કાલુપુરથી આસ્ટોડિયા સુધીના તમામ BRTS સ્ટેન્ડ બંધ રહેશે. આ ઉપરાંત રાયપુર દરવાજાથી સારંગપુર, છબીલા હનુમાન, ખાડિયા ગેટ, બાલા હનુમાનથી સારંગપુર ચકલા, કાગડાપીઠ ટીથી આસ્ટોડિયા અને પારસી અગિયારીથી રાયપુર દરવાજા સુધીના માર્ગો વાહનો માટે બંધ રાખવામાં આવ્યા છે.

યાત્રાના રૂટ પર વિવિધ સ્થળોએ શણગાર તથા દેશભક્તિના માહોલને અનુરૂપ સજાવટ



કરાઈ છે. યાત્રાને વધુ ભવ્ય બનાવવા માટે રૂટ પર કુલ 11 સ્વાગત સ્ટેજ ઉભા કરાયા છે. આ ઉપરાંત વિવિધ સ્થળોએ દેશભક્તિના ગીતો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. AMCના થીમ આધારિત ટેબ્લો, સેલ્ફી કોર્નર તેમજ રીલ સ્પર્ધા પણ નાગરિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. નાગરિકોની સુવિધા માટે મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવશે. આ યાત્રામાં હોમગાર્ડ, પોલીસ બેન્ડ, ફાયર વિભાગના જવાનો, સ્કાઉટ બેન્ડ સાથેના વિદ્યાર્થીઓ અને શિક્ષકો, રમતવીરો, વિવિધ સમાજો અને સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાશે. યાત્રાનું ડિજિટલ માધ્યમથી પણ વ્યાપક પ્રસારણ કરવામાં આવશે.

## ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીને કરેલી સચોટ રજૂઆતનો ત્વરિત ઉકેલ આવ્યો : વિલંબથી પરેશાન પીડિત વેપારીઓનો પ્રશ્ન ઉકેલાયો

સુરત | સુરતની ટેક્સટાઈલ માર્કેટના પીડિત વેપારીઓ માટે ગાંધીનગર કાર્યાલય ખાતે મુલાકાતી દિવસે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાથેની મુલાકાત મહત્વની અને સંતોષકારક સાબિત થઈ છે. કાપડના ત્રણ વેપારીઓ સાથે રૂ. ૨૩.૫૦ લાખની આર્થિક છેતરપિંડી આચરી દોઢ વર્ષથી કાયદાની પકડથી ભાગતા-ફરતા 'ઝાઈદ ટેક્સટાઈલ્સ'ના માલિક મોહમદ ઝાકીરીયા સામે પીડિત વેપારીઓએ ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રીને રૂબરૂ મળીને રજૂઆત કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ અરજદારોની વ્યથા અત્યંત ગંભીરતાથી સાંભળીને સુરત ક્રાઈમ બ્રાન્ચને ત્વરિત અને કડક કાર્યવાહીના આદેશો આપ્યા હતા, જેના પરિણામે પોલીસે ગણતરીના દિવસોમાં જ આરોપીને ઝડપી પાડી વેપારીઓનો જટિલ પ્રશ્ન ક્ષણભરમાં ઉકેલી આપ્યો છે.

સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં વેપારીઓ સાથે નાણાકીય છેતરપિંડીના કિસ્સાઓ સામે રાજ્ય સરકાર અને સુરત પોલીસ અત્યંત કડક વલણ અપનાવી રહી છે. નાણાં હડપ કરી જતાં લેભાગુ તત્વો સામે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઝીરો ટોલરન્સ નીતિને પગલે વેપારીઓના પરસેવાની કમાણી લૂંટનારાઓ સામે કાર્યવાહી વધુ ઝડપી બની છે. આવા જ એક કિસ્સામાં કાપડના ત્રણ વેપારીઓ સાથે રૂ. ૨૩.૫૦ લાખની નાણાકીય છેતરપિંડી આચરનાર 'ઝાઈદ ટેક્સટાઈલ્સ'ના મોહમદ ઝાકીરીયા ગુલામ મોહમદ કાપડીયાને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી જેલહવાલે કર્યો છે.

બમરોલી સ્થિત હરિઓમ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી-૨ માં ગ્રે યાર્નનો વ્યવસાય કરતા મનીષકુમાર બાબુલાલ પટેલ (જય અંબિકા ટેક્સટાઈલ્સ), જય પટેલ (દેવ ટેક્સ) અને રોહિતભાઈ પટેલ (જય સધીમા ટેક્સટાઈલ્સ) સાથે આરોપી મોહમદ ઝાકીરીયાએ વર્ષ ૨૦૧૭થી વેપાર શરૂ કર્યો હતો. પ્રારંભમાં સમયસર પેમેન્ટ ચૂકવી વિશ્વાસ જીત્યા બાદ, વિશ્વાસઘાત કરીને ઉધારમાં ગ્રે-કાપડનો મોટો માલ મેળવી લીધો હતો. આરોપીએ મનીષકુમાર પટેલ સાથે રૂ.૧૩ લાખ, જય પટેલ સાથે રૂ.૩.૮૦ લાખ અને રોહિતભાઈ પટેલ સાથે રૂ.૬.૪૬ લાખ મળી કુલ રૂ.૨૩.૫૦ લાખનું ગ્રે યાર્ન ખરીદી પેમેન્ટ ચૂકવ્યા વગર આપેલા ચેક બેંકમાંથી બાઉન્સ થયા હતા. હકના નાણાં માગવા જતાં વેપારીઓને ધમકીઓ પણ આપવામાં આવી હતી. આ મામલે પીડિત વેપારી દ્વારા સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કોર્ટમાં કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે, આરોપી પોતાની દુકાનનું સરનામું બદલી કાયદાના સકંજાથી બચવા નાસતો ફરતો હતો અને કોર્ટ કાર્યવાહીમાં ગેરહાજર રહેતો હતો.

પોલીસ દ્વારા સતત તપાસ ચાલુ જ હતી, પરંતુ આરોપી વારંવાર પોતાના સ્થળ બદલતો હોવાથી પીડિત વેપારી મનીષકુમાર પટેલે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની રૂબરૂ મુલાકાત લઈ રજૂઆત કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ અરજદારની વાત અત્યંત ગંભીરતાથી સાંભળી તુરંત જ સુરત ડી.સી.પી. ક્રાઈમ બ્રાન્ચને કડક અને તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

નાયબ મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટ સૂચના મળતાં જ સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી (DCP) શ્રી બી.પી.રોજીયા અને તેમની ટીમે તપાસ તેજ બનાવીને માત્ર ૭ દિવસના ટૂંકા સમયગાળામાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી મોહમદ ઝાકીરીયાને ઝડપી પાડી કોર્ટ સમક્ષ રજૂ કરી જેલહવાલે કર્યો હતો.

ભારતીય રેલવે દ્વારા ગુજરાતના ગેરતપુર-અમદાવાદ સેક્શનમાં

## ₹153 કરોડના ખર્ચે 4-લેન રોડ ઓવરબ્રિજ (ROB) બનાવવાની મંજૂરી આપવામાં આવી છે

અમદાવાદ | ગુજરાતમાં માર્ગ વાહનવ્યવહારની સુરક્ષિત અને સરળ અવરજવર તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતાં ભારતીય રેલવેએ પશ્ચિમ રેલવેના ગેરતપુર-અમદાવાદ વિભાગમાં લેવલ ક્રોસિંગ નંબર 305 પર ચાર લેનના રોડ ઓવરબ્રિજ (ROB)ના નિર્માણને મંજૂરી આપી છે.આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે 153 કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. આ ROBના નિર્માણથી લેવલ ક્રોસિંગ પર ટ્રાફિકનું ભારણ ઘટશે અને વાહનચાલકોની અવરજવર વધુ સુરક્ષિત તથા સુગમ બનશે.આ પ્રોજેક્ટ પશ્ચિમ રેલવે દ્વારા ચાલી રહેલા વ્યાપક કાર્યના ભાગરૂપે મંજૂર કરવામાં આવ્યો છે. જેમાં રોડ ઓવરબ્રિજ અને રોડ અંડરબ્રિજનું નિર્માણ, ફૂટ ઓવરબ્રિજની સુવિધા, ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો તેમજ હાલના રોડ ઓવરબ્રિજ અને રોડ અંડરબ્રિજનું પુનર્નિર્માણ સામેલ છે : આ પુલ ગીચ વસ્તી ધરાવતા શહેરી વિસ્તારમાં સ્થિત છે તેના માટે લાંબા એપ્રોચ અને એક મોટા નિર્માણની જરૂરિયાત છે. .રેલવે પુલની કુલ લંબાઈ 106 મીટર રહેશે, જેમાં 53-53 મીટરના બે સંયુક્ત ગર્ડર સામેલ હશે. ત્યારબાદ 150 મીટર લાંબો વાયાડક્ટ બનાવવામાં આવશે. રેલવે એપ્રોચની લંબાઈ 595 મીટર રહેશે.મુસાફરો માટે સુરક્ષિત અને ઝડપી અવરજવર : નવા ઓવરબ્રિજના નિર્માણથી સડક ઉપયોગકર્તાઓને લેવલ ક્રોસિંગ પર રાહ જોવાની જરૂર નહીં પડે. આથી રેલવે લાઈન ઉપરથી વાહનોની અવરજવર 24 કલાક સતત અને અવિરત ચાલુ રહી શકશે.આ ઓવરબ્રિજથી વિસ્તારના માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઝડપી મુસાફરીનો લાભ મળશે તેમજ લેવલ ક્રોસિંગ પર થતી ટ્રાફિકની ભીડમાંથી રાહત મળશે.આ મંજૂરી સમગ્ર દેશમાં લેવલ ક્રોસિંગને દૂર કરવા, જાહેર સલામતીમાં સુધારો કરવા અને આધુનિક તથા કાર્યક્ષમ પરિવહન માળખાગત સુવિધાઓના નિર્માણ પ્રત્યે ભારતીય રેલવેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.